દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 5 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - 3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 January 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૬ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 5 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 January 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૬ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટુકડે-ટુકડે ગૅંગના ખાલિદ, ઈમામને જામીન નહીં

**જોકે દિલ્હી રમખાણ કેસમાં સુપ્રીમ કોર્ટે અન્ય પાંચ જણને શરતી જામીન આપ્યા**

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે ૨૦૨૦ના દિલ્હી રમખાણ કેસમાં ટુકડે-ટુકડે ગૅંગના ઉમર ખાલિદ અને શર્જીલ ઇમામને જામીન આપવાનો સોમવારે ઇનકાર કર્યો હતો, પરંતુ અન્ય પાંચ જણને શરતી જામીન આપ્યા હતા.

ન્યાયાધીશ અરવિંદ કુમાર અને ન્યાયાધીશ એન. વી. અંજારિયાની બૅન્ચે જણાવ્યું હતું કે ખાલિદ અને ઇમામની સામે 'ગેરકાયદે પ્રવૃત્તિ-વિરોધી ધારા' હેઠળ કેસ નોંધાયો છે. આ બન્ને ગુનેગાર સાક્ષીઓની ઊલટ-તપાસ બાદ અથવા એક વર્ષ પછી નવેસરથી જામીન અરજી કરી શકે છે. આ કેસના અન્ય ગુનેગારોની સરખામણીમાં આ બે જણની સામે નોંધાયેલા ગુના અલગ છે.

ઇશાન દિલ્હીમાં ૨૦૨૦ના ફેબ્રુઆરીમાં થયેલા રમખાણમાં ૫૩ જણ માર્યાં ગયાં હતાં અને ૭૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા.

ખાલિદ અને ઇમામે હવે જેલમાં જ રહેવું પડશે, પરંતુ ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા ઉર રહેમાન, મોહંમદ સલીમ ખાન અને શાદાબ અહેમદને જામીન અપાયા હતા. આમ છતાં, બૅન્ચે જામીન આપતી (જુઓ પાનું ૨) ▸▸

## જેલ જ જીવન: ઉમર ખાલિદ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ એક્ટિવિસ્ટ ઉમર ખાલિદે સોમવારે તેનાં ભાગીદાર બાનોજ્યોત્સનાને કહ્યું હતું કે વર્ષ ૨૦૨૦ના દિલ્હી રમખાણ ષડ્યંત્ર સંબંધિત કેસમાં અન્યોને જામીન મળી ગયા હોવાને કારણે હું રાહત અનુભવી રહ્યો છું અને હવે જેલ જ મારું જીવન છે.

સુપ્રીમ કોર્ટે સોમવારે એમ કહીને કેસને મામલે એક્ટિવિસ્ટ ઉમર ખાલિદ અને શર્જિલ ઈમામને જામીન આપવાનું નકારી કાઢ્યું હતું કે અન લૉ ફૂલ એક્ટિવિટિસ (પ્રિવેન્શન) ઍક્ટ અંતર્ગત આ બંને વિરુદ્ધ પ્રથમદર્શી કેસ છે. જોકે સુપ્રીમ કોર્ટે કેસને મામલે એક્ટિવિસ્ટ ગુલ્ફીશા ફાતિમા, મિરાન હૈદર, શિફા ઉરલ રહેમાન, મોહંમદ સલિમ ખાન અને શાદાબ અહમદને જામીન પર મુક્ત કર્યા હતા.

જેમને જામીન મળ્યા છે એ લોકો માટે હું ખુશ છું અને રાહત અનુભવી રહ્યો છું એમ જણાવતાં ખાલિદે કહ્યું હતું કે હવે જેલ જ મારું જીવન છે.

ફેબ્રુઆરી ૨૦૨૦માં ઈશાન દિલ્હીમાં થયેલાં રમખાણોમાં ૫૩ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૭૦૦ કરતાં પણ વધુ લોકો ઘાયલ થયા હતા. રમખાણને મામલે સાતે આરોપીની ઍન્ટિ-ટેરર યુએપીએ અંતર્ગત ધરપકડ કરવામાં આવી હતી. (એજન્સી)■

## ગાંધીનગરમાં ટાઈફોઈડથી એક બાળકીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે ટાઈફોઈડ રોગચાળો ફેલાતા તંત્ર દોડતું થયું છે. આ દરમિયાન એક બાળકીનું શંકાસ્પદ મોત નીપજતા ખળભળાટ મચી ગયો હતો. જ્યારે અન્ય બે બાળકોની હાલત ગંભીર હોવાનું બહાર આવ્યું હતું. મળતી માહિતી મુજબ ૧૫૨ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૫૦ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે (જુઓ પાનું ૨) ▸▸

## નહેરુને સોમનાથ મંદિરનાં નવનિર્માણમાં રસ નહોતો: મોદી

**વડા પ્રધાન ૧૧મીએ 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં ભાગ લેશે**

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આક્ષેપ કર્યો હતો કે દેશની સ્વતંત્રતા બાદ તે વખતના વડા પ્રધાન જવાહરલાલ નહેરુને સોમનાથ મંદિરના નવનિર્માણમાં કે તેના દ્વાર શ્રદ્ધાળુઓ માટે ફરી ખોલવામાં રસ નહોતો. સરદાર વલ્લભભાઇ પટેલના પ્રયાસથી આ મંદિરનું નવનિર્માણનું કાર્ય પૂરું થઇ શક્યું હતું.

વડા પ્રધાન ૧૧ જાન્યુઆરીએ 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેશે.

સૌરાષ્ટ્રના વેરાવળમાં અરબી સમુદ્રના કાંઠે આવેલા ભગવાન શિવને સમર્પિત સોમનાથ મંદિર ખાતે એક વર્ષ સુધી 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી થવાની છે.

સોમનાથ મંદિરમાં આઠથી અગિયાર જાન્યુઆરી (જુઓ પાનું ૨) ▸▸



**ચાંદી વેરાણી હાઈવેમાં:** ઉત્તર પ્રદેશના હાપુર જિલ્લામાં હાપુર દેહાત પોલીસ સ્ટેશન વિસ્તારમાં તત્રાપુર બાયપાસ પરના બુલંદશહરની નજીકના વ્યસ્ત ધોરીમાર્ગ પર વાહનમાંથી ચાંદી રસ્તા પર પડી હોવાની અફવા ફેલાતા લોકો ચાંદી 'લૂંટવા' હાઈવે પર મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને તેને લીધે વાહનવ્યવહાર ખોરવાયો હતો. પોલીસે આ ઘટનાની તપાસ હાથ ધરી હતી. ગઢમુક્તેશ્વરથી દિલ્હી જતી ટ્રકમાંથી સફેદ ધાતુ પડી હોવાના અહેવાલને લીધે તેને ચાંદી સમજીને 'લૂંટવા' લોકોના ટોળા જમા થયા હતા. ■

## હાથકડી સાથે માદુરોને ન્યૂ યૉર્કની કોર્ટમાં હાજર કરાયા




ન્યૂ યૉર્કની યુએસ ફેડરલ કોર્ટમાં રજૂ કરવા હૅલિકૉપ્ટરમાં લવાયેલા વેનેઝુએલાના 'અપહૃત' પ્રમુખ નિકોલસ માદુરો.

ન્યૂ યોર્ક: વેનેઝુએલાના પકડાયેલા પ્રમુખ નિકોલસ માદુરોને સોમવારે હાથકડી પહેરાવીને અમેરિકાની અદાલતમાં રજૂ કરાયા હતા અને તેમની સામે કેફી પદાર્થોને લગતા ત્રાસવાદનો આરોપ મૂકીને કાર્યવાહી શરૂ કરાઇ હતી. અમેરિકાની અદાલતમાં માદુરો અને તેમના પત્નીની સામેનો કેસ લાંબો સમય સુધી ચાલે એવી શક્યતા છે.

માદુરો દંપતીને બ્રુકલીન જેલમાંથી મેનહેટન કોર્ટહાઉસ ખાતે લવાયા હતા. રસપ્રદ વાત એ છે કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પર ૨૦૨૪માં બિઝનેસને લગતા (જુઓ પાનું ૨) ▸▸


## ખાલિદ, ઈમામને જામીન નહીં ને બળાત્કારી રામ રહીમને ૧૫ વાર પરોલ કેમ?: વિપક્ષોનો કકળાટ

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૦ના દિલ્હી રમખાણ ષડ્યંત્ર સંબંધિત કેસમાં એક્ટિવિસ્ટ ઉમર ખાલિદ અને શર્જિલ ઈમામને જામીન આપવાનું સુપ્રીમ કોર્ટે નકારી કાઢવા સામે વિપક્ષે સોમવારે સવાલ ઉઠાવ્યો હતો અને એ તરફ અંગૂલીનિર્દેશ કર્યો હતો કે બળાત્કારના આરોપી ગુરમીત રામ રહીમને અવારનવાર પેરોલ પર છોડવામાં આવી રહ્યો હોવાને મુદ્દે વિવાદ ભડકી ઉઠ્યો હતો.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં માર્ક્સવાદી પક્ષના સાંસદ જૉન બ્રિટાસે જણાવ્યું હતું કે ચોક્કસ વ્યક્તિની વાત આવે ત્યારે 'જામીન કાયદો છે, જેલ અપવાદ' એ નિયમ લાગુ કરવામાં આવતો નથી.

યુપીએપી અંતર્ગત પાંચ વર્ષ કરતા પણ વધુ સમય અગાઉ ધરપકડ કરાયેલા ઉમર ખાલિદ વિરુદ્ધ હજુ ખટલો (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પનું હવે પછીનું ટાર્ગેટ કયું?: ક્યુબા, કોલંબિયા કે ગ્રીનલેન્ડ?



વૉશિંગ્ટન ડીસી: શનિવારે દક્ષિણ અમેરિકા ખંડના દેશ વેનેઝુએલા પર હુમલો કરીને યુએસ સેનાએ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોનું અપહરણ કર્યું હતું, આ હુમલાને દુનિયાના ઘણાં દેશો વખોડી રહ્યા છે. જોકે હવે સવાલ એ છે કે ટ્રમ્પનું ટાર્ગેટ હવે કયો દેશ બનશે. ગ્રીનલેન્ડ, ક્યુબા કે કોલંબિયા.

અમેરિકાના પ્રમુખે વેનેઝુએલા પરના હુમલાના એક દિવસ પછી ગ્રીનલેન્ડ પર કબજાની માગણીનો પુનરોચ્ચાર કર્યો છે, ક્યુબા સરકારને ચેતવણી આપી છે અને કોલંબિયામાં લશ્કરી કાર્યવાહીની ધમકી આપી છે. ટ્રમ્પની નજર હવે ડેન્માર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ પર છે. ડેન્માર્કના વડા પ્રધાને ટ્રમ્પને ધમકી આપવાનું બંધ કરવાનું કહ્યું હતું, પરંતુ ટ્રમ્પને તેનાથી કોઈ ફરક પડ્યો હોય એવું લાગતું નથી, તેમણે ફરી એકવાર ગ્રીનલેન્ડ પર કબજો કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો. ડેન્માર્કના વડા પ્રધાને મેટ્ટે ફ્રેડરિકસે ટ્રમ્પને અપીલ કરી હતી કે તેઓ ગ્રીનલેન્ડ પર કબજો (જુઓ પાનું ૨) ▸▸

## મોદી જાણતા હતા કે હું ખુશ નથી, જલદી જ ટૅરિફ વધારીશ: ટ્રમ્પ

ન્યૂ યૉર્ક: ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાણતા હતા કે રશિયા પાસેથી ભારત ક્રૂડતેલ ખરીદતું હાવાને કારણે હું ખુશ નથી અને જલદી જ ટૅરિફ વધારીશ, એમ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું.

ફ્લોરિડાથી વૉશિંગ્ટન ડીસી જઈ રહેલા ટ્રમ્પે રવિવારે ઍર ફોર્સ વનના વિમાનમાં બેસતાં અગાઉ પત્રકારો સાતેની વાતચીત દરમિયાન આ નિવેદન કર્યું હતું. ભારત મને ખુશ કરવા માગતું હતું એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે મૂળભૂત રીતે મોદી સારા માણસ છે. મોદી જાણતા હતા કે હું ખુશ નથી અને મને ખુશ કરવો મહત્ત્વનું હતું એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે ભારત રશિયા સાથે વેપાર કરી શકે છે અને એ કારણે જલદી જ (જુઓ પાનું ૨) ▸▸



**સૌથી મોટું શિવલિંગ:**
બિહારના ગોપાલગંજ જિલ્લામાં તૈયાર થઈ રહેલા વિરાટ-રામાયણ મંદિર ખાતે પ્રસ્થાપિત કરવા તમિળનાડુથી બિહાર લવાયેલું વિશ્વનું સૌથી મોટું શિવલિંગ. આ શિવલિંગ ૩૩ ફૂટ ઊંચું અને ૨૧૦ ટનનું છે. તેને તમિળનાડુથી બિહારના ગોપાલગંજ સુધીના અંદાજે ૨,૫૦૦ કિલોમીટર સુધીના પ્રવાસ માટે આશરે ૪૫ દિવસ લાગ્યા હતા. તમિળનાડુના મહાબલીપુરમ ખાતે આ શિવલિંગ તૈયાર કરાયું હતું. (પીટીઆઇ)

## ઈરાનના સુપ્રીમ લીડર ખામેની દેશ છોડીને ભાગવાની ફિરાકમાં

તહેરાન: ઈરાનમાં સતત વધી રહેલા વિરોધ પ્રદર્શનના ૧૫થી વધુ લોકોના મોત થયા છે. તેમજ અમેરિકાના વેનેઝુએલા પરના હુમલા બાદ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનમાં પણ હસ્તક્ષેપ કરવાની ધમકી આપી છે. ત્યારે એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ઈરાનના સુપ્રીમ લીડર અયતુલ્લા અલી ખામેની દેશ છોડીને ભાગવાની યોજના બનાવી રહ્યા છે. ખામેની પાસે આ અંગે એક બેકઅપ પ્લાન પણ તૈયાર છે. આ અંગે રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ખામેની તેમના ૨૦ સહયોગી અને પરિવાર સાથે ઈરાન છોડી દેવાની ફિરાકમાં છે. તેમજ દાવો કરવામાં આવ્યો છે કે ખામેની (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાના ઉપપ્રમુખના ઘરની બારીનો કાચ હથોડીથી તોડીને ઘૂસવાનો પ્રયાસ



સિનસિનાટી (અમેરિકા): અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વૅન્સના ઓહાયોમાંના ઘરની બારી હથોડીથી તોડીને અંદર ઘૂસવાનો પ્રયાસ કરનારા માણસની સિક્રેટ સર્વિસ એજન્ટ્સે સોમવારે અટક કરી હતી. પૂર્વ સિનસિનાટીમાં વૅન્સના ઘર ખાતે સિક્રેટ સર્વિસ એજન્ટ્સને મધરાત બાદ મોટો અવાજ સંભળાયો હતો અને જોયું હતું કે એક માણસ હથોડીથી બારી તોડીને ઘરમાં ઘૂસવા પ્રયત્ન કરતો હતો. પકડાયેલા ઘૂસણખોરનું નામ જાહેર નથી કરાયું. તેણે સિક્રેટ (જુઓ પાનું ૨) ▸▸

## પુતિનના ઘરને નહોતું બનાવાયું લક્ષ્ય : ટ્રમ્પ

એરફોર્સ વન: ક્રેમલિનના દાવાને નકારી કાઢતા કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શરૂઆતમાં ઊંડી ચિંતા સાથે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકા અધિકારીઓ એવા તારણ પર પહોંચ્યા છે કે યુક્રેન દ્વારા ગયા અઠવાડિયે ડ્રોન હુમલામાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાનને નિશાન બનાવવામાં આવ્યું ન હતું.

રશિયન વિદેશ પ્રધાન સેર્ગેઈ લાવરોવે ગયા અઠવાડિયે કહ્યું હતું કે યુક્રેને ઉત્તરપશ્ચિમ નોવગોરોડ ક્ષેત્રમાં પુતિનના રાષ્ટ્રીય નિવાસસ્થાન પર ડ્રોનનો મારો કર્યો હતો જેને રશિયન સંરક્ષણ પ્રણાલીઓ તોડવા સક્ષમ હતી. લાવરોવે યુદ્ધને સમાપ્ત કરવા માટે સઘન વાટાઘાટોના સમયે હુમલો કરવા બદલ કીવની ટીકા કરી હતી.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી અમેરિકી વહીવટીતંત્રની હજુ પણ વિકસિત ૨૦-પોઇન્ટ યોજના પર ટ્રમ્પ સાથે વાટાઘાટો માટે ફ્લોરિડા ગયાના એક દિવસ પછી જ આ આરોપ આવ્યો હતો. ઝેલેન્સકીએ ક્રેમલિનના આરોપને ઝડપથી નકારી કાઢ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે પુતિનના નિવાસસ્થાન નજીકમાં કંઈક બન્યું હતું, પરંતુ અમેરિકન અધિકારીઓને એવું જાણવા મળ્યું નથી કે રશિયન પ્રમુખના નિવાસસ્થાનને નિશાન બનાવવામાં આવ્યું હતું. મને નથી લાગતું કે તે હુમલો થયો હતો, તેવું ટ્રમ્પે રવિવારે ફ્લોરિડામાં પોતાના ઘરે બે અઠવાડિયા ગાળ્યા પછી વોશિંગ્ટન પાછા ફરતા પત્રકારોને કહ્યું.

યુરોપિયન અધિકારીઓએ દલીલ કરી હતી કે રશિયન દાવો મોસ્કો દ્વારા શાંતિ પ્રયાસને નબળી પાડવાના પ્રયાસ સિવાય બીજું કંઈ નથી, તે પછી ટ્રમ્પે અમેરિકાના નિર્ણયની જાણ કરી હતી. ■



**ગૅસના કૂવામાં આગ, ચાર કિ.મી.નો વિસ્તાર ખાલી કરાવાયો**

આંધ્ર પ્રદેશના ડૉ. બી. આર. આંબેડકર કોનાસીમા જિલ્લામાં ઓએનજીસીના પ્રોડક્શન કૉન્ટ્રેક્ટર દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કૂવા ખાતે ગૅસ ગળતર બાદ લાગેલી આગમાંથી નીકળતો ધુમાડો. જોકે કોઈ જાનહાનિના સમાચાર નથી. અલબત્ત, આસપાસના ચાર કિલોમીટરના વિસ્તારમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. મહારત્ન કંપનીના એક અધિકારીએ જણાવ્યું કે પ્રારંભિક માહિતી અનુસાર કોઈપણ જાનહાનિ કે ઘાયલ થયાના કોઈ અહેવાલ નથી. તેમણે કહ્યું કે ગેસ લીકેજ અને ત્યારબાદ આગ લાગવાને પગલે રાજમુંદરીથી ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન(ઓએનજીસી)ના વરિષ્ઠ અધિકારીઓ મોરી ગામ દોડી આવ્યા હતા. અધિકારીએ વધુમાં જણાવ્યું કે આ આગ મોરી-પાંચ કૂવામાં ગેસ પાઈપલાઈન લીક થવાને કારણે લાગી હતી. (એજન્સી)■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ખાલિદ-શર્જીલને જામીનનો ઈનકાર, ભારત અમેરિકાનું તાબેદાર નથી

**ન્યૂ યોર્કના** નવાસવા મેયર બનેલા ઝોહરાન મમદાની અને અમેરિકાના ૮ સાંસદને જેના પર બહુ હેત ઊભરાયેલું એવા ઉમર ખાલિદની જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દઈને એક સ્પષ્ટ મેસેજ આપી દીધો કે, ભારત કોઈનું તાબેદાર નથી ને ભારતની ન્યાયિક પ્રક્રિયા કોઈના દબાણ હેઠળ ચાલતી નથી. મમદાની કે અમેરિકાના બીજા રાજકારણીઓને પોતાના રાજકીય સ્વાર્થ માટે ખાલિદ પર પ્રેમ ઊભરાતો હોય તો ભલે ઊભરાતો પણ ભારતના ન્યાયતંત્રને કોઈના કહેવાથી કોઈ ફરક પડતો નથી.

ઉત્તર-પૂર્વ દિલ્હીમાં ૨૦૨૦માં થયેલાં રમખાણોમાં ૫૩ લોકો માર્યા ગયાં હતાં અને ૨૫૦થી વધુ ઘાયલ થયા હતા. દિલ્હી રમખાણોના આરોપી ખાલિદની સાથે બીજો વિદ્યાર્થી નેતા શર્જીલ ઈમામ પણ લાંબા સમયથી જેલની હવા ખાય છે. ઉમર ખાલિદ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૦થી જેલમાં છે તેથી તેના જેલવાસને ૫ વર્ષ ને ૩ મહિના થઈ ગયા જ્યારે શર્જીલ ઇમામની તો રમખાણોના ૬ અઠવાડિયા પહેલાં ૨૮ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ધરપકડ કરવામાં આવી હતી એ જોતાં આ મહિને શર્જીલ તો જેલવાસના છ વર્ષ પૂરાં કરી નાંખશે. સુપ્રીમ કોર્ટે શર્જીલની જામીન અરજી પણ ફગાવી દીધી છે પણ તેમની સાથે જ જેલમાં તળિયાં તપાવતા બીજા પાંચને કોર્ટે જામીન આપી દેતાં તેમની મુક્તિનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ તમામ સામે અનલોફુલ એક્ટિવિટિઝ (પ્રીવેન્શન) એક્ટ (યુએપીએ) અને ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી)ની અલગ અલગ કલમો હેઠળ કેસ નોંધાયેલા છે.

આ સાતેય લોકોએ દિલ્હી હાઈ કોર્ટે જામીન અરજી ફગાવી એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા ઉર રહેમાન, મોહમ્મદ સલીમ ખાન અને શાદાબ અહેમદને ૧૨ શરતો સાથે જામીન આપ્યા ખાલિદ અને શર્જીલ પર રહેમ નથી બતાવી. બલકે વધારે સખ્તાઈ બતાવી છે કેમ કે કોર્ટે ફરમાન કર્યું છે કે ઉમર અને શર્જીલ આ કેસમાં એક વર્ષ સુધી જામીન અરજી કરી શકશે નહીં. મતલબ કે, શર્જીલ અને ખાલિદ બંનેનું ૨૦૨૬નું વર્ષ તિહાર જેલમાં જૂના ભાઈબંધો સાથે જ વિતશે.

ખાલિદ, શર્જીલ બંને દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થી નેતા હતા. ૨૦૨૦માં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) લાવી ત્યારે જેએનયુ તેના વિરોધમાં એપીસેન્ટર બનેલું. કેન્દ્ર સરકાર નેશનલ સિટિઝન રજિસ્ટર (એનસીઆર) લાવીને મુસ્લિમોની નાગરિકતા છિનવી લેવાની ગંદી રમત રમી રહી છે એવો કુપ્રચાર એ વખતે જોરશોરથી ચલાવાયો હતો. તેની સામે આંદોલન શરૂ થયું એ વખતે જ યોગાનુયોગ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ભારતમાં પધરામણી થવાની હતી.

ડોનલ્ડ ટ્રમ્પની ભારત યાત્રા વખતે જ દેશભરમાં તોફાનો ભડકે તો આંતરરાષ્ટ્રીય મીડિયાનું ધ્યાન ભારત તરફ ખેંચાય અને સિટિઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ)ના મુદ્દાને વૈશ્વિક સ્તરે ઉઠાવી શકાય એ ગણતરીથી ખાલિદ, શર્જીલ સહિત આણિ મંડળીએ દેશભરમાં રમખાણો કરાવવાનો કારસો ઘડેલો. દેશમાં બીજે ક્યાંય તો આ ગેંગ ફાવી નહીં પણ દિલ્હીમાં હિંસા ફાટી નિકળી તેમાં ૫૩ લોકો માર્યા ગયેલાં અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. રમખાણો બદલ ૭૫૦થી વધુ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

શર્જીલ પહેલેથી જેલમાં હતો જ તેથી રમખાણોની તપાસમાં સૌથી પહેલો એ જ ઝપટે ચડી ગયેલો. પોલીસે તેના છેડા ક્યાં ક્યાં પહોંચે છે તેની તપાસ કરી તેમાં ઉમર ખાલિદ સહિતના આરોપીઓનાં નામ ખૂલ્યાં એટલે એક પછી એક બધાંને ઉઠાવીને જેલમાં નાખી દેવાયેલા. યુએપીએ હેઠળ કેસ નોંધાયા હોવાથી બહુ હવાતિયાં માર્યા પછીય છૂટ્યા નહોતા ને સુપ્રીમ કોર્ટ છેલ્લો આરો હતો. ખાલિદ અને શર્જીલ માટે તો આ છેલ્લી આશા પણ કમ સે કમ એક વર્ષ લગી તો સમાપ્ત જ થઈ ગઈ છે. હવે આવતા વરસે જામીન અરજી કરે ને એ વખતે જજ સાહેબને દયા આવી જાય તો ઠીક, બાકી જય તિહાર.

સુપ્રીમ કોર્ટે આ કેસમાં કેટલાંક મહત્ત્વનાં અવલોકનો પણ કર્યાં છે. આરોપીઓની દલીલ હતી કે, કેસ ચલાવ્યા વિના લાંબા સમય સુધી જેલમાં રાખવા એ ભારતીય બંધારણની કલમ ૨૧ હેઠળ અપાયેલા જીવન જીવવાની આઝાદીના મૂળભૂત અધિકારનો ભંગ કરે છે. સુપ્રીમ કોર્ટે આ દલીલ સ્વીકારી નથી. ઊલટાનું આરોપીઓ સામે કાવતરાના મજબૂત પુરાવા હોવાનું સ્વીકાર્યું છે.

દિલ્હી પોલીસે જામીન અરજીઓનો વિરોધ કરતાં કહેલું કે, સુનાવણીમાં વિલંબ માટે આરોપીઓ પોતે જવાબદાર છે કેમ કે તેમણે સહકાર ના આપ્યો. તપાસમાં સહકાર આપ્યો હોત તો કેસ બે વર્ષમાં પૂરો થઈ ગયો હોત. પોલીસે તો ખાલિદ સહિતના આરોપીઓ સામે આતંકવાદને લગતી કલમો લગાવી હતી. સુપ્રીમ કોર્ટે આ માન્ય નથી રાખ્યું પણ બંનેને મુખ્ય કાવતરાખોર તરીકે સ્વીકાર્યા છે. સુપ્રીમ કોર્ટે એ પણ સ્વીકાર્યું છે કે, ઉમર ખાલિદ અને શર્જીલે કાવતરું ઘડ્યું હોવાના મજબૂત પુરાવા છે એ જોતાં ખાલિદ અને શરજીલ બંનેને આ કેસમાં સજા થવાની શક્યતા પણ પ્રબળ બની ગઈ છે.

સુપ્રીમ કોર્ટે કાયદાકીય બાબતોના આધારે ચુકાદો આપ્યો છે તેથી એ વિશે કોઈ કોમેન્ટ કરવી યોગ્ય નથી પણ આ ચુકાદાએ સુપ્રીમ કોર્ટને શરમજનક સ્થિતિમાં મૂકાતી બચાવી લીધી છે. ખાલિદ સહિતની જામીન અરજીઓની સુનાવણી પહેલાં ઝોહરાન મમદાનીએ તેને લાંબા સમયથી જેલમાં બંધ રખાયો છે એ અંગે ખરખરો કરેલો. એ પછી અમેરિકાના ૮ સાંસદો મેદાનમાં આવી ગયા અને અમેરિકાના ખાતેના ભારતીય રાજદૂત વિનય મોહન કવાત્રાને પત્ર લખીને ખાલિદ સહિતના આરોપીઓને તાત્કાલિક જેલમાંથી છોડવા અપીલ કરતો પત્ર ફટકારી દીધેલો. ઈલહાન ઉમર, રશિદા તલૈબ, પ્રમિલા જયપાલ, જિમ મેકગવર્ન, જેમી રસ્કિન, ક્રિસ વાન હૌલેન, જાન સ્કેવોસ્કી અને લોયડ ડોગેટ્ટે ખાલિદ નિર્દોષ હોવાની રેકર્ડ વગાડીને તેને તાત્કાલિક મુક્ત કરવા માટે ભારત સરકારને અપીલ કરી હતી.

આ આખો ડ્રામા સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પહેલાં થયો તેનો અર્થ સ્પષ્ટ હતો કે, પ્રેશર ટેક્ટિકના ભાગરૂપે આ પત્ર લખાયો છે. સદનસીબે સુપ્રીમ કોર્ટ એવા કોઈ દબાણમાં આવી નથી. ઊલટાનું આ લેટર બૂમરેંગ થયો અને ખાલિદ-શર્જીલને બરાબરનો બૂચ વાગી ગયો. સુપ્રીમ કોર્ટે જેમને જામીન મળી શકે તેમ હતા તેમને જામીન આપી દીધા ને ખાલિદ-શર્જીલને અંદર જ રાખીને મેરિટના આધારે જ નિર્ણય લીધો છે પણ ખાલિદ-શર્જીલને પણ જામીન મળ્યા હોત તો એવી છાપ ઊભી થઈ હોત કે, અમેરિકાના સાંસદોના દબાણમાં બંને છૂટી ગયા. સુપ્રીમ કોર્ટે એવી છાપ ના પડવા દઈને ભારતીય ન્યાયતંત્રની આબરૂ બચાવી લીધી અને અમેરિકાના સાંસદોને પણ અહેસાસ કરાવી દીધો કે, ભારતની આંતરિક બાબતોમાં કડછો મારવાની ગમે તેટલી ખંજવાળ હોય પણ અહીં મેળ પડવાનો નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, મંગળવાર, તા. ૬–૧–૨૦૨૬, સંકષ્ટ ચતુર્થી– અંગારકી

- ભારતીય દિનાંક ૧૬, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ–૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ–૩
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૨–૧૭ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૨–૧૭ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૭, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૩–૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૧ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૮–૧૪, રાત્રે ક. ૧૯–૫૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – તૃતીયા. શ્રી દયાનંદગિરિ, ગુરુ બ્રહ્મગિરિ યાને શ્રી મુંડિયા સ્વામી પુણ્યતિથિ, ચતુર્થી ક્ષય તિથિ છે. સંકષ્ટ ચતુર્થી– અંગારકી ચંદ્રોદય ૨૧–૨૧, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮–૦૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, સંકષ્ટ ચતુર્થી નિત્ય વ્રત–ઉપવાસ, વિશેષરૂપે શ્રી ગણેશપૂજા, ચંદ્રોદય સમયે ચંદ્રદેવતાનું દર્શન અને પૂજન, શ્રી ગણેશને ચુરમાના લાડુનું નૈવેદ્ય અર્પણ, ચંદ્રોદય પછી એકટાણાંનું ભોજન, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજા, અભિષેક.
- આચમનઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના, સૂર્ય–શુક્ર યુતિ લાગણીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, સૂર્ય–શુક્ર યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ–ધનુ, માર્ગી બુધ–ધનુ (બુધ અસ્ત), વક્રી ગુરુ–મિથુન, શુક્ર–ધનુ (શુક્ર અસ્ત), માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## આસામમાં ૫.૧ના ભૂકંપથી ગભરાટ

ગુવાહાટીઃ આજે સોમવારે વહેલી સવારે આસામ અને ઈશાન ભારતના કેટલાક વિસ્તારોની ધરતી ધ્રૂજી ઊઠી હતી. અહેવાલ મુજબ આસામમાં સવારે ૪:૧૭ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૫.૧ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

માહિતી મુજબ ભૂકંપનું કેન્દ્રબિંદુ ૨૬.૩૭ઓ ઉત્તર અક્ષાંશ અને ૯૨.૨૯ઓ પૂર્વ રેખાંશ પર આસામના મોરીગાંવ જિલ્લા નજીક નોંધાયું છે. એક્સ પર એનસીએસે કરેલી એક પોસ્ટમાં જણાવવામાં આવ્યું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ ૫૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. આસામમાં તમામ વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. કડકડતી ઠંડી અને ગાઢ ધુમ્મસ છતાં લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતાં. જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ નથી. લોકો ગભરાટનો માહોલ છે, ભૂકંપ બાદ હજુ પણ આંચકા આવવાની શક્યતા છે. અધિકારીઓએ લોકોને સતર્ક રહેવા કહ્યું છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા મુજબ અરુણાચલ પ્રદેશ, મેઘાલય અને નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં પણ આંચકા અનુભવાયા હતા. મધ્ય-પૂર્વીય ભુતાન, ચીનના કેટલાક ભાગો અને બાંગ્લાદેશ પણ પણ આંચકા અનુભવાયા હતાં. ■

## એસઆઈઆર અમાનવીય, કોર્ટમાં જઈશઃ મમતા

પશ્ચિમ બંગાળઃ રાજ્યમાં અમાનવીય રીતે હાથ ધરવામાં આવી રહેલાં મતદાર યાદીના એસઆઈઆર (સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન) વિરુદ્ધ કોર્ટમાં જઈશું, એમ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સોમવારે કહ્યું હતું. દક્ષિણ ૨૪ પરગણામાં સાગર આઈલૅન્ડ ખાતે એક જાહેર સભાને સંબોધન કરતાં મમતા બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે ડર, હેરાનગતિ અને વહીવટી આપખુદીને કારણે એસઆઈઆરની કવાયત દરમિયાન અનેક લોકોનાં મૃત્યુ થયાં છે તો અનેક લોકોને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી છે. મંગળવારે આ મામલે અમે કોર્ટમાં જઈશુ. હું પણ તાલીમ પામેલી વકીલ છું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## અમેરિકામાં નીકિતાના હત્યારાને સખત સજા કરોઃ પિતાની માગણી

### ભારતીય યુવતીનો મૃતદેહ તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડના ઘરેથી મળી આવ્યો હતો

લાસ વેગાસ/ન્યૂ યોર્કઃ ગયા અઠવાડિયે ગુમ થયેલી ૨૭ વર્ષીય ભારતીય મહિલા મૃત હાલતમાં મળી આવી અને પોલીસ તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડને શોધી રહી છે, આરોપ લગાવ્યો કે તેણે તેની હત્યા કરીને ભારત ભાગી ગયો.

એલિકોટ સિટીની નિકિતા ગોદિશાલા બે જાન્યુઆરીએ ગુમ થઈ ગઈ હતી. હોવર્ડ કાઉન્ટી પોલીસે રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે કોલંબિયા, મેરીલેન્ડમાં તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ ૨૬ વર્ષીય અર્જુન શર્માના એપાર્ટમેન્ટમાં છરાના ઘા સાથે મૃત હાલતમાં મળી આવી હતી. નિકિતાના પિતા આનંદ ગોદીશાલાએ દીકરીના હત્યારા માટે સખત સજાની માગણી કરી હતી.

વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તે નિકિતાના પરિવાર સાથે સંપર્કમાં છે અને શક્ય તમામ કોન્સ્યુલર સહાય પૂરી પાડી રહી છે. દૂતાવાસ સ્થાનિક અધિકારીઓ સાથે પણ આ મામલાને અનુસરી રહ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શર્માએ ગુમ થયેલી નિકિતાની પોલીસને જાણ કરી હતી અને કહ્યું હતું કે તેણે છેલ્લે ૩૧ ડિસેમ્બરે મૅરિલેન્ડ શહેરમાં આવેલા તેના એપાર્ટમેન્ટમાં નિકિતાને જોઇ હતી.■

## પ્રજામત

### ‘જીત જિંદગીમાં’

આંખોમાંની...રોશની ઘડીભર સ્થિર થઈ ગઈ...
શ્વાસોચ્છવાસની ધડકન ઘડીભર થોડી મંદ થઈ ગઈ...
શરીર ચેતન તો હતું...
જાણે થોડી થોડી ગતિ મંદ મંદ થતી રહી...
આવી રહી હતી કોઈ...મુસીબત જિંદગીની કસોટી લેવા...
દિલને એહસાસ થતો રહ્યો...મનમાં તેના વિચારો ફરી રહ્યાં...
આવી જ ગઈ છે... તે તો પછી સામનો પણ કરવો જ રહ્યો...
ક્યાં જિંદગીની જાગીર કોઈની સદાયની છે?
આજે તમારી તો પછી મારી...બધાયની વારી છે...
આ પણ ક્ષણ ટળી જશે...બસ...હિંમતે ખુદા છે...
જિંદગી તો છે જિંદાદિલીનું નામ... કેમેય કરી હાંસલ કરવી રહી...
જીત તો છે...આત્મવિશ્વાસની...ખુદની બહાદુરીની...
જીત આજે મારી છે... તો કાલે તમારી છે...

– હર્ષદ દડિયા, ઘાટકોપર

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

## અમેરિકામાં અકસ્માતમાં આંધ્ર પ્રદેશના દંપતીનું મોત

પાલાકોલ્લુઃ અમેરિકામાં સ્થાયી થયેલા આંધ્ર પ્રદેશના એક દંપતીનું વોશિંગ્ટનમાં એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું છે. આ જાણકારી એક પોલીસ અધિકારીએ સોમવારે આપી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર પાલાકોલ્લુના રહેવાસી કૃષ્ણા કિશોર(૪૯) ૧૯૯૯માં અમેરિકા ગયા હતા. તેમણે કાકીનાડાની રહેવાસી આશા(૪૫) સાથે લગ્ન કર્યા હતા. જે પહેલાથી જ ત્યાં સ્થાયી થઇ ગઇ હતી. અધિકારીએ જણાવ્યું કે અમેરિકામાં રહેતા દંપતી કિશોર અને આશાનું રવિવારે વોશિંગ્ટનમાં એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું છે. જેના કારણે પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં વસતા તેમના પરિવારો આઘાતમાં છે. કિશોરના પિતા પુરુષોત્તમની દૃષ્ટિ નબળી છે અને તેમની માતા આજે પણ પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં રહે છે. પોલીસના જણાવ્યા અનુસાર દંપતીને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. જ્યારે કિશોરની બહેન પણ અમેરિકામાં સ્થાયી થયેલી છે. આ દંપતી તાજેતરમાં જ તેમના મૂળ વતનની મુલાકાત લઇને અમેરિકા પરત ફર્યું હતું. ■

## ભારતે ચીની નાગરિકો માટે નવા ઇ-બિઝનેસ વિઝા શરૂ કર્યા

બેઇજિંગઃ ભારતે ચીની નાગરિકો માટે નવા ઇ-બિઝનેસ વિઝા શરૂ કર્યા છે. ભારતે ઇ-બીઝ વીઝા નામનો ઇ-પ્રોડક્શન ઇન્વેસ્ટમેન્ટ બિઝનેસ વિઝા શરૂ કર્યો છે. ચીની ઉદ્યોગપતિઓ ચોક્કસ વ્યવસાયિક પ્રવૃત્તિઓ માટે ભારત આવવા માટે અરજી કરી શકે છે. જેમાં ઇક્વિપમેન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગનો સમાવેશ થાય છે.ભારતીય દૂતાવાસની વેબસાઇટ પર એક નવી એડવાઇઝરીમાં જણાવાયું છે કે પહેલી જાન્યુઆરીથી શરૂ કરવામાં આવેલા ઇ-બીઝ વિઝા માટે દૂતાવાસ કે એજન્ટની મુલાકાત લીધા વિના ઓનલાઇન અરજી કરી શકાય છે. ભારતની મુલાકાત લેવા માટે બિઝનેસ વિઝાની વધતી માંગને ધ્યાનમાં રાખીને આ નવા વિઝા શરૂ કરવામાં આવ્યા છે. એડવાઇઝરી અનુસાર આ વિઝા ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ, ક્વાલિટી ચેક અને જરૂરી મેઇન્ટેનન્સ, પ્રોડક્શન, આઇટી અને ઇઆરપી રેમ્પ-અપ, ટ્રેનિંગ, વેન્ડર્સને પેનલમાં સામેલ કરવા માટે સપ્લાય ચેન ડેવલપમેન્ટ, પ્લાન્ટ ડિઝાઇન અને સેટઅપ, સિનિયર મેનેજમેન્ટ અને એક્ઝિક્યુટિવ્સ માટે અરજી કરી શકાય છે. ■

## નાઈજીરિયામાં કોકેન સાથે બાવીસ ભારતીયની ધરપકડ

અબુજાઃ નાઇજીરિયાની ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સીએ લાગોસ બંદર પર એક વેપારી જહાજમાંથી ૩૧.૫ કિલો કોકેન જપ્ત કર્યું છે. આ કેસમાં બાવીસ ભારતીય ક્રૂ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના નાઇજીરિયામાં ડ્રગ્સની હેરાફેરીના વધતા કેસોને ઉજાગર કરે છે. નાઇજીરિયન વેબ પોર્ટલ પંચ અનુસાર નેશનલ ડ્રગ્સ લો એન્ફોર્સમેન્ટ એજન્સી(એનડીએલઇએ)એ જણાવ્યું કે લાગોસના અપાપા બંદર ખાતે જીડીએનએલ ટર્મિનલ પર ઓપરેટિવ્સે શુક્રવારે ડ્રગ્સ જપ્ત કર્યું હતું. અહેવાલો અનુસાર એજન્સીના મીડિયા અને એડવોકેસી ડિરેક્ટર ફેમી બાબાફેમીએ એક નિવેદનમાં જણાવ્યું કે માર્શલ ટાપુઓથી આવેલા જહાજના હેચ થ્રીમાંથી ૩૧.૫ કિલોગ્રામ કોકેન મળી આવ્યાના સંદર્ભમાં ધરપકડ કરાયેલા લોકોમાં જહાજના માસ્ટર શર્મા શશિ ભૂષણ અને ૨૧ અન્ય ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે. ■

## મણિપુરના વિષ્ણુપુરમાં વિસ્ફોટઃ બે ઘાયલ

ઈમ્ફાલઃ મણિપુરના વિષ્ણુપુર જિલ્લામાં સોમવારે થયેલા બે વિસ્ફોટમાં ઓછામાં ઓછી બે વ્યક્તિ ઘાયલ થઈ હોવાનું પોલીસે કહ્યું હતું. પ્રથમ વિસ્ફોટ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ (આઈઈડી)ની મદદથી કરવામાં આવ્યો હોવાની શંકા છે. ફોગાકચાઓ પોલીસ સ્ટેશન વિસ્તારના નગાઉકોનસ્થિત એક ત્યજાયેલા ઘરમાં મંગળવારે સવારે ૫:૪૫ વાગે વિસ્ફોટ થયો હતો. મે ૨૦૨૩માં વંસીય હિંસા ભડકી ઊઠ્યા બાદ આ ઘર ત્યજી દેવામાં આવ્યું હતું. આ ઘરનો માલિક પત્ની અને પરિવારજનો સાથે હાલ રાહત છાવણીમાં રહે છે.

પોલીસના જણાવ્યાનુસાર લોકો ૨૦૦ મીટરના અંતરે પહેલા વિસ્ફોટ અંગે માહિતી મેળવવા એકઠાં થયા હતા ત્યારે એટલે કે સવારે ૮:૪૫ વાગે બીજો વિસ્ફોટ થયો હતો. બંનેને સારવારાર્થે સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંનેનાં જીવ સામે કોઈ જોખમ ન હોવાનું તેમ જ ઘટનાસ્થળની મુલાકાત લઈ તપાસ આરંભી દેવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### ટુકડે-ટુકડે

વખતે ૧૨ શરત મૂકી હતી અને ચેતવણી આપી હતી કે આમાંની કોઇ શરતનો ભંગ થશે, તો જામીન રદ થઇ શકે છે.

ઇમામની ‘નાગરિકત્વ સુધારા ધારા’ની વિરુદ્ધ લોકોને ઉશ્કેરવા બદલ ૨૦૨૦ની ૨૮ જાન્યુઆરીએ ધરપકડ કરાઇ હતી. બાદમાં, તેના પર મોટું ષડ્યંત્ર રચવાનો આરોપ મૂકીને ૨૦૨૦ના ઑગસ્ટમાં તેને ફરી પકડવામાં આવ્યો હતો. તે પછી ૨૦૨૦ની ૧૩ સપ્ટેમ્બરે તેની પાછી ધરપકડ કરાઇ હતી.

અગાઉ, દિલ્હી પોલીસ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુએ, જ્યારે ગુનેગારો વતી વકીલો કપિલ સિબલ, અભિષેક સિંઘવી, સિદ્ધાર્થ દવે, સલમાન ખુર્શીદ અને સિદ્ધાર્થ લુથરાએ અદાલતમાં દલીલ કરી તે પછી સર્વોચ્ચ અદાલતે ૧૦ ડિસેમ્બરે ચુકાદો મુલતવી રાખ્યો હતો.

દિલ્હી પોલીસે અદાલતને જણાવ્યું હતું કે આ રમખાણ અચાનક ફાટી નહોતાં નીકળ્યાં, પરંતુ તે પૂર્વયોજિત હતાં અને તે દેશના સાર્વભૌમત્વ પરનો હુમલો હતો. (એજન્સી)■

### ખાલિદ, ઈમામને

શરૂ પણ ન થયો હોવા છતાં તેને જામીન નથી અપાયા. બીજી તરફ હત્યા અને બળાત્કારના આરોપી ગુરમીત રામ રહીમને વર્ષ ૨૦૧૭માં સજા આપી દેવામાં આવી હોવા છતાં ૧૫મી વખત પેરોલ પર છોડવામાં આવ્યો છે. ગુરમીત રામ રહીમને ૪૦ દિવસના પેરોલ પર મુક્ત કરવામાં આવ્યો છે. એક વ્યક્તિ (ખાલિદ)ને ખટલા વિના જ અચોક્કસ મુદત માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે તો બીજી વ્યક્તિ (રામરહીમ) અવારનવાર પેરોલ પર છૂટવાનો આનંદ માણી રહી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

### ગાંધીનગરમાં

કે, રોગચાળાની ગંભીરતા જોતા હોસ્પિટલમાં બેડ ખૂટી પડતા સત્તાધીશોએ વધારાનો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે. પીવાના પાણીમાં ગંદકી ભળવાને કારણે ફેલાયેલા આ જીવલેણ રોગચાળાને પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો એટલો વધી ગયો છે કે બાળ વિભાગમાં પથારીઓ ખૂટી પડી છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી એક અલાયદો વધારાનો વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. જિલ્લાનાં અન્ય આરોગ્ય કેન્દ્રોમાંથી પીડિયાટ્રીશિયન અને નિષ્ણાત તબીબોની ટીમને ગાંધીનગર સિવિલ ખાતે બોલાવવામાં આવી છે. ■

### નહેરુને

સુધી અનેક આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિ હાથ ધરાશે.

મોદીએ સોમનાથ મંદિર પરના પ્રથમ હુમલાના ૧,૦૦૦ વર્ષને લગતા બ્લૉગપૉસ્ટમાં લખ્યું હતું કે સોમનાથ મંદિર ભારતીય સંસ્કૃતિના અટલ જુસ્સાનું ઉત્તમ પ્રતીક છે. જવાહરલાલ નહેરુએ ૧૯૫૧માં કહ્યું હતું કે આ મંદિર ફરી ખોલવામાં મને ઉત્સાહ નથી.

તેમણે જણાવ્યું હતું કે સોમનાથ મંદિર પર પ્રથમ હુમલો કરાયો તેના ૨૦૨૬માં ૧,૦૦૦ વર્ષ પૂરા થયા છે. વિદેશીઓના અનેક આક્રમણ થવા છતાં આ મંદિર અડીખમ ઊભું છે. ભારતમાતાનાં અસંખ્ય સંતાનોએ આપણી સંસ્કૃતિના રક્ષણાર્થે બલિદાન આપ્યા હતા. ભારતમાં સદીઓ સુધી વિદેશીઓ દ્વારા અવારનવાર આક્રમણ થતાં રહ્યાં છે અને આ વિદેશીઓએ લૂંટ ચલાવી હતી. આમ છતાં, દેશના લોકોએ પોતાની સંસ્કૃતિનું જતન કર્યું છે. (એજન્સી)■

### હાથકડી સાથે

ખોટા રેકોર્ડ્સ રજૂ કરવા બદલ અહીં નજીકમાં જ કેસ ચાલ્યો હતો.

અમેરિકાના ન્યાયતંત્રના નિયમ મુજબ માદુરોને પોતાનો બચાવ કરવાનો અધિકાર અન્ય આરોપીઓની જેવો જ મળશે. તેમને ‘રેગ્યુલર ન્યૂ યોર્કર્સ’ની જ્યુરી દ્વારા ખટલાની સુનાવણી કરાવવાનું નક્કી કરવાનો હક પણ અપાયો હતો. માદુરોના વકીલોએ વેનેઝુએલાના પ્રમુખની ધરપકડની કાયદેસરતાને પડકારી હતી અને દલીલ કરી હતી કે માદુરો સ્વતંત્ર દેશના વડા હોવાથી તેમની સામે આ રીતે અદાલતમાં કાર્યવાહી ચલાવી ન શકાય.(એજન્સી)■

### ઈરાનના

સીરિયાના બશર-અલ-અસદની જેમ રશિયામાં આશ્રય લઈ શકે છે. ખામેનીને મોસ્કો ભાગવું પડશે એ સિવાય તેમની જોડે કોઈ વિકલ્પ નથી. આ હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે, સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીએ પોતાનું પહેલું નિવેદન બહાર પાડ્યું છે. તેમણે કહ્યું કે શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરતા લોકો સાથે વાત કરી શકાય છે, પરંતુ તોફાનીઓ સાથે વાતચીત કરવાનો કોઈ અર્થ નથી. તેમને તેમનું સ્થાન બતાવવું જ જોઇએ. જેના પરથી સ્પષ્ટ છે કે ઈરાન સરકાર વિરોધીઓ સામે કડક કાર્યવાહી કરવા માટે કટિબદ્ધ છે. તેમણે એમ પણ કહ્યું કે હિંસક વિરોધ પ્રદર્શનો પાછળ ઇઝરાયલ અને અમેરિકા જેવી તાકતોનો હાથ છે. ■

### અમેરિકાના

સર્વિસના વાહનને પણ નુકસાન પહોંચાડ્યું હતું. વૉલનટ હિલ્સ ખાતે આવેલા ઘરમાં ઘૂસણખોરીની ઘટના બની ત્યારે વેન્સ અને તેનો પરિવાર ઓહાયોમાં નહોતો.

સિક્રેટ સર્વિસ દ્વારા સિનસિનાટી પોલીસ વિભાગ અને યુએસ એટર્નીની ઑફિસ સાથે આ કેસના સંબંધમાં વધુ તપાસ કરાઇ રહી છે. દરમિયાન, વૅન્સની ઑફિસે સિક્રેટ સર્વિસને મોકલેલા સંદેશામાં જણાવ્યું હતું કે દેશના ઉપપ્રમુખનો પરિવાર પાછો વૉશિંગ્ટન આવી ગયો છે. વૉલનટ હિલ્સ આ શહેરની ઐતિહાસિક જગ્યા છે અને ત્યાં ૧૮મી સદીના અમેરિકાનાં લોકપ્રિય લેખિકા હેર્રિએટ બીચર સ્ટોનું ઘર પણ આવેલું છે. (એજન્સી)■

### ટ્રમ્પનું હવે

કરવાની ધમકી આપવાનું બંધ કરે. આજે સોમવારે એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત કરતી વખતે ટ્રમ્પે ગ્રીનલેન્ડ વિશે મહત્વનું નિવેદન આપ્યું છે.

ટ્રમ્પે કહ્યું કે, હું ગ્રીનલેન્ડ વિશે કહેવા ઈચ્છું છું કે રાષ્ટ્રીય સુરક્ષાના માટે આપણને ગ્રીનલેન્ડની જરૂર છે. તે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વનો પ્રદેશ છે. ગ્રીનલેન્ડ ચારે બાજુ રશિયન અને ચીની જહાજોથી ઘેરાયેલું છે. ■

### મોદી જાણતા

અમે ભારત પરનો ટેરિફ વધારી શકીએ એમ છીએ.

ટ્રમ્પે ભારત પર ટૅરિફ લાદ્યા બાદ ભારત રશિયા પાસેથી પ્રમાણમાં ઘણું જ ઓછું ક્રૂડતેલ ખરીદી રહ્યું હોવાનું અમેરિકાના સૅનેટર લિન્ડસે ગ્રેહામે જણાવ્યા બાદ ટ્રમ્પે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

રશિયા પાસેથી ક્રૂડતેલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટૅરિફ લાદવાની માગણી કરતા ખરડાં અંગે લિન્ડસે વાત કરી રહ્યાં હતાં.

તેમણે કહ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આણવા રશિયા પાસેથી ક્રૂડતેલ ખરીદતા દેશો પર દબાણ આણવું જરૂરી છે. (એજન્સી)■

# ગુજરાતને મોટો ઝટકો, વિદેશી રોકાણ આકર્ષનારા ટોપ પાંચ રાજ્યમાં સ્થાન ગુમાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તરફ ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની તૈયારીઓ થઈ રહી છે અને દેશી-વિદેશી રોકાણકારોને આકર્ષવાની મોટી વાતો થઈ રહી છે ત્યારે બીજી બાજુ રાજ્ય સીધા વિદેશી રોકાણને આકર્ષવામાં નિષ્ફળ નિવડ્યું હોવાનું એક અહેવાલ જણાવે છે.

એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન વિદેશી સીધા રોકણના પ્રવાહમાં ગુજરાત ભારતનાં ટોપ-૫ રાજ્યોની યાદીમાંથી બહાર ફેંકાયું હોવાનું આંકડા જણાવે છે. વાર્ષિક ધોરણે રોકાણમાં થયેલા તીવ્ર ઘટાડાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે, જ્યારે અન્ય હરીફ રાજ્યોએ નીચા બેઝ પર મજબૂત રિકવરી નોંધાવી હતી. ટૂંકા ગાળાના આ ઘટાડા છતાં, ઓક્ટોબર ૨૦૧૯ થી અત્યાર સુધીના કુલ સંચિત એફડીઆઈ ઇનફ્લોમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે ત્રીજા ક્રમે છે.

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ છ મહિનામાં ગુજરાતે ૨.૩૯ અબજ (અમેરિકન ડોલર)નું રોકાણ આકર્ષ્યું હતું. આ સમયગાળા દરમિયાન મહારાષ્ટ્ર (૧૩.૫ અબજ), કર્ણાટક (૧૧.૨૫ અબજ), તમિળનાડુ (૪.૩૪ અબજ), દિલ્હી (૩.૯૪ અબજ) અને હરિયાણા (૩.૫૩ અબજ) કરતા પાછળ રહી ગયું હોવાનું અહેવાલ જણાવે છે. વિશ્લેષકો આ ઘટાડા પાછળ 'હાઈ બેઝ ઈફેક્ટ' અને સમયના ફેરફારને કારણભૂત માને છે, કારણ કે ગુજરાતે અગાઉના વર્ષોમાં ખાસ કરીને કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મજબૂત રોકાણ મેળવ્યું હતું.

મહારાષ્ટ્ર ૧૩.૫૧ અબજ (અમેરિકી ડોલર)ના રોકાણ સાથે ટોચના સ્થાને રહ્યું છે, જોકે તેની કામગીરી વાર્ષિક ધોરણે લગભગ સ્થિર રહી હતી અને ૦.૩% નો નજીવો ઘટાડો નોંધાયો હતો. સૂત્રોએ જણાવ્યું કે, યુએસ ટૅરિફને કારણે ટેક્સટાઇલ અને કેમિકલ્સ જેવા ક્ષેત્રોને અસર થઈ છે. તેથી આ ક્ષેત્રોમાં નવું રોકાણ આવ્યું નથી. બીજી તરફ, સેમિકન્ડક્ટર્સ અને એન્જિનિયરિંગ જેવા ઉદ્યોગોમાં રોકાણ પાઈપલાઈનમાં છે, પરંતુ તે હજુ નવા ઇનફ્લોમાં પરિવર્તિત થયું નથી. અગાઉ જાહેર કરાયેલા અનેક મોટા પ્રોજેક્ટ્સ હવે અમલીકરણના તબક્કામાં છે, જ્યાં મૂડી ખર્ચ થઈ રહ્યો છે પરંતુ તે એફડીઆઈના આંકડામાં ઇક્વિટી તરીકે દેખાતો નથી.

સૂત્રોએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ્સ માટે સક્રિય છે અને નવી તકો પણ ઊભી થઈ રહી છે. કોમનવેલ્થ ગેમ્સ જેવા મોટા કાર્યક્રમો ગુજરાત સાથે જોડાયેલા હોવાથી હોસ્પિટાલિટી અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં રોકાણકારોની રુચિ વધી રહી છે. ગિફ્ટ સિટીમાં દારૂબંધીના નિયમોમાં અપાયેલી છૂટછાટ જેવી નીતિઓ પણ રોકાણ માટે નવી જગ્યા ઊભી કરી રહી છે.

આ સાથે એક મહત્ત્વની વાત એ પણ ધ્યાનમાં આવી હતી કે ગુજરાતમાં વિદેશી રોકાણ હજુ પણ કેટલાક જિલ્લાઓમાં જ કેન્દ્રિત છે, જેમાં અમદાવાદ રાજ્યનું રોકાણ કેન્દ્ર બનીને ઊભર્યું છે. રાજ્યના કુલ રોકાણમાં અમદાવાદનો મોટો હિસ્સો છે. વલસાડ, વડોદરા, સુરત અને કચ્છ જેવા ઔદ્યોગિક જિલ્લાઓ તેનાથી ઘણા પાછળ છે. રાષ્ટ્રીય સ્તરે પણ આવો જ ટ્રેન્ડ જોવા મળે છે, જ્યાં રોકાણ મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા ટોચના બજારોની આસપાસ કેન્દ્રિત છે. ■

# બગદાણા હુમલા મામલે કોળી સમાજના નેતાઓની મુખ્ય પ્રધાન સાથે મુલાકાત બાદ સિટની રચનાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બગદાણા ગામમાં બજરંગદાસ બાપા આશ્રમના સેવક અને કોળી સમાજના આગેવાન નવનીતભાઈ બાલધીયા પર થયેલા જીવલેણ હુમલાના પડઘા સમગ્ર રાજ્યમાં પડ્યા છે. ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ની રાત્રે બનેલી આ ઘટનાને હવે માત્ર ગુનાહિત હુમલા તરીકે નહીં, પરંતુ કોળી-આહિર સમાજ વચ્ચે વધતા વિવાદ અને જ્ઞાતિવાદી રાજકારણ સાથે જોડીને જોવામાં આવી રહી છે. તાજેતરમાં કોળી સમાજના આગેવાનોએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કર્યા બાદ રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો હતો.

મળતી માહિતી અનુસાર, કોળી સમાજના અગ્રણી નેતા પરસોત્તમ સોલંકી સહિતના આગેવાનો ગાંધીનગર પહોંચીને મુખ્યપ્રધાનને મળ્યા હતા અને સમગ્ર ઘટનાની રજૂઆત કરી હતી. રજૂઆત દરમિયાન આરોપીઓ સામે કડક કાર્યવાહી, તપાસમાં પારદર્શિતા અને કેસને વિશેષ ટીમને સોંપવાની માગ કરવામાં આવી હતી.

રજૂઆત બાદ રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર રેન્જના ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસના આદેશથી બગદાણા હુમલા કેસમાં હવે ફરીથી વિશેષ તપાસ ટીમ (એસઆઈટીસી)ની રચના કરવામાં આવી છે. અત્યાર સુધી ચાલી રહેલી તપાસ એસઆઈટીસીને સોંપવામાં આવી છે, જેથી કેસની દરેક કડીની ઝીણવટભરી તપાસ થઈ શકે.

નવી રચાયેલ એસઆઈટીસીના અધ્યક્ષ તરીકે જયવિર ગઢવી આઈપીએસ, મદદનીશ પોલીસ અધિક્ષક (ધારી વિભાગ)ની નિમણૂક કરવામાં આવી છે. એસઆઈટીસીમાં એસઓજી, ક્રાઇમ બ્રાન્ચ અને એલસીબીના અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. તમામ તપાસ સંબંધિત દસ્તાવેજો તાત્કાલિક એસઆઈટીસીને સોંપવા સૂચના આપવામાં આવી છે. આઈજીપીના આદેશ મુજબ એસઆઈટીસી દરરોજની પ્રગતિ અહેવાલ સીધો ઉચ્ચ કચેરીને મોકલશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવનીતભાઈ બાલધીયા મોણપર ગામ નજીકથી કારમાં પસાર થઈ રહ્યા હતા ત્યારે આઠ જેટલા શખ્સોએ તેમનો માર્ગ અટકાવી પાઈપ, લાકડાં અને અન્ય હથિયારો વડે હુમલો કર્યો હતો. હુમલામાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને તાત્કાલિક મહુવાની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટના બાદ કોળી સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને આ મામલો જિલ્લામાં જ નહીં, પરંતુ રાજ્ય સ્તરે ચર્ચાનો વિષય બન્યો હતો.

હુમલા બાદ સોશ્યલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં સમગ્ર ઘટનાક્રમ અને પોલીસની કામગીરી અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. આ વીડિયો બાદ પોલીસની ભૂમિકા પર શંકા વ્યક્ત કરવામાં આવી હતી અને તપાસ નિષ્પક્ષ ન હોવાના આક્ષેપો પણ થયા હતા. શરૂઆતમાં મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

મહુવાના ડેપ્યુટી એસપીના જણાવ્યા અનુસાર, કેસમાં અત્યાર સુધી આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને અન્ય સંડોવાયેલા શખ્સોની શોધ ચાલુ છે. જોકે, કોળી સમાજના આગેવાનો અને પરિવારજનો પોલીસ તપાસથી અસંતોષ વ્યક્ત કરી રહ્યા હતા અને કેસની તપાસ ઉચ્ચ સ્તરે કરાવવાની માગ ઉઠી હતી. ■

# ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધી જતા પાણીપુરી, ઠંડા પીણાંના વિક્રેતા પર તવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધતા સરકાર પર માછલા ધોવાઈ રહ્યા છે. સ્થાનિક લોકો અને વિપક્ષના નેતાઓ આ રોગચાળા માટે ગાંધીનગર મહાનગરપાલિકા તંત્રને જવાબદાર ઠરાવી રહ્યા છે. મનપા તંત્રની લાપરવાહીની પોલ ખૂલતા અંતે અધિકારીઓએ આળસ ખંખેરીને કાર્યવાહી શરૂ કરી છે.

જાહેર સ્વાસ્થ્યના હિતમાં ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા સંયુક્ત રીતે મેગા ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે. આ મેગા ડ્રાઇવમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ખુલ્લામાં ખાદ્યપદાર્થો વેચતી લારીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત તંત્ર દ્વારા લેવાયેલા આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરીજનોને રોગચાળાથી બચાવવાનો અને અખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ અટકાવવાનો જણાવી રહી છે.

ફૂડ સેફ્ટી વિભાગ સાથે સંકલન સાધીને એસ્ટેટ શાખા દ્વારા સમગ્ર ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આગામી સૂચના ન મળે ત્યાં સુધી, પાણીપુરી, બરફના ગોળા અને સોડા જેવી ચીજવસ્તુઓ વેચતા એકમોને બંધ રાખવાની કડક સૂચના આપવામાં આવી છે. આ સઘન ઝુંબેશ અંતર્ગત તંત્ર દ્વારા કુલ ૧૦૦થી વધુ લારીઓ અને સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા છે.

જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ઊભી રહેતી ૭૫ જેટલી પાણીપુરી અને રગડાની લારીઓ, ૧૨ સોડા સેન્ટર, ૮ ફ્રૂટ સલાડ અને બદામ શેકના સ્ટોલ તથા ૬ બરફના ગોળાની લારીઓનો સમાવેશ થાય છે.

આ તમામ એકમોને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે. આ કામગીરી સમગ્ર ગાંધીનગર વિસ્તારને આવરી લેતા હાથ ધરવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે સેક્ટર ૨,૩,૬,૭,૮,૧૧,૧૩ અને ઘ-૫ સર્કલ તેમજ સેક્ટર ૨૧,૨૨,૨૩,૨૪ અક્ષરધામ વિસ્તાર, ડી-માર્ટ વિસ્તાર, સેક્ટર ૨૫ અને ૨૮ ગાર્ડન વિસ્તાર, તેમજ સેક્ટર ૨૬,૨૭ પેથાપુર તેમજ ધોળાકુવા વિસ્તારનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા કોઈપણ પ્રકારના વાંસી કે બિનઆરોગ્યપ્રદ ખોરાકનું વેચાણ ચલાવી લેવામાં આવશે નહીં. રોગચાળો કાબૂમાં ન આવે ત્યાં સુધી આ પ્રકારની ઝુંબેશ યથાવત રાખવામાં આવશે. ■

# સુરતમાં ૩૧૯ કિલો નકલી ઘી ઝડપાયું, એક શખસની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ખાદ્ય ભેળસેળનો એક વધુ ગંભીર અને ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. શહેરના લસકાણા વિસ્તારમાં તબેલાની આડમાં ધમધમતું નકલી ઘી બનાવવાનું કારખાનું પોલીસ અને ફૂડ એન્ડ સેફટી વિભાગની સંયુક્ત કાર્યવાહીથી પકડાયું હતું. આ દરોડામાં પોલીસે લગભગ ૩૧૯ કિલોગ્રામ નકલી ઘી તથા ૮૫૬ કિલોગ્રામ વેજીટેબલ અને સોયાબીન તેલ જપ્ત કર્યું હતું. આ સાથે જ નકલી ઘી બનાવનાર એક શખસની ધરપકડ કરવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૫માં જાહેર થયેલા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪માં સુરત શહેરને સુપર સ્વચ્છ લીગ (નવી કેટેગરી)માં દેશભરમાં બીજો ક્રમ મળ્યો હતો. પરંતુ નકલી ખાદ્યપદાર્થોના કિસ્સાઓએ શહેરની છબી પર સવાલો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, સમગ્ર મામલે લસકાણા પોલીસને ચોક્કસ ગુપ્ત બાતમી મળી હતી કે લસકાણા ગામમાં આહીર સમાજની વાડી પાછળ આવેલા પીઠાભાઈના તબેલામાં એક દુકાનમાં શુદ્ધ ઘીના નામે ભેળસેળયુક્ત ઘી બનાવવામાં આવી રહ્યું છે.

આ માહિતી ગંભીર હોવાને કારણે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને ફૂડ એન્ડ સેફટી વિભાગના અધિકારીઓને સાથે રાખીને સંયુક્ત દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન તબેલાની અંદરથી મોટા પ્રમાણમાં તેલ, ઘી જેવો દેખાવ આપતું મિશ્રણ, ડબ્બા, પાત્રો અને અન્ય સાધનો મળી આવ્યા હતા. તપાસમાં ખુલ્યું હતું કે અહીં તૈયાર થતું ઘી બજારમાં રૂ.૧૨૦૦ પ્રતિ કિલોના શુદ્ધ ઘીના નામે માત્ર રૂ.૩૦૦માં વેચવામાં આવતું હતું.

ઝડપાયેલ આરોપી ૩૦ વર્ષીય અલ્પેશ ઈશ્વરભાઈ સાંથલીયાની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. તે વેજીટેબલ ઓઈલ અને સોયાબીન ઓઈલને ભેળવી તેમાં ઘી જેવી સુગંધ માટે ખાસ પ્રકારનું કેમિકલ એસેન્સ ઉમેરતો હતો. બાદમાં આ નકલી ઘી બજારમાં સપ્લાય કરવામાં આવતું હતું. આ સાથે જ નકલી ઘી ક્યાં-ક્યાં સપ્લાય કરવામાં આવતું હતું તેની તપાસ શરૂ કરવામાં આવી છે. ■

# રાજકોટમાં હર્ષ સંઘવીએ ઉદ્યોગકારો સાથે બેઠક યોજી

અમદાવાદઃ વાયબ્રન્ટ સમિટ ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં યોજાવા જઈ રહી છે ત્યારે અહીં પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓની મુલાકાતો વધી રહી છે. સોમવારે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી રાજકોટની મુલાકાતે આવ્યા હતા. અહીં તેમણે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે રાજ્યના નાના-મોટા ઉદ્યોગકારોની મુશ્કેલીઓ, પ્રશ્નો અને રજૂઆતોનો તત્કાલ હલ કરીને તેઓ વધુ રોકાણ કરીને ઉદ્યોગ-ધંધાનો વિકાસ કરી શકે તે માટે રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગકારો સાથે સંકલન બેઠક યોજવામાં આવી હતી. આ સાથે તમામ વિભાગો સાથે ગ્રૂપ બેઠક પણ યોજવામાં આવી હતી.

તેમણે કહ્યું હતું કે, મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં રાજકોટ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે અને આગામી દિવસોમાં દેશ અને દુનિયામાંથી વધુ રોકાણ આવી શકે તે માટે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજકોટમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારની વિવિધ ઔદ્યોગિક નીતિઓ અંતર્ગત રાજ્યના ૧૦, ૪૩૫ ઉદ્યોગકારોને રૂ. ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાયનું રાજકોટથી વિતરણ કરવામાં આવ્યું છે. ટેક્સટાઇલ ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ, પર્યાવરણ ઔદ્યોગિક માળખાકીય સુવિધાની યોજના, લઘુ ઉદ્યોગો અંગેની યોજના વગેરે જેવી યોજનાઓ હેઠળ સૌરાષ્ટ્ર કચ્છના ૧૩૭ ઉદ્યોગકારોને કુલ રૂપિયા ૬૬૧.૭૩ કરોડની રકમના મંજૂરીપત્રોનું વિતરણ અહીંથી કરવામાં આવનાર છે. દેશમાં ગુજરાત એ સૌથી ઝડપથી ઇન્સેન્ટિવ આપતું રાજ્ય છે. ■

# દમણની પેકેજિંગ ફેક્ટરીમાં ભીષણ આગ, જાનહાનિના અહેવાલ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રશાસિત પ્રદેશ દમણના ડાભેલ વિસ્તારમાં આવેલી દમણના ડાભેલ સ્થિત ટોટલ પેકેજિંગમાં આગ લાગી હતી, ત્યાં રહેલા કેમિકલના ડ્રમ ફાટવાને કારણે આગ ઝડપથી પ્રસરી અને ત્યાર બાદ બાજુમાં આવેલી એસીઈ પેકેજિંગ કંપનીને પણ પોતાની લપેટમાં લઈ લીધી હતી.

ભારે પવન અને કેમિકલના ડ્રમમાં થયેલા બ્લાસ્ટને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના ધુમાડાના ગોટેગોટા ૨ કિમી દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા.

ભીષણ આગને પગલે બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો. ઘટના સમયે ભારે પવન ફૂંકાઈ રહ્યો હોવાથી આગ વધુ બેકાબૂ બની હતી. પવનના વેગને કારણે આગની જ્વાળાઓ એક એકમથી બીજા એકમ સુધી ઝડપથી પહોંચી ગઈ હતી, જેના કારણે ફાયર વિભાગને આગ પર કાબૂ મેળવવામાં ભારે જહેમત ઉઠાવી હતી.

આગની ગંભીરતાને જોતા 'બ્રિગેડ કોલ' જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં દમણ, સેલવાસ, વાપી અને સરીગામના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સરકારી તંત્ર ઉપરાંત આસપાસની ખાનગી કંપનીઓના ફાયર બ્રિગેડની પણ મદદ લેવામાં આવી છે.

હાલ ઘટનાસ્થળે ૧૫થી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ આગ બુઝાવવાની કામગીરીમાં જોતરાઈ હતી. દમણ ઉપરાંત ગુજરાતના નજીકના વિસ્તારોમાંથી પણ ફાયર ફાયટરોની વધારાની ટીમો બોલાવવાની ફરજ પડી હતી.

સદ્નસીબે, હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી. આગ લાગતા જ કામદારોમાં અફરાતફરી મચી ગઈ હતી અને લોકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા.

બંને પેકેજિંગ યુનિટમાં રાખેલો કરોડોનો કાચો માલ અને મોંઘી મશીનરી બળીને ખાખ થઈ ગઈ હતી. તંત્ર દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. ■

# ધમકી-બ્લેકમેઈલિંગથી કંટાળી સાંતલપુર મામલતદારે ઝેરી દવા પીધી, હાલત ગંભીર હોવાથી સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના સાંતલપુરના મામલતદારે ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કરતા વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. તેમણે છ લોકોની ગેંગ તેમને માનસિક ત્રાસ આપતી હોવાનો આક્ષેપ કરીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ધમકી અને બ્લેકમેઈલિંગથી કંટાળી આ પગલું ભર્યું હોવાનો એક વીડિયોમાં ઉલ્લેખ કર્યો હતો.

સમગ્ર મામલે જાણ થતાની સાથે થરાદ મામલતદાર અને થરાદ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મામલતદાર પાલનપુરમાં સારવાર હેઠળે હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

મળતી વિગત મુજબ, મામલતદાર દિનેશભાઈ પંડ્યાએ એક વીડિયો વાઇરલ કર્યો અને સાથે એક સુસાઈડ નોટ લખીને રાત્રે ત્રણથી ચાર વાગ્યાની આસપાસ થરાદમાં આવેલા પોતાના વતન વજેગઢમાં ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. વાયરલ થયેલા વીડિયોમાં મામલતદાર ડી. ડી. પંડ્યાએ પોતાની આપવીતી જણાવી હતી.

આ વીડિયોમાં ભાણેજ સહિત કુલ છ જેટલા લોકોનાં નામનો ઉલ્લેખ કર્યો છે, આ લોકો તેમને ધમકી અને બ્લેકમેઈ કરી રહ્યાં હતા, એટલું જ નહીં પરંતુ આ લોકો માનસિક રીતે ત્રાસ આપી રહ્યાં હતા. છ લોકોની ગેંગે મામલદાર પાસે રૂપિયા ૨૦ લાખની માંગણી પણ કરી હતી.

વાઇરલ વીડિયો પ્રમાણે મામલતદારના ભાણેજ સહિત ૬ લોકોએ તેમની સામે એસીબીમાં ખોટી ફરિયાદ પણ દાખલ કરાવી હતી. આ સાથે કોઈ યુવતી સાથે ખોટા ફોટા બનાવી બદનામ કરવાના પ્રયાસો કરી રહ્યાં હતાં. સતત માનસિક ત્રાસથી કંટાળીને અંતે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

સુસાઈડ નોટમાં ગુનેગારોના નામ, મોબાઈલ નંબર અને ક્યારે ધમકી આપવામાં આવી હતી તે તમામ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે થરાદ પોલીસ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ■

# અમદાવાદના કોચરબ આશ્રમમાં લગ્ન સમારંભે જગાવ્યો વિવાદ, કૉંગ્રેસે કરી આકરી ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા કોચરબ આશ્રમમાં ઘોંઘાટિયા ડીજે સાઉન્ડ અને નાચગાન સાથેના લગ્ન-સમારંભના વાઇરલ વીડિયોએ વિવાદ જગાવ્યો હતો. વર્ષ ૧૯૧૫માં મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવેલો આ પહેલો આશ્રમ હતો. ગાંધીજીના મૂલ્યો અને આશ્રમની પવિત્રતાને ધ્યાનમાં રાખી ત્યાં યોજાયેલો આ સમારંભ ભારે વિવાદોમાં ઘેરાયો છે. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર આ લગ્ન સમારંભ આશ્રમ સાથે જોડાયેલા સ્ટાફના પરિવારનો હતો. કોચરબ આશ્રમ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત છે. જોકે આ સમારંભ માટે પરવાનગી હતી કે નહીં તે મામલે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. રાષ્ટ્રીય સ્તરે અતિ મહત્ત્વની આ હેરિટેજ સાઈટનો આ રીતે ઉપયોગ થતો હોવાથી વ્યથિત એક સ્થાનિકે આ વીડિયો બનાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. વીડિયો વાઇરલ થયા બાદ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષ દોશીએ આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આ ઘટના માત્ર ભૂલ નથી પરંતુ ગાંધીવાદી વારસા પ્રત્યે અવગણના દર્શાવે છે. આ કોઈ વહીવટી ભૂલ નથી. આવી પ્રવૃત્તિઓ જાણી જોઈને કરવામાં આવી હોય તેવું લાગે છે. ગુજરાત અને દેશભરમાં મહાત્મા ગાંધીના વારસા અને વિચારધારાને નબળી પાડવાના વારંવાર પ્રયાસો થઈ રહ્યા છે, તેવો આક્ષેપ પણ દોશીએ કર્યો હતો. આ સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે આપણે નવી હેરિટેજ સાઈટ વિકસાવી તો શકતા નથી, પરંતુ જે છે તેની જાળવણી તો કરવી જ જોઈએ. આશ્રમમાં લગ્નનું આયોજન કરવા માટે સત્તાવાર પરવાનગી આપવામાં આવી હતી કે કેમ તે અંગે હવે ઘણા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. સામાન્ય રીતે, આશ્રમનો પરિસર ફક્ત પ્રાર્થનાસભાઓ અથવા શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ભાડે આપવામાં આવે છે.

જો આ કાર્યક્રમ મંજૂરી વિના યોજાયો હોય, તો તે ગંભીર ઉલ્લંઘન ગણી શકાય. વીડિયો વાઇરલ થયા બાદ લોકોમાં પણ નારાજગી જોવા મળી છે અને જવાબદારો સામે પગલાં લેવાની માગણી થઈ રહી છે. ■

# મેડિકલની કૉલેજોમાં ૩૧૫૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ ન લીધો, ₹ ૩.૧૫ કરોડની ડિપોઝિટ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં મેડિકલ, ડેન્ટલ, હોમિયોપેથી અને આયુર્વેદના યુજી કોર્સની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી. આ દરમિયાન પ્રવેશ સમિતિના નિયમો અનુસાર, પ્રવેશ ફાળવાયા બાદ પણ પ્રવેશ ન લેવાતા ૩,૧૫૧ વિદ્યાર્થીઓની કુલ રૂ. ૩.૧૫ કરોડ જેટલી સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પ્રવેશ સમિતિના નિયમ મુજબ, બીજા રાઉન્ડથી જે વિદ્યાર્થીઓને કોલેજ ફાળવવામાં આવે છે, તે વિદ્યાર્થીઓએ પ્રવેશ લેવો ફરજિયાત હોય છે. જો વિદ્યાર્થી એલોટમેન્ટ બાદ પ્રવેશ લેવાનો ઇન્કાર કરે તો તેની સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવે છે. આ જ નિયમ અંતર્ગત ચાલુ વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ડિપોઝિટ જપ્ત કરાઈ છે. મેડિકલના જેવા કોર્સમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ રૂ. ૧,૦૦૦ રજિસ્ટ્રેશન ફી અને રૂ. ૧૦,૦૦૦ સિક્યોરિટી ડિપોઝિટ ભરવી ફરજિયાત હોય છે. જેમાં રજિસ્ટ્રેશન ફી નોન-રિફંડેબલ છે, જ્યારે સિક્યોરિટી ડિપોઝિટ નિયમ મુજબ રિફંડેબલ હોય છે. ■

# અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકીઃ બોમ્બ સ્કવોડની કોર્ટ કેમ્પસમાં તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની શાળાઓ અને કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળ્યાના સમાચાર હજુ તાજા જ છે ત્યારે અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળતા જ પોલીસ તંત્ર દોડતું થયું હતું.

શહેરના ઇન્કમટેક્સ નજીક આવેલી ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની અજાણ્યા શખ્સે ઇ-મેલ મારફતે ધમકી મળી હતી. કોર્ટના આઈડી પર મેલ કરીને ઉડાવવાની ધમકી મળતા કોર્ટની કામગીરી સ્થગિત કરવામાં આવી હતી.

આ ઇ-મેલ મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યાર બાદ નવરંગપુરા પોલીસે બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ સાથે કોર્ટમાં પહોંચી હતી. કોઈ પણ અઘટિત ઘટના ન બને તે માટે સુરક્ષાના ભાગરૂપે કોર્ટ સંકુલ ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. પોલીસે સાયબર ટીમોની મદદથી ઈમેલ કોના દ્વારા મોકલવામાં આવ્યો તેની પણ તપાસ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા ૧૭ ડિસેમ્બરના રોજ અમદાવાદની ૮ સ્કૂલમાં બૉમ્બ મૂક્યાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. જે બાદ શાળામાં શિક્ષણ કાર્ય મુલતવી રાખવામાં આવ્યું હતું. પણ તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. ■

# હાઈ કોર્ટમાં નવી એસઓપી

અમદાવાદઃ ન્યાયિક પ્રક્રિયાને આધુનિક અને ઝડપી બનાવવા માટે ગુજરાત હાઈ કોર્ટે સોમવારથી નવી સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રોસિઝર(એસઓપી) અમલમાં મૂકી હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું. વકીલો અને અરજદારો બન્ને માટે કોર્ટની કાર્યવાહી વધારે પારદર્શક, ચોક્કસાઈપૂર્વકની અને સરળ રહે તે માટે આ ફેરફારો અમલમાં મૂકવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સુધારેલી માર્ગદર્શિકા દ્વારા મુખ્ય ન્યાયાધીશ અને સાથી ન્યાયાધીશો કોર્ટના કામકાજમાં વધારે જવાબદારી અને ઝડપની આશા સેવી રહ્યા છે. આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ એક એ છે કે અરજીઓને કોર્ટના કામકાજના સાત દિવસોમાં સૂચિબદ્ધ કરી શકાય.

નવી સિસ્ટમ અનુસાર સેન્ટ્રલ ફાઈલિંગ સેન્ટર (સીએફસી) નવી કડક છતાં વ્યવસ્થિત વેરિફિકેશન પ્રક્રિયા થઈ શકશે. ઔપચારિક ફાઇલિંગ નંબર સોંપવામાં આવે તે પહેલાં બે-સ્તરીય ચેકલિસ્ટનો ઉપયોગ કરીને નવા કેસની તપાસ કરવામાં આવશે. પ્રથમ સ્તર ફરજિયાત આવશ્યકતાઓને આવરી લે છે, જેમાં યોગ્ય રીતે સહી કરેલ અરજીઓ અને અપીલો, પુષ્ટિ થયેલ સોગંદનામા અને માન્ય વકાલતનામાનો સમાવેશ થાય છે. ■

# કાંદિવલીમાં સિક્યોરિટી ગાર્ડે પોતાના જ લમણે ગોળી મારી

મુંબઈ: કાંદિવલીમાં સિક્યોરિટી ગાર્ડે પોતાની લાઈસન્સવાળી રિવોલ્વરમાંથી લમણે ગોળી મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. સમતા નગર પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ પ્રભાકર ઓઝા (૪૫) તરીકે થઈ હતી. સિક્યોરિટી ગાર્ડ ઓઝા બાઉન્સર તરીકે પણ કામ કરતો હતો. અંધેરી પૂર્વમાં આવેલી જ્વેલરી શૉપના સિક્યોરિટી ગાર્ડ એવા ઓઝાએ કાંદિવલી પૂર્વમાં પોઈસર ખાતેની બિહારી ટેકડી સ્થિત તેના નિવાસસ્થાને સોમવારની સાંજે આત્મહત્યા કરી હતી. સાંજે ચાર વાગ્યાની આસપાસ કામેથી ઘરે આવ્યા પછી પંદરેક મિનિટમાં જ તેણે અંતિમ પગલું ભર્યું હતું. ઓઝા પત્ની અને બે પુત્ર સાથે રહેતો હતો. ઘટનાસ્થળેથી રિવોલ્વર મળી હતી, જેનું લાઈસન્સ ઓઝા પાસે હતું. આત્મહત્યા કરવા પાછળનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. ઘટનાની નોંધ કરી સમતા નગર પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## ૫૦૦૦ની સાડી પર ૯૦ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત બાદ દુકાન પર નાસભાગ: ત્રણ જણ બેભાન

છત્રપતિ સંભાજીનગર: છત્રપતિ સંભાજીનગરમાં રવિવારે ભારે ડિસ્કાઉન્ટ પર સાડીઓ ખરીદવાની ઓફરથી અફરાતફરી મચી ગઈ હતી. ત્રિમૂર્તિ ચોક વિસ્તારમાં નવી ખુલેલી સાડીની દુકાનમાં ૫,૦૦૦ રૂપિયાની સાડી માત્ર ૫૯૯ રૂપિયામાં મળી રહી હોવાના સમાચાર ફેલાતાં જ અહીં અચાનક મોટી ભીડ એકઠી થઈ ગઈ, જેના કારણે નાસભાગ મચી ગઈ.

નાસભાગ દરમિયાન ભીડમાં બાળકો કચડાઈ ગયા જ્યારે ત્રણ મહિલાઓ ગૂંગળામણને કારણે બેભાન થઈ ગઈ. પરિસ્થિતિ વધુ વણસતા સ્થાનિક રહેવાસીઓએ પોલીસને જાણ કરી જેમણે તાત્કાલિક કાર્યવાહી કરી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી.

પોલીસે કડક કાર્યવાહીની ચેતવણી આપ્યા પછી અને દુકાનને અસ્થાયી રૂપે બંધ કર્યા પછી બપોરે ૨ વાગ્યાની આસપાસ ભીડ ધીમે ધીમે ઓછી થઈ ગઈ અને પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ.

## પત્ની ફેસબુક લાઇવ હતી ત્યારે ટ્રેક્ટર ટ્રોલી નીચે દબાઈ જતા રીલ સ્ટાર પતિનું મૃત્યુ

મુંબઈ: મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં ટ્રેક્ટર ટ્રોલી નીચે કચડાઈ જવાથી શેરડી કાપનાર એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક ગણેશ ડોંગરે, સોશ્યલ મીડિયા પર રીલસ્ટાર હતો અને આ દુઃખદ ઘટના તેમની પત્નીના ફેસબુક લાઇવ દરમિયાન તેની નજર સામે બની હતી. આ ઘટનાથી સમગ્ર બીડમાં શોકની લહેર છે.

બીડ જિલ્લો શેરડીની કાપણી માટે જાણીતો છે. શેરડીની કાપણીની મોસમ દરમિયાન લાખો પરિવારો આજીવિકા માટે રાજ્યના વિવિધ ભાગો અને અન્ય રાજ્યોમાં શેરડીની કાપણી કરવા માટે સ્થળાંતર કરે છે. બીડ જિલ્લાના વડવણી તાલુકાના ડોંગરેવાડી (સોન્નાખોટા) ના રહેવાસી ગણેશ ડોંગરે સખત મહેનત દ્વારા પોતાના પરિવારનું ભવિષ્ય ઘડવાના સ્વપ્ન સાથે તેમની પત્ની અશ્વિની અને ત્રણ નાની પુત્રીઓ સાથે શેરડી કાપણી માટે ગયા હતા. તે વખતે પરિવહન કરતી વખતે એક ભયાનક અકસ્માતમાં ગણેશનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટનાને લીધે તેના વૃદ્ધ માતા-પિતા, પત્ની અને ત્રણ યુવાન પુત્રીઓ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

ગણેશ ડોંગરે પાસે ફક્ત એક એકર જમીન હતી. તેમના સરળ, વૃદ્ધ માતાપિતા સાથે, પરિવારની સંપૂર્ણ જવાબદારી ગણેશના ખભા પર હતી. જોકે ત્રણ દીકરીઓનો ઉછેર માતાપિતાની જવાબદારીઓ અને વધતા ખર્ચને કારણે ગામની આવક અપૂરતી હતી. ટીન શેડમાં રહેતો પરિવાર આર્થિક રીતે સંઘર્ષ કરી રહ્યો હતો. તેથી, પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે, ગણેશ અને અશ્વિનીએ મુંગલા ટ્રેક્ટરનો ઉપયોગ કરીને શેરડી કાપવાનું નક્કી કર્યું. છેલ્લા કેટલાક વર્ષોથી, આ દંપતી મહારાષ્ટ્રના ખૂણે ખૂણે જઈને શેરડીની કાપણીનું કામ કરી રહ્યું હતું.

# એક ક્લિક પર મતદારોને મળશે મતદાન કેન્દ્રની સંપૂર્ણ માહિતી

થાણે: આગામી મહાનગર-પાલિકાની ચૂંટણીમાં મતદારો ડિજિટલ ટૅક્નોલોજીનો ઉપયોગ કરીને ઘરે બેસીને જ તમામ માહિતી મેળવી શકે તે માટે 'મતાધિકાર' ઍપ વિકસાવવામાં આવી છે. થાણેના નાગરિકો આ ઍપ પરથી પોતાના મતદાન કેન્દ્રની સંપૂર્ણ માહિતી ફક્ત એક ક્લિક પર મેળવી શકશે. ચૂંટણીમાં મતદારો ચૂંટણી પ્રક્રિયા બાબતે તમામ માહિતી સરળતાથી મેળવી શકે, તે રાજ્યના ચૂંટણી પંચ દ્વારા 'મતાધિકાર' મોબાઈલ ઍપ પર તમામ પ્રકારની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. પ્લે-સ્ટોર પરથી 'મતાધિકાર' મોબાઈલ ઍપ ડાઉન લોડ કર્યા બાદ મતદારોને પોતાના મતદાન રજિસ્ટ્રેશન સંબંધિત તમામ માહિતી સરળતાથી ઉપલબ્ધ થશે. ઍપમાં સંબંધિત મહાનગરપાલિકા, જિલ્લા વિધાનસભા અથવા વોર્ડ જેવી તમામ મૂળભૂત વિગતો ભર્યા બાદ મતદારોને મતદાન કેન્દ્ર, મતદાર ઓળખપત્ર (EPIC ) નંબર મતદાન કેન્દ્રનો સંપૂર્ણ એડ્રેસ, મતદાનની તારીખ અને સમય સહિત આવશ્યક તમામ માહિતી એક ક્લિક પર ઉપલબ્ધ થશે. આ ઍપને કારણે મતદારોને ચૂંટણી પંચની ઓફિસના ચક્કર કાપવાથી અને મતદાર યાદીમાં નામ શોધવાથી રાહત મળશે. ખાસ કરીને પહેલી વખત મતદાન કરનારા યુવકો, સ્થળાંતર કરનારા નાગરિકોને તેમ જ જેમને પોતાના મતદાન કેન્દ્ર અથવા મતદાર ઓળખપત્ર નંબર ખબર નથી એવા મતદારો માટે આ ઍપ ઉપયોગી સાબિત થશે.

નવમા પાનાનું ચાલુ

### મારી ભૂલ થઈ

હતી. કદમે કોર્ટને એમ પણ કહ્યું કે સંબંધિત પત્ર પાછો ખેંચી લેવામાં આવ્યો છે અને ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટને તેના વિશે જાણ કરવામાં આવી છે.

ગયા અઠવાડિયે કોર્ટે તાકીદની સુનાવણી હાથ ધરીને મુંબઈ મહાનગરપાલિકા કમિશનરના પત્ર પર સ્ટે આપ્યો હતો. સાથે જ આ આદેશ કયા અધિકાર હેઠળ આપવામાં આવ્યો? તેવી પૃચ્છા કરીને કોર્ટે કમિશનરના અધિકારો અને કાર્યક્ષેત્ર પર સવાલ ઉઠાવ્યા હતા. એટલું જ નહીં આ અંગેનું સ્પષ્ટીકરણ કમિશનરે પોતે એફિડેવિટ દાખલ કરીને આપવું જોઈએ તેવો આદેશ પણ કોર્ટે આપ્યો હતો. તે પૃષ્ઠભૂમિમાં સોમવારે આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. તે સમયે કોર્ટે કમિશનરના નિવેદનનો સ્વીકાર કર્યો હતો અને કેસનો નિકાલ કરવાનો ઇનકાર કર્યો હતો. હકીકતમાં, તેણે ભૂલ સ્વીકારી હતી અને હવે કોર્ટે કહ્યું હતું કે અંતિમ સુનાવણી દરમિયાન તેમણે આદેશ જારી કરવા અંગે પોતાનો બચાવ કરવો જોઈએ.

### ભારતથી

જણાવ્યું હતું. ચંદ્રપુરના ખેડૂત રોશન કુડેએ તાજેતરમાં અવયવ પ્રત્યારોપણ સંબંધી એક વીડિયો વાયરલ કર્યો હતો, જેની તપાસમાં આઘાતજનક આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય રૅકેટનો પર્દાફાશ થયો હતો. વીડિયોમાં ખેડૂતને લોનની ચુકવણી માટે કઈ રીતે કિડની વેચવા મજબૂર કરાયો તેની જાણકારી છે. કમ્બોડિયામાં લઈ જઈને તેની કિડની કાઢવામાં આવી હતી અને બદલામાં માત્ર આઠ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા.

આ કેસની તપાસ દરમિયાન પોલીસે મોબાઈલ ફોનના રેકોર્ડની ચકાસણી કરી હતી. તપાસમાં આ રૅકેટ ભારત બહાર વિસ્તરેલું હોવાની ખાતરી થઈ હતી. એજન્ટ્સ, ડૉનર્સ અને ડૉક્ટરોની મિલીભગતથી આ રૅકેટ ચાલતું હોવાનું સામે આવ્યું હતું. ડિજિટલ ફૂટપ્રિન્ટ્સને આધારે પોલીસે ગેરકાયદે શસ્ત્રક્રિયામાં કથિત રીતે સંડોવાયેલી હૉસ્પિટલને ઓળખી કાઢી હતી. કુડે સોશ્યલ મીડિયા મારફત એજન્ટના સંપર્કમાં આવ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### તપોવનના જ નહીં

વિભાગના વૃક્ષ કાપનારા કર્મચારીઓને વૃક્ષો કાપવાની પરવાનગી માગવામાં આવી ત્યારે તેઓએ તેમને ૧૯ ઓગસ્ટનો પત્ર બતાવ્યો હતો, જેમાં અકસ્માતગ્રસ્ત વૃક્ષો અને ડાળીઓ કાપવા માટે ફક્ત ૩૦ દિવસનો સમય લંબાવવામાં આવ્યો હતો. ઉપરોક્ત પત્ર ૧૮ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થઈ ગયો હતો, તેથી ૧૯ ડિસેમ્બરે વૃક્ષો કાપવાનો અધિકાર ન હોવાની યાદ અપાવ્યા પછી સ્ટાફ ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ એડવોકેટ પિંગલેએ તરત જ તે જ દિવસે સાંજે પાંચ વાગ્યે ગ્રીન ટ્રિબ્યુનલ પુણેમાં જાહેર બાંધકામ વિભાગ, વિભાગીય વન અધિકારી નાશિક, મહારાષ્ટ્ર સરકાર, મુખ્ય વન સંરક્ષક અને મહારાષ્ટ્ર રાજ્ય વૃક્ષ સત્તામંડળ સામે મૂળ અરજી દાખલ કરી હતી. પરંતુ નાતાલની રજાઓને કારણે સોમવારે તેની સુનાવણી થઈ. ગ્રીન ટ્રિબ્યુનલે વચગાળાનો આદેશ પસાર કરતા જણાવ્યું છે કે સંપૂર્ણ નાશિક જિલ્લામાં સંપૂર્ણ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને અને વૃક્ષ કાપવાની પરવાનગી મેળવ્યા વિના એક પણ વૃક્ષ કાપવું નહીં.

### નાર્વેકર સામેની

કરવાનો આરોપ લગાવ્યો છે.

દક્ષિણ મુંબઈના કોલાબાના ભાજપના ધારાસભ્ય નાર્વેકરે આરોપોને પાયાવિહોણા અને રાજકારણ પ્રેરિત ગણાવીને ફગાવી દીધા છે. નાર્વેકરે સોમવારે જણાવ્યું હતું કે ૧૫ જાન્યુઆરીએ યોજાનારી નાગરિક ચૂંટણી માટે તેમના ત્રણ ઉમેદવારોમાંથી બેના ઉમેદવારી પત્રો સ્વીકારાયા બાદ જનતા દળ (સેક્યુલર) એ પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી છે. પક્ષે પોતે રાજ્ય ચૂંટણી કમિશનરને જાણ કરી હતી કે ત્રણમાંથી બે ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવ્યા હોવાથી પોતાની ફરિયાદ પાછી ખેંચી રહ્યા છે.

નાર્વેકરે દાવો કર્યો હતો કે પાર્ટીને પોતાના નામાંકનોની સ્થિતિ ખબર નથી અને ફરિયાદ દાખલ કરીને આરોપ લગાવીને તેમની વિરુદ્ધ 'ફેક નેરેટિવ' ઉભો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ મુદ્દા પર વધુ ચર્ચા કરવાની જરૂર નથી કારણ કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે પ્રચાર ચાલી રહ્યો છે. ઉમેદવારોએ નિર્ધારિત માળખા મુજબ તેમના ફોર્મ ભર્યા છે અને ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે, એમ તેમણે ઉમેર્યું. પૂર્વ સાંસદ રાઠોડની વ્યક્તિગત ફરિયાદ હજુ પણ બાકી છે, તેના પર નાર્વેકરે કહ્યું, જે પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે તેની સંબંધિત અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવશે. જો ફરિયાદમાં કોઈ તથ્યો નહીં હોય, તો યોગ્ય પગલાં લેવામાં આવશે.

### હવાની ગુણવત્તા

એક્યુઆઈ નોંધાયો હતો. તો બાન્દ્રામાં ૧૯૬, બાન્દ્રા પૂર્વમાં ૧૯૯, બીકેસીમાં ૧૯૨, બોરીવલી પૂર્વમાં ૧૮૭, બોરીવલી પશ્ચિમમાં ૧૯૨, ચારકોપમાં ૧૯૬, ચેમ્બુરમાં ૨૦૬, છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ ઍરપોર્ટવિસ્તાર ૨૦૨, કોલાબામાં ૧૮૮, દેવનાર ૨૦૩, કુર્લામાં ૨૦૦, મલાડ પશ્ચિમમાં ૨૦૩, મઝગાંવમાં ૨૦૫, એક્યુઆઈ નોંધાયો હતો. મુંબઈમાં સામાન્ય રીતે શિયાળાની મોસમમાં ઓછા તાપમાન અને પવનની ધીમી ગતિને કારણે પ્રદૂષણના કણો વાતાવરણમાં ઉપર જવાને બદલે નીચે હવામાં જ તરતા હોય છે અને તેને કારણે પ્રદૂષણનું પ્રમાણ વધી જતું હોય છે. મુંબઈમાં પ્રદૂષણનું પ્રમાણ વધવા માટે ઔદ્યોગિક ઉત્સર્જન, કન્સ્ટ્રકશન સાઈટ પર નિર્માણ થનારી ધૂળ, રસ્તા પરની ધૂળ, કારખાનામાં થતું ઉત્સર્જન, કચરો બાળવો, કારખાના અને વાહનવ્યહારને કારણે નીકળતા ધુમાડાને કારણે પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે.

### ૩૫ લાખના દાગીના

અને દાગીના કાઢ્યા હતા. અંદાજે ૩૫ લાખ રૂપિયાના દાગીના તેણે સ્કૂટરની ડિકીમાં મૂક્યા હતા. પછી બજારમાં ખરીદી કરી તે ઘરે પહોંચી હતી. ઘરે પહોંચ્યા પછી સ્કૂટરની ડિકી ખોલતાં તેમાંથી દાગીના ગુમ હોવાનું જણાયું હતું.

ફરિયાદ મળતાં વસઈ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર બાળકૃષ્ણ ઘાડીગાંવકરે પોલીસ અધિકારીઓની બે ટીમ બનાવી તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા. મહિલાએ જે બૅન્કના લૉકરમાંથી દાગીના કાઢ્યા હતા પોલીસે તે પરિસરના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજ જોતાં પોલીસને ધ્યાનમાં આવ્યું હતું કે મહિલાએ ભૂલથી પોતાના સ્કૂટરને બદલે બીજી મહિલાના સ્કૂટરની ડિકીમાં દાગીના મૂકી દીધા હતા. ફૂટેજને આધારે પોલીસે એ સ્કૂટરનો નંબર પ્રાપ્ત કરી તેની વિગતો મેળવી હતી. આખરે બે કલાકની જહેમત પછી પોલીસ વસઈમાં જ રહેતી સુનીતા ગોન્સાલ્વિસના સ્કૂટર સુધી પહોંચી હતી. અલ્મેડાના સ્કૂટરનો કલર અને ગોન્સાલ્વિસના સ્કૂટરનો કલર સરખો હોવાથી આ ભૂલ થઈ હતી. જોકે એક જ ચાવીથી બન્ને સ્કૂટરની ડિકી કઈ રીતે ખૂલી તેની તપાસ પોલીસ કરી રહી છે. ગોન્સાલ્વિસના સ્કૂટરમાંથી મળેલા દાગીના અલ્મેડાને પાછા સોંપવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### આર્થિક રોકાણની

હતો. પોલીસ બન્ને હોટેલમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓની શોધ ચલાવી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીએ ગયા વર્ષે જ વ્યવસાય શરૂ કર્યો હોવાથી તેને રોકાણકારોની જરૂર હતી. એમાં ૧૩ ડિસેમ્બરે અંકિત નામના શખસે ફરિયાદીને વ્હૉટ્સઍપ કૉલ કર્યો હતો. ફરિયાદીના વ્યવસાયમાં રોકાણ કરવાની પોતાની ઇચ્છા હોવાનું અંકિતે કહ્યું હતું. આ અંગે ચર્ચા કરવા ફરિયાદીને મીરા રોડ આવવાનું કહેવામાં આવ્યું હતું. ફરિયાદી ૧૫ ડિસેમ્બરે મીરા રોડ પહોંચ્યો ત્યારે તેને એક થ્રી સ્ટાર હોટેલમાં બોલાવવામાં આવ્યો હતો. હોટેલની રૂમમાં પહોંચેલા ફરિયાદી સાથે અમુક ચર્ચા કર્યા પછી આરોપીએ કંપનીના બૅન્ક ખાતાની વિગતો અને પાસવર્ડ આપવાનું કહ્યું હતું. ફરિયાદીએ ખાતાની વિગતો અને પાસવર્ડ આપવાનો ઇનકાર કરતાં તેને પિસ્તોલ અને ચાકુની ધાકે બે શખસે બાનમાં લીધા હતા.

### ઠાકરે v/s ભાજપ-શિંદે

રોકવા બંને ભાઈઓએ હાથ મિલાવ્યા હોવાનું કહેવાય છે પણ પણ હકીકતમાં ઉદ્ધવની સાથે જ રાજ માટે પોતાના પક્ષનું અસ્તિત્વ ટકાવી રાખવા આ ચૂંટણી જીતો યા મરો જેવી બની રહેવાની છે. દેશની જ નહીં પણ એશિયાથી સૌથી શ્રીમંત કહેવાતી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોઈ પણ ભોગે બહુમતી મેળવી રાજ કરવું એ દરેક રાજકીય પક્ષોનું સપનું હોય છે, તેમાં હવે લગભગ નવ વર્ષ બાદ થઈ રહેલી મુંબઈમહાનગરપાલિકાની ચૂંટણી છેલ્લી બે ચૂંટણી કરતા આ વર્ષે અલગ બની રહેવાની છે.

લગભગ ૨૫ વર્ષ સુધી ભાજપ સાથે મુંબઈ મહાનગરપાલિકા શાસન કરનારી શિવસેનાનું વિભાજન થયા બાદ પહેલી વખત ઉદ્ધવ ઠાકરેની શિવસેના ભાજપના સાથ વગર આ ચૂંટણી લડી રહી છે. જોકે ઉદ્ધવની સેના રાજ ઠાકરેની મનસે સાથે યુતિ કરીને મેદાનમાં ઉતરી છે. તો ભાજપ અને શિંદે સેનાની યુતિ સાથે ચૂંટણી લડી રહી છે.

### હવે સોમવારથી

અને પછી આરેથી આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન વચ્ચે મુસાફરોનો પ્રતિસાદ ઓછો હતો, પરંતુ આ લાઇન પૂર્ણ ક્ષમતાથી એટલે કે આરેથી કફ પરેડ સુધી દોડવા લાગ્યા પછી મહાલક્ષ્મી, ગિરગાંવ, કાલબાદેવી, સીએસએમટી, ચર્ચગેટ, વિધાન ભવન જેવા મહત્વપૂર્ણ સ્થળો મેટ્રો દ્વારા જોડાયા. ત્યારથી, મેટ્રો-થ્રીને પ્રતિસાદ વધવા લાગ્યો છે. હાલમાં ૧.૫ લાખથી વધુ મુસાફરો ભૂગર્ભ મેટ્રોમાં મુસાફરી કરે છે, જેમાં સૌથી વધુ સંખ્યા સીએસએમટીથી મુસાફરી કરે છે. મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને એમએમઆરસી એ સોમવારથી મેટ્રો ટ્રેનોની ફેરીમાં વધારો કર્યો છે. એમએમઆરસી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, સોમવારથી શુક્રવાર સુધી મેટ્રો સેવાઓની સંખ્યામાં ૨૭નો વધારો કરવામાં આવ્યો છે. તેથી, હવે સોમવારથી શુક્રવાર સુધી આ રૂટ પર ૨૬૫ સેવાઓને બદલે ૨૯૨ ટ્રેનો દોડશે. શનિવારે પણ મેટ્રોની સંખ્યામાં ૨૭નો વધારો થયો છે. જે શનિવારે ૨૦૯ ટ્રિપ્સ હતી તે હવે ૨૩૬ ટ્રિપ્સ હશે.

એમએમઆરસીએ જણાવ્યું છે કે સોમવારથી શુક્રવાર અને શનિવારની સેવાઓમાં વધારો થયો હોવા છતાં, રવિવારની સેવાઓમાં કોઈ વધારો થયો નથી. રવિવારે ૧૯૮ ટ્રિપ્સ હશે. રજાના દિવસે મુસાફરોની સંખ્યા ઓછી હોવાથી, આ દિવસે ટ્રિપ્સમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. મેટ્રો ૩ લાઇન પર મુસાફરોની સંખ્યામાં વધારો થવાથી, નવા વર્ષમાં ટ્રિપ્સમાં વધારો મુસાફરો માટે મોટી રાહત છે.

## હિન્દુ મરણ

મુંબઇ તથા કપડવંજના રહેવાસી સ્વ. પ્રમોદકુમાર ઓચ્છવલાલ પરીખ તથા સ્વ. પદમાબેન પરીખના સુપુત્ર. પ. ભ. સરસ્વતીબેન જેઠાલાલ પરીખના જમાઇ. સ્વ. બકુલેશભાઇ પ્રમોદકુમાર પરીખ અવસાન પામેલ છે. પત્ની : પ. ભ. શોભનાબેન પરીખ, ભાઇ-ભાભી : હરેનભાઇ અને ઉલ્લાસબેન પરીખ. પુત્રી-જમાઇ : જલ્પાબેન સચિનભાઇ ચોકસી, પુત્રી-જમાઇ: ભાવિનીબેન દેવાંગભાઇ પંડયા, પુત્ર-પુત્રવધૂ : અમીશભાઇ અને સિદ્ધિબેન પરીખ. પ્રાર્થનાસભા : ઠે. કપડવંજ દશા પોરવાડ પંચની વાડી ગાંધી ચોક કપડવંજ તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ શનિવાર સવારે ૧૦થી ૧૨.

**કોળી પટેલ**

ગામ દેસાઈવાડી હાલ અંધેરી વસંતભાઈ રણછોડદાસ પટેલ (ઉ.વ. ૮૬)નું શનિવાર, તા. ૩-૧-૨૬ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન તથા સ્વ. રણછોડદાસ પ્રેમજીના સુપુત્ર. તે દમયંતીબેનના પતિ. તે ચેતન, ચાંદની, ફાલ્ગુનીના પિતાશ્રી. તે અર્પણાબેન, નિલેશભાઈ તથા તુષારભાઈના સસરા. જાન્હવીના દાદા, તે શ્રેયસ અને નિહારના નાના. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૭-૧-૨૬ના રોજ બપોરે ૩ થી ૫. દશાસ્થ ઋગ્વેદ બ્રાહ્મણ સંઘ. સમર્થ મંદિર, ભાલેરાવ વાડી, હનુમાન માર્ગ, આઈસીઆઈસીઆઈ બેન્કની બાજુમાં, વિલેપાર્લે (ઈસ્ટ). પુચ્છપાણી બુધવાર, તા. ૧૪-૧-૨૬ના રોજ બપોરે ૩ થી ૪. તેમના નિવાસસ્થાન: સી-૨, નિર્માણ વિહાર કો-ઓપ. હા. સોસા., સુનીતા હોસ્પિટલ પાસે, પંપહાઉસ, અંધેરી (ઈસ્ટ). ખાતે રાખેલ છે.

**મોઢ વણિક**

બોટાદ નિવાસી હાલ મુંબઇ ઘાટકોપર સુમનભાઇ હિંમતલાલ વડોદરિયા (ઉં. વ. ૮૦) તે સ્વ. અરવિંદાબેનના પતિ. તે સ્વ. ગુણવંતભાઇ, તુષારભાઇ, ઇન્દુબેન, સુશીલાબેન, સ્વ. હંસાબેન તથા સ્વ. ભીખુભાઇના ભાઇ. ધર્મેશ અને સ્વ. કેતનના પપ્પા. તે કંચન અને ગં. સ્વ. જીજ્ઞાના સસરા. સ્વ. કાંતિલાલ બાબુલાલ મહેતાના જમાઇ અને વૃંદાના દાદા તા. ૪-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૬-૧-૨૬ના ૫થી ૭. ઠે. બાલ્કનજી બારી, રાજાવાડી રોડ નંબર૩, રાજાવાડી ગાર્ડન પાસે, ઘાટકોપર ઇસ્ટ.

**કપોળ**

પ્રતાપરાય દેવીદાસ પારેખ (ઉં. વ. ૮૭) ગામ મહુઆ તા. ૧-૧-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. કમળાબેન પ્રતાપરાય પારેખ (પત્ની) નિલેશ અને ગીતા પારેખ, અલ્પેશ અને નિશા પારેખ, કૃષ્ણા અને કરીના પારેખ (પૌત્ર અને પૌત્રી) લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન હરીરામ ઠાકરશી ચંદે કચ્છ ગામ મઉ મોટી હાલ મુલુંડના મોટા પુત્ર લક્ષ્મીદાસ (લખુભાઇ) (ઉં.વ.૭૧) તે સ્વ. જમનાબેનના પતિ. સ્વ. નવીનભાઇ, જીતેન્દ્રભાઇ, સ્વ. વનિતાબેન અરુણ સોમૈયા, અ. સૌ. લક્ષ્મીબેન અરવિંદભાઇ બારૂ, ગં. સ્વ. ચંદ્રિકાબેન રમેશભાઇ બારૂના મોટા ભાઇ. તે કલ્પેશ, અ. સૌ. નેહલ હિતેન તન્ના, અ. સૌ. જલ્પા ચેતન તન્નાના પિતા. સ્વ. વિશનજી પ્રધાન રાયચના કચ્છ ગામ ફરાદીના જમાઇ. વૈભવીના સસરા. તા. ૩-૧-૨૬ શનિવારના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૧-૨૬ના મંગળવારે ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, મુલુંડ.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

હાલ ભાવનગર, મનુભાઇ હરગોવિંદદાસ મહેતા (ઉં.વ. ૯૦) તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. દામોદરભાઈ, દયેશભાઈ, કૃષ્ણકાંતભાઈ, ઇલાબેન, નીતાબેન તથા રીટાબેનના પિતાશ્રી. મનીષાબેન, હર્ષાબેન, મીરાબેન, ભાનુચંદ્ર પારેખ, કેતનકુમાર મહેતા, કૌશિકકુમાર પારેખના સસરા. દેવ્ય, હિરવા, દિક્ષિતા અને મન્મથના દાદાજી. તા. ૨/૧/૨૬ના મુંબઈમાં શ્રીજીચરણ પામેલ છે. કિરીટભાઇ હરગોવિંદદાસ પારેખના બનેવી.

લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ભંડુરીવાળા હાલ મીરા રોડ, અ.સૌ. કલ્પના (ઉં.વ. ૫૭) તે કનૈયાલાલ કલ્યાણજી તન્નાની ધર્મપત્ની. વિકકી અને મેહુલના માતા. ફલક તથા ધ્રુવ વિક્કી તન્નાના દાદી. દેવડાવાળા સ્વ. બટુકભાઈ નરસીદાસ રૂપારેલિયાની જ્યેષ્ઠ પુત્રી. ભરત(સ્વ.) અને રાજુના મોટાંબહેન સોમવાર, તા. ૫/૧/૨૬ના શ્રીજીચરણ પામેલાં છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૬/૧/૨૬એ ૯ થી ૧૧. સરનામું: હિરાકો એમિનેન્સ સોસાયટી બેંક્વેટ હૉલ, સંવાદ સ્ટુડિયોની બાજુમાં, કાશીમિરા પોલીસ ચોકીની પાછળ, મીરા રોડ ઈસ્ટ.

**ગુર્જર સુથાર**

ગામ ભડી ભંડારીયા (ભાવનગર) હાલ મલાડ હરેશ બાબુલાલ કનોજીયા (ઉં.વ. ૬૯) તે મીનાબેનના પતિ. નીખિલ, ડિમ્પલ વરૂણ મોદીના પિતાશ્રી. સ્વ. પ્રવીણભાઇ, સ્વ. નરેશભાઇ, સ્વ. યોગેશભાઇના ભાઇ. વિશાલ પ્રવીણભાઇ કનોજીયાના કાકા. તા. ૪-૧-૨૬ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૧-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, ત્રીજે માળે, અક્ષરધામ કોમ્પ્લેક્સ, મિલાપ પેટ્રોલ પંપ પાસે, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ).

**કપોળ**

ભાવનગરવાળા (હાલ ચેમ્બુર) જગજીવનદાસ સંઘવીના સુપુત્ર મધુસુદન (ઉં. વ. ૯૪) તે સ્વ. જયોત્સનાબેન (જશીબેન)ના પતિ. તે સ્વ. શિલ્પા જનક ગાંધી અને સંગીતાના પિતાશ્રી. મલ્લિકા અનુજ ચોકસીના નાના. સસરા પક્ષે અમરેલીવાળા રમાબેન અને વનરાવનદાસ વોરાના જમાઇ રવિવારે તા. ૪-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

અરવિંદભાઇ પિતાંબરદાસ ઠક્કર (આડઠક્કર)ના પત્ની સ્વ. રોહિણીબેન (ઉં.વ. ૮૧) તા. ૪-૧-૨૬ના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ. ડો. જયાબેન મેઘજીભાઇ કતીરાની પુત્રી. તે અમિતના માતુશ્રી. શિલ્પાના સાસુ. ભાવિની આદિત્યના દાદીમા. સ્વ. અનુપભાઇ, સ્વ. ડો. મનિષા અને મયુરેશભાઇના બેન. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન રણછોડદાસ પ્રાગજી ઠક્કર (પાંધી) મૂળ ગામ બિદડા હાલ માટુંગાના સુપુત્ર ભૂપેન્દ્ર (ઉં.વ. ૭૬) તા. ૪-૧-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. રેણુકાબેનના પતિ.અ. સૌ. જસ્મિનાના પિતા. જતિશ તુલસીદાસ મોક્યાના સસરા. સ્વ. કમલ, હેમરાજ, ધનેશ, સ્વ. રમા લીલાધર ઘિરાવાણી, ગં. સ્વ. દેવયાની કિશોર ભીંડે (રાયપુર), ગં.સ્વ. અરુણા શશીકાંત ઠક્કર (સાંગલી) તરલા સુભાષ તન્ના (પૂના), ગં. સ્વ. ધનવન્તિ ભૂપેન્દ્ર ગણાત્રાના ભાઇ. સ્વ. ખીમજી કુંવરજી કારીઆના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી દરજી**

સ્વ. મહેન્દ્ર જમનાદાસ સુરતી તા. ૩૦-૧૨-૨૫ના મંગળવારના અવસાન થયેલ છે. જે મૂળ સુરતના અને હાલ સાંતાક્રુઝ વેસ્ટ નિવાસી. પિતા : સ્વ. મહેન્દ્ર જમનાદાસ સુરતી. પત્ની અનિલા મહેન્દ્ર સુરતી. પુત્ર : પ્રશાંત, જિમેશ. પુત્રવધૂ : નિકિતા જિમેશ સુરતી. પૌત્ર : આહાન જિમેશ સુરતી. પ્રાર્થનાસભા (બેસણું) તા. ૧૦-૧-૨૬ શનિવારના સાંજે ૪થી ૬. ઠે. ૧૪, મહેશ્વર નિવાસ, તિલક રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. તારાબેન તુલસીદાસ ભાઇચંદ મહેતાની સુપુત્રી કોકીલાબેન (કોકી) (ઉં. વ. ૮૪) તે સ્વ. રમેશભાઇ, સ્વ. મહેશભાઇ તથા મૃદુલાબેનના બેન. ચંદ્રીકાબેન, વર્ષાબેનના નણંદ. તા. ૩-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી, જયસુખલાલ શાહ (ઉં.વ. ૯૨) તે ગજીબેન પાનાચંદના દીકરા તારીખ ૪ જાન્યુઆરી, ૨૦૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. શ્રીમતી દમયંતીબેનના પતિ. અમૃતલાલ દગડુચંદના જમાઈ. સ્વ. વિપુલ, સુનિલ, જિમ્મી કેતન શાહના પિતા. રેવતીલાલ, રમણલાલ અને જસવંતલાલના ભાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી રાધનપુર જૈન**

વેળાવદર નિવાસી હાલ મુંબઈ, સ્વ. મનહરલાલ અમૃતલાલ શાહ (ભાલવાળા)ના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં.વ. ૯૧) તે સમીર, સંજય, સંગીતા તથા સોનલના માતુશ્રી. શ્રધ્ધા, સેજલ, ચેતનભાઈ, સુનિલભાઈના સાસુ. સ્વ. કનૈયાલાલ, સ્વ. પ્રવિણચંદ્ર, મહેન્દ્રભાઈ, સ્વ. મયુરભાઈ, પ્રભાબેન, સ્વ. રંજનબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. શાંતિભાઈ કાંતિભાઈ, લીલાવંતીબેન, સ્વ. વિજયાબેનના બહેન. ૪/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

રાજપરા જેસર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. રંભાબેન જયંતીલાલ ગુલાબચંદ મહેતાના સુપુત્ર વિનોદરાય જયંતીલાલ મહેતા (ઉં.વ. ૭૩) તા. ૩-૧-૨૬ના અવસાન પામેલ છે. તે દેવીબેનના પતિ. ઉમંગના પિતાશ્રી. સ્વ. ચંદ્રકાન્તભાઈ, કીર્તિભાઇ, કિશોરભાઈ, રંજનબેન છબીલદાસના ભાઈ. ટ્વિંકલના સસરા. સ્વસુરપક્ષે રમણીકલાલ કપૂરચંદ સાવરકુંડલાવાળાના જમાઈ. પિતૃવંદના ગુરુવાર, તા. ૮-૧-૨૬ના ૧૦.૦૦ થી ૧૨.૦૦. જૉલી જિમખાના, ઘાટકોપર વેસ્ટ.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ નખત્રાણાના ઘાટકોપર નિવાસી હાલે સિંગાપોર, પારસ મોહનલાલ મહેતા (ઉં.વ. ૫૫) રવિવાર, તા. ૪-૧-૨૬ના ઘાટકોપર મુકામે અરિહંતશરણ પામેલ છે. તે માતૃશ્રી કમળાબેન મોહનલાલ પોપટભાઈ મહેતાના સુપુત્ર. શ્રુતિબેનના પતિ. કેયા તથા સ્વરાના પિતાશ્રી. સંગીતાબેન નિખિલભાઈ શાહ, ગીતાબેન હિતેનભાઈ મહેતાના ભાઈ. ગીતાબેન નીતિનભાઈ બાબુભાઈ ભટ્ટના જમાઈ. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૭-૧-૨૬ના ૪.૦૦. થી ૬.૦૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર ઇસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મકડાના ગં.સ્વ. ખેતબાઈ વિશનજી ગાલા (ઉં.વ. ૭૭) તા.૩-૧-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી મીઠાંબાઈ જેઠાભાઈ દેશુના પુત્રવધૂ. સ્વ. વિશનજી જેઠાભાઈના પત્ની. સ્વ. કુસુમ, કિર્તિ, સ્વ. જીતેન્દ્ર, રિંકુના માતુશ્રી. કોટડા (રોહા) મેઘબાઈ આસુ ચાંપશી વિકમાણીના પુત્રી. દેવરાજ, પ્રેમીલા હરશી, દેવપુર રંજન ચંદ્રકાંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. નિ. રિંકુ વીરા, બી/૫૦૨, વૃંદાવન ટાવર, ફીનીક્સ હોસ્પિટલની સામે, ચીકુવાડી, બોરીવલી (વે).

કોડાયના કુમારી નયનાબેન ડુંગરશી ગાલા (ઉં.વ. ૪૮) શનિવાર, તા. ૩-૧-૨૬ના દેહ પરીવર્તન કરેલ છે. સોનીબેન કેશવજી હીરજી ગાલાના પૌત્રી. સ્વ. જયવંતીબેન ડુંગરશી ગાલાના પુત્રી. કુંદરોડીના અલ્કા હીતેન દેઢીયા, રામાણીયાના જ્યોતિ હરેશ રાંભીયાના બેન. બિદડાના સ્વ. લધીબેન શામજી શીવજી વીરાના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. કોઇએ શોક પાળવો નહીં. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. ઠે. નયના ડુંગરશી ગાલા, એ/૨૦૩, કોડાય એપાર્ટમેન્ટ, દત્ત મંદિર રોડ, મલાડ (ઇ.).

કપાયાના નાનબાઈ હંસરાજ સંગોઇ (ઉં.વ. ૮૮) તા. ૩-૧-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી ખેતબાઈ જેઠા રતનશીના પુત્રવધૂ. હંસરાજ જેઠાના ધર્મપત્ની. ભાનુ, રમણીક, જયશ્રી, સ્વ. અતુલના માતુશ્રી. ભુજપુર લાછબાઈ લીલાધર વેલજી, લુણી જમનાબેન ખીમજી હેમરાજ ગલિયાના સુપુત્રી. ભુજપુર મોણશી (બાબુ), લુણી ચીમન, નેમજી, પત્રી ધનબાઈ લખમશી, મો. ખાખર મણી વસંત, દેપા હેમકુંર નાનજી, કારાઘોઘા પ્રભા કાંતિના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતિ ધારશી, સિધ્ધેશ દીપ, ડી વિન્ગ, બાલારામ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, (ઇ).

મકડા હાલે ગઢશીશાના શ્રી ખુશાલ મુરજી ગાલા (ઉં.વ. ૭૦) તા. ૩-૧-૨૬ના અરિહંત શરણ પામેલ છે. આસબાઈ મુરજીના પુત્ર. જ્યોતિના પતિ. શિલ્પા, દિમી, વિશાલના પિતા. મણીબેન, રતનશી, ગુલાબ, તારાચંદ, હરીશના ભાઈ. સુંદરબેન માવજીના જમાઈ. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈ.શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

રાયણના શ્રી ખુશાલ મુલચંદ છેડા (ઉં.વ. ૬૭) તા. ૩-૧-૨૬ના અવસાન પામેલ છે. ભાનુમતી મુલચંદના પુત્ર. જ્યોત્સનાના પતિ. અંકુરના પિતા. મહેન્દ્ર, લલીતના ભાઇ. મેઘબાઈ વેલજીના જમાઇ. પ્રાર્થના : શ્રી વ.સ્થા. જૈ. સં. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ૪ થી ૫.૩૦.

હાલાપુરના કલાવંતી ગોવિંદજી મારૂ (ઉં.વ. ૬૨) તા. ૩-૧-૨૬ના અવસાન પામેલ છે. રાણબાઇ ભવાનજી જેઠાના પુત્રવધૂ. ગોવિંદજીના ધર્મપત્ની. સચીન, દિપકના માતુશ્રી. લક્ષ્મીબેન પ્રેમજી વિકમાણીના સુપુત્રી. દિનેશ, વસંત, હિતેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. ગોવિંદજી મારૂ, જે-૫૦૫, નવનીત નગર, દેશલેપાડા, ડોંબિવલી (ઇ).

કપાયાના કલ્પેશ શાંતિલાલ ગોગરી (ઉં.વ. ૪૩ ) તા. ૪-૧-૨૬ના અવસાન પામેલ છે. ખેતબાઈ હંસરાજ ભચુના પૌત્ર. સ્વ. પ્રભા શાંતિલાલના પુત્ર. સ્વ. વિપુલ, રિંકુના ભાઈ. ભુજપુરના સ્વ. મણીબેન કુંવરજી કરમશીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. રિંકુ અમિત છેડા, ૭૦૧/અ, સિદ્ધિવિનાયક ટાવર, વાય કે એનેક્સ નગર, એક્સપર્ટ સ્કુલની બાજુમાં, વિરાર વેસ્ટ.

સમાઘોઘાના હરખચંદ સાવલા (ઉં.વ. ૭૮) તા. ૩-૧-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. વેલબાઇ નાગશી સાવલાના સુપુત્ર. રંજનબેનના પતિ. ચાર્મીના પિતા. સ્વ. તેજશી, સ્વ. સાકરબેન, સ્વ. લતાબેન, સ્વ. ચંચલબેન, સ્વ. પ્રવિણાબેન, સ્વ. નીતીનના ભાઇ. બાડાના સ્વ. જેઠીબાઇ ખીમજી માલદેના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રંજનબેન સાવલા, બુલફો સોસાયટી, બી-૧૦૬, સેક્ટર-૯/એ, વાશી, નવી મુંબઇ-૪૦૦૭૦૩.

ચીઆસરના અ.સૌ. બિનલ ધવલ મારૂ (ઉં.વ. ૩૪) તા. ૪-૧-૨૬ના અવસાન પામેલ છે. પ્રતિભા શાંતિલાલ મારુના પુત્રવધૂ. ધવલના પત્ની. અંશના માતા. નયના નરેન્દ્રની પુત્રી. પરાગ, ધીરેન, આશિષ, પૂજા, નીધીના બહેન. પ્રાર્થના : શ્રી જીરાવલા દેરાસર વાડી, ઘાટકોપર (પૂર્વ) ૨ થી ૩.૩૦. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. નિ. ધવલ મારૂ, બિલ્ડીંગ નં. ૫, પુનિત નગર, સાવંત પાર્ક, અંબરનાથ (પૂર્વ)-૫૦૧.

**બે. દ. કુ. દી. જૈન**

શૈલેષકુમાર મીઠાલાલ શાહ (ઉં. વ. ૬૪) ગામ નવા હાલ મલાડ તે તા. ૩-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કંચનબેન મીઠાલાલ શાહના પુત્ર. રજનબેન શૈલેષકુમાર શાહના પતિ. અભિષેક અને ઇશીતાના પિતા. ઋષવી અને પ્રીતેશના સસરા. પ્રાર્થનાસભા તા. ૬-૧-૨૬ના સવારના ૯થી ૯.૪૫ શાસ્ત્ર પ્રવચન. ૧૦થી ૧૧.૩૦. ઠે. કપોળ વાડી, રામચંદ્ર એકસટેન્શન રોડ, કાંચપાડા, મલાડ (વેસ્ટ).મુંબઇ-૪૦૦૦૬૪.

**દશા શ્રીમાળી જૈન**

ઘાટકોપર નિવાસી (મૂળ વાંકાનેર) કુસુમબેન લલિતચંદ્ર શેઠ (ઉં. વ. ૯૫) તા. ૩-૧-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે અભિલાષ અને મૈનાકી રાજેન્દ્ર સંઘવીના માતા. સ્વ. ત્રંબકભાઇ ડાહ્યાલાલ સંઘવી (રાજકોટ)ના સુપુત્રી. દર્શનાના સાસુ. સલોની, ઋષભ, સુજય અને સ્નેહલના દાદીમા. ધ્વનિ, લક્ષ્મી, અમિતકુમારના મોટા સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

બેહરોઝ સામ સ્ક્રુવાલા તે સામના ધનીયાની. તે મરહુમો જાઇજી બેરામજી વાડીયાના દીકરી. તે સાવકના માતાજી. તે બેહરોઝના સાસુજી. તે પલ્લુ, એમી, મરહુમો ડોલી ને દીનશાના બહેન. તે કયારા, કૈઝર, કૈયનાઝના બપઇજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૮, મોનેક મેનશન, એમ. એમ. સી. રોડ, કનોસા કોન્વેન્ટ સ્કૂલ સામે, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૬-૧-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે સુનાવાલા અગિયારીમાં છેજી.

## પાયદસ્ત

જેમી તેહમુરસ વારીયાવા તે નવાઝના ધની. તે મરહુમો ઝરીન તેહમુરસ વારીયાવા તે ઝેનબીના પપા. તે મેહરનોશના સસરાજી. તે હોસી ને રોદાના ભાઇ. તે આરા, આફરીન, નાયઝરાના મમાવાજી. તે દીલનાઝ, જાહબકસ, નીલુફર ને મરહુમ મેહેરનાઝના કાકા. તે મરહુમો પીલુ નોશીરવાન ગારદના જમાઇ. (ઉં.વ.૬૨) રે. ઠે. ડી /૧૪, નવરોઝ બાગ, ડો. એસ.એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. પાયદસ્ત : તા. ૬-૧-૨૬ ને દીને સવારે ૭.૪૫ વાગે નીચેની તારાચંદ બંગલી નં.૪માં ડુંગરવાડી પર. ઉઠમણાંની ક્રિયા : તા. ૭-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે લાલબાગ અગિયારીમાં.

## મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**

હુશેની હકીમુદીન સોજીત્રાવાલા (બાલાસિનોરવાલા) તે સકીનાના સોહર, તે કાસીમ તથા મુનીરાના બાવાજી. મુંબઇ મુકામે ગુજરી ગયાં છે તા.૫-૧-૨૬.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો તરોતાજા

# લક્ષ્મી ને સરસ્વતીનો સંગમ

જો આપણી પાસે ફક્ત લક્ષ્મી હશે તો આપણને અહંકારી બનતાં વાર નહીં લાગે. અલબત્ત, લક્ષ્મીની સાથે સરસ્વતીનોય વાસ હશે તો આપણામાં શાલીનતા અને ઠાવકાપણું આપોઆપ આવી જશે. ધનદોલત ત્યાં જ લાંબો સમય ટકે છે જ્યાં સંપત્તિની સાથે વિદ્યા અને શાણપણ પણ અસ્તિત્વ ધરાવતાં હોય.

આપણાં શાસ્ત્રોમાં લક્ષ્મી અને સરસ્વતી બન્નેને શક્તિનાં સ્વરૂપ કહ્યાં છે. જો આપણી પાસે માત્ર સરસ્વતી (જ્ઞાન) હશે, પણ લક્ષ્મી (સંપત્તિ) નહીં હોય તો આપણે જીવનની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા માટે પણ સંઘર્ષ કરવો પડશે. સામે પક્ષે, માત્ર પૈસા હશે અને સરસ્વતી નહીં હોય તો આપણામાં ઘમંડ, અહમ, ઉદ્ધતાઈ વગેરે જેવા દુગુર્ણો આવી જશે જેના કારણે લાંબા ગાળે લક્ષ્મીજી નારાજ થઈને આપણને ત્યજીને જતાં રહેશે.

કમનસીબે, આજના જમાનામાં પૈસાની ભૂખ એટલી તીવ્ર થઈ ગઈ છે કે શિક્ષણ મેળવવા પાછળનો હેતુ પણ વિદ્યા પ્રાપ્ત કરીને જીવનને વધારે અર્થપૂર્ણ બનાવવાનો નહીં, બલકે માત્ર ને માત્ર નાણાં કમાવા માટેનો જ બની રહ્યો છે. આને લીધે પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે લોકો સારી ડિગ્રીઓ સારો રોજગાર મેળવવાના આશય માટે મેળવે છે. સારો રોજગાર એટલે? જેમાંથી સારા પૈસા મળે, તે.

આજે શિક્ષણ વેચી શકાય એવી જણસ બની ગઈ છે અને તેથી શિક્ષણને એક ધંધા તરીકે જોવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન તેઓ વિદ્યાર્થીઓને કઈ કક્ષાનું જ્ઞાન તેમ જ નીતિમૂલ્યો પૂરાં પાડે છે તેના આધારે નહીં, બલકે વિદ્યાર્થીને કેવી અને ક્યાં નોકરી અપાવી શકે છે તેના પરથી થાય છે. જે શિક્ષણસંસ્થાઓ વિદ્યાર્થીઓને ઊંચા પગારવાળી નોકરીઓ અપાવી શકે છે તેઓ વિદ્યાર્થીઓ પાસેથી વધુ ઊંચી ફી વસૂલ કરી શકે છે.

આવી શિક્ષણસંસ્થાઓ ઘણું કરીને વિદ્યાર્થીઓને જ્ઞાન નહીં પણ નાણાં કમાવામાં મદદ મળે તે માટેનાં કૌશલ્યો જ શીખવે છે. આને કારણે આપણે સમાજમાં એવી અનેક



મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

વ્યક્તિઓ જોઈએ છીએ જે ઊંચી ડિગ્રી મેળવીને સારાં એવાં નાણાં તો કમાઈ જાણે છે, પરંતુ જીવનમાં અન્ય પાસાઓમાં તેમણે ભારે સંઘર્ષ કરવો પડે છે. તેમની પાસે નાણાં કમાવાની આવડત તો હોય છે પણ જીવન સુંદર રીતે જીવવા માટે જરૂરી એવું ડહાપણ નથી હોતું.

આદર્શ સ્થિતિ તો એ છે કે સારી શિક્ષણસંસ્થાઓએ વિદ્યાર્થીઓના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થાય તે રીતે તાલીમ આપવી જોઈએ કે જેથી તેઓ જીવનમાં આવનારા દરેક પ્રકારના પડકારોનો હિંમત તેમ જ આત્મવિશ્વાસપૂર્વક સામનો કરી શકે.

એક સમય હતો જ્યારે શિક્ષકને ગામની સૌથી સન્માનનીય વ્યક્તિ ગણવામાં આવતા. આજે શ્રીમંત માણસને લાગે છે કે ભણતર તો ખરીદી શકાય એવી વસ્તુ છે. આથી તેનો નજરિયો જ બદલાઈ ગયો છે. આ બદલાયેલા અભિગમે બાળકોની વિચારપ્રક્રિયા પણ બદલી નાખી છે.

વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે ઉદ્ધતાઈથી વર્તતા હોય અને બદસલૂકી કરતા હોય એવાં ઉદાહરણો અવારનવાર જોવા મળે છે. શિક્ષકો પણ નાણાંની જાળમાં અટવાઈ ગયા છે. વિદ્યાર્થીઓ પર ખાનગી ટ્યુશન રાખવાનું દબાણ લાવીને અને કૉચિંગ ક્લાસીસ શરૂ કરીને તેઓ પણ પૈસા કમાવાની દોડમાં સામેલ થઈ ગયા છે.

ખેર, બીજાઓ પર દોષારોપણ કરવાને બદલે આપણે આપણી અંદર ઝાંકવું જોઈએ. આપણે જ્યારે કોઈને 'બિગ શોટ' અથવા તો મોટો માણસ કહીએ છીએ ત્યારે તે પાછળનો ભાવાર્થ શું હોય છે? શું આપણે એમ કહેવા માગતા હોઈએ છીએ કે એ માણસ ખૂબ પૈસાદાર છે કે એ ખાસ આવડત ધરાવે છે કે પછી એનું વ્યક્તિત્વ સંતુલિત અને પ્રભાવશાળી છે? આપણે ક્યારેક એમ પણ કહેતા હોઈએ છીએ કે ફલાણી વ્યક્તિ જીવનમાં સુખી છે. ખરેખર શું મતલબ હોય છે આ પ્રકારના વિધાનનો? શું આપણે એની સંપત્તિ અને આવકની વાત કરીએ છીએ કે એની વિશિષ્ટતાઓનો સંદર્ભ જોઈએ છીએ?

આપણા ધર્મગ્રંથોમાં સરસ્વતી અને લક્ષ્મીનો દેવી તરીકે ઉલ્લેખ કરાયો છે. તેમાં એવું ક્યાંય કહેવાયું નથી કે એક કરતાં બીજી દેવી ચડિયાતી છે.

આપણા જીવનમાં બન્નેનું સહઅસ્તિત્વ જરૂરી છે. બન્ને દેવી શક્તિનું પ્રતીક છે. એવી શક્તિ જેના થકી આપણે સમાજ તેમ જ ખુદનું કલ્યાણ કરી શકીએ અને ખુદ્દારીથી જીવી શકીએ. ■

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# ભારતમાં વીમા ક્ષેત્રે એફડીઆઈની મર્યાદા વધી...

## આનાથી થશે લાંબા ગાળાના અનેક લાભ



દેશમાં વીમા ક્ષેત્રે FDI (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ- વિદેશી પ્રત્યક્ષ રોકાણ) માટે પહેલી વાર વર્ષ ૨૦૦૦માં પરવાનગી આપવામાં આવી હતી. એ સમયે રોકાણની મર્યાદા ૨૬ ટકા હતી. વર્ષ ૨૦૧૫માં ઑટોમેટિક રૂટથી આવનારા એફડીઆઇની મર્યાદા વધારીને ૪૯ ટકા કરવામાં આવી. ઑટોમેટિક રૂટનું રોકાણ એટલે સરકારની આગોતરી મંજૂરી વગર લાવી શકાતું રોકાણ. વર્ષ ૨૦૨૧માં આ મર્યાદા ઑટોમેટિક રૂટમાં ૭૪ ટકા કરવામાં આવી અને વિદેશી કંપનીઓ ભારતીય કંપનીઓમાં માલિકી લઈ શકે એવી પરવાનગી આપવામાં આવી હતી. વર્તમાન નાણાકીય વર્ષથી આ મર્યાદા વધારીને ૧૦૦ ટકા કરવામાં આવી છે.

નોંધનીય છે કે ભારતમાં વીમા ક્ષેત્રનું નિયમન 'ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા' (ઇરડાઇ) કરે છે. વીમા ક્ષેત્રમાં જીવન વીમો, જનરલ ઇન્સ્યોરન્સ, રિ-ઇન્સ્યોરન્સ, આરોગ્ય વીમો અને વીમા ક્ષેત્રે કામ કરતી ઇન્ટરમીડિયટરી સંસ્થાઓનો સમાવેશ થાય છે. જે કંપનીઓમાં એફડીઆઇનું પ્રમાણ ૪૯ ટકા કરતાં વધારે હોય એમાં વહીવટી નિયંત્રણ ઇરડાઇએ નક્કી કરેલી માર્ગદર્શિકા મુજબ ભારતીય વ્યક્તિ પાસે હોવું જરૂરી છે.

### દેશમાં વીમા ક્ષેત્રનો વિસ્તાર

ભારત માટે અગત્યનો મુદ્દો એ છે કે FDI વધારે પ્રમાણમાં આવે તો વીમા કંપનીઓ પોતાના કામકાજનો વિસ્તાર કરી શકે છે અને વધુ પ્રમાણમાં દેશવાસીઓ સુધી વીમો પહોંચાડી શકે છે. વીમામાં અંડરરાઇટિંગનાં ધોરણો વધુ સારા બનાવવામાં વિદેશી કંપનીઓ મોટું યોગદાન આપી શકે છે. અંડરરાઇટિંગ એ એક પ્રક્રિયા છે, જેમાં વીમા કંપની કોઈ વ્યક્તિ અથવા સંપત્તિનો વીમા આપતાં પહેલાં એને લાગુ પડતાં જોખમોનું મૂલ્યાંકન કરે છે.

વધુ કંપનીઓ આવવાથી સ્પર્ધા વધે છે અને એને લીધે વધુ સારી પ્રોડક્ટ્સ તૈયાર થઈ શકે છે અને ગ્રાહકોને ઓછા પ્રીમિયમમાં વધુ સારી પ્રોડક્ટ્સ મળી શકે છે.

### મૂડીની જરૂરિયાત પૂરી થાય છે

અહીં જાણવું જરૂરી છે કે વીમા કંપનીઓને હંમેશાં વધારે અને લાંબા ગાળા માટે મૂડીની જરૂર હોય છે. આ જરૂરિયાત FDI દ્વારા પૂરી કરી શકાય છે. વિદેશની તુલનાએ ભારતમાં વીમાધારકોની સંખ્યા ઘણી ઓછી છે. જેઓ વીમો કઢાવે છે તેઓ પણ એમના માટે હોવું જોઈએ એના કરતાં ઓછું કવચ લેતા હોય છે. પ્રત્યક્ષ વિદેશી રોકાણની મદદથી વીમા કંપનીઓ પોતાના વિસ્તરણનું અને વધુ લોકો સુધી પહોંચવાનું આયોજન કરી શકે છે. આ રીતે, ગામડામાં વસતા ભારતીયોને પણ વીમાનો લાભ મળવાની શક્યતા વધી જાય છે.

### વિદેશી નિપુણતાનો લાભ

વિદેશી રોકાણની સાથે સાથે વીમાને લગતી એમની નિપુણતાનો લાભ પણ મળી શકે છે. વિદેશી રોકાણકારો પાસે અદ્યતન તંત્રજ્ઞાન અને વીમા ક્ષેત્રે આવશ્યક એવાં જોખમોનું આકલન કરવાનાં મૉડેલ ઉપલબ્ધ હોય છે. તેઓ ભારતમાં અંડરરાઇટિંગને લગતાં ધોરણો સુધારવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. ઉપરાંત, તેઓ ક્લેમને લગતી પ્રક્રિયા યોગ્ય રીતે પાર પાડવાનો અનુભવ ધરાવે છે, જેનો ઉપયોગ ભારતીય કંપનીઓ કરી શકે છે.

### રોજગાર સર્જનની સાથે આર્થિક વિકાસ

વીમા ક્ષેત્રનો વિસ્તાર થવાની સાથે રોજગારની નવી તકો સર્જાઈ શકે છે. આ રીતે વ્યક્તિઓ તથા બિઝનેસની આવક

વધી જાય છે, જે દેશના આર્થિક વિકાસ માટે ઉપયોગી હોય છે.

### નાણાકીય ક્ષેત્રને મદદ

વીમા ક્ષેત્ર વિકસે તો એનો લાભ બૅન્કિંગ અને રોકાણને લગતી નાણાકીય સેવાના ક્ષેત્રને પણ મળે છે. વધારે પ્રમાણમાં FDI આવવાથી કંપનીઓની નાણાકીય સ્થિરતા વધે છે અને એ વધુ સારી રીતે નિયમોનું પાલન કરી શકે છે.

અત્યાર સુધી આવેલા વધુ FDI ને પગલે વીમા કંપનીઓના વિસ્તરણ માટે વધારે મૂડી ઉપલબ્ધ થઈ છે.

ઘણી વીમા કંપનીઓએ ભારતીયોની જરૂરિયાતોને અનુરૂપ પ્રોડક્ટ્સ તૈયાર કરી છે. આ વીમા કંપનીઓ ડિજિટલ માધ્યમનો ઘણો અસરદાર ઉપયોગ કરે છે. પૉલિસી ખરીદવી હોય કે ક્લેમ સરળતાથી કરવો હોય, દરેક કામમાં ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

અહીં જણાવવું રહ્યું કે કોવિડના રોગચાળા બાદ વધુ FDI ને કારણે કેટલીક કંપનીઓમાં વધુ વિદેશી રોકાણ આવ્યું છે. વિદેશી કંપનીઓએ અત્યાધુનિક હેલ્થ પ્લાન લાવવા ઉપરાંત ટેલિમેડિસિન સર્વિસીસ તથા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ક્લેમ પ્રોસેસિંગની શરૂઆત કરી છે.

બીજી તરફ, વીમા ક્ષેત્રે રિ-ઇન્સ્યોરન્સનું ખૂબ જ મહત્ત્વ હોય છે. નોંધનીય છે કે FDI ની મર્યાદા વધવાને પગલે સ્વિસ રિ, મ્યુનિક રિ અને લોઇડ્સ જેવી રિ-ઇન્સ્યોરન્સ કંપનીઓ ભારતમાં કામકાજ શરૂ કરવા સક્રિય થઈ છે. આ કંપનીઓ ભારતની વીમા કંપનીઓને આર્થિક ટેકો પૂરો પાડે છે, જેથી એ મોટા ક્લેમ સરળતાથી સંભાળી શકે છે. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# વકરતી ઍસિડિટીનું મુશ્કેલ સ્વરૂપ : GERD જીઈઆરડી

ગયા અઠવાડિયે આપણે ઍસિડિટીની ચર્ચા કરી. સાથે એક વાત એ પણ નોંધી કે જો ઍસિડિટી સતત રહ્યા કરે તો આ કાયમી સમસ્યા 'ગેસ્ટ્રોએસોફેજલ રિફ્લક્સ રોગ' (GERD) તરીકે ઓળખાય છે. આયુર્વેદમાં, આ શારીરિક ઉપાધિને 'ઉર્દ્વગ અમ્લપિત્ત'કહે છે.

પિત્ત દોષના કારણે આ વિકૃતિ થાય છે. અન્નનળીમાં પ્રવેશવા માટે એસિડને અન્નનળીના તળિયે આવેલા વાલ્વમાંથી પસાર થવું જરૂરી છે, જે સામાન્ય રીતે એને ફરીથી ઉપર આવતા અટકાવે છે. આ વાલ્વને તમારા નીચલા અન્નનળીના સ્ફિન્ક્ટર (LES) કહેવામાં આવે છે. આ LES એક ગોળાકાર સ્નાયુ છે, જે આપણે ખોરાક ગળા નીચે ઉતારીએ ત્યારે ખુલે છે અને પછી પદાર્થો પેટમાં જ રહે તે માટે ફરીથી બંધ થઈ જાય છે. જ્યારે આપણને ઓડકાર આવે અથવા હેડકી આવે છે ત્યારે ગેસના પરપોટા બહાર નીકળવા માટે તે થોડું ખુલે છે.

એસિડ રિફ્લક્સ થવા પાછળનું એક કારણ LESનું નબળા પડી જવું પણ છે. કેટલીકવાર કામચલાઉને કારણે એ નબળું પડી શકે છે, જેમ કે ભારે ભોજન પછી તરત સૂવું, પરંતુ જો તમને 'GERD' હોય, તો તેનો અર્થ એ છે કે LES વારંવાર નબળું પડી રહ્યું છે.

**GERDનાં સામાન્ય કારણ...**

### હિઆટલ હર્નિયા

થોડી અટપટી એવી આ સમસ્યામાં જ્યારે પેટનો ઉપરનો ભાગ ડાયાફ્રેગમ (ઉદરપટલ) ના છિદ્રમાંથી ઉપર ધકેલાય છે જ્યાંથી આપણી અન્નનળી પસાર થાય છે ત્યારે હિઆટલ હર્નિયા થયો કહેવાય છે. તે અન્નનળીની બાજુમાં દબાઈ જાય છે, બંનેને સંકુચિત કરે છે અને એસિડને ફસાવે છે. તે LESને ઉદરપટલની ઉપર પણ ખસેડે છે, જ્યાં તે તેનો થોડો સ્નાયુબદ્ધ ટેકો ગુમાવે છે. હિઆટલ હર્નિયા ખૂબ જ સામાન્ય છે, ખાસ કરીને જેમ જેમ તમે વૃદ્ધ થાઓ છો. તે સામાન્ય રીતે ધીમે ધીમે થાય છે, અને સમય જતા વધુ ખરાબ થઈ શકે છે.


**ગર્ભાવસ્થાઃ** ગર્ભાવસ્થા એ કામચલાઉ ઍસિડ રિફ્લક્સનું એક સામાન્ય કારણ છે. તમારા પેટમાં દબાણ અને વોલ્યુમ ડાયાફ્રેગમના સ્નાયુઓને દબાણ, ખેંચાણ અને નબળા બનાવી શકે છે જે તમારા આ LESને ટેકો આપે છે. ગર્ભાવસ્થા હોર્મોન રિલેક્સિનનું ઉચ્ચ સ્તર લાવે છે, જે સ્નાયુઓને આરામ આપે છે જેથી તેઓ ગર્ભ માટે જગ્યા બનાવવા માટે ખેંચાઈ શકે. તે એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોનનું ઉચ્ચ સ્તર પણ લાવે છે, જે LESને નબળું કે ઢીલું પાડી શકે છે.

**સ્થૂળતાઃ** સ્થૂળતા પેટમાં દબાણ અને વોલ્યુમ વધારે છે, જે ગર્ભાવસ્થાની જેમ તમારા LES પર અસર કરે છે.

**ધૂમ્રપાનઃ** તમાકુનો ધુમાડો LESને નબળું પાડી શકે છે, પછી ભલે તમે ધૂમ્રપાન કરતા હો કે પછી ધૂમ્રપાન કરનારના સંપર્કમાં હો, (જે સેકન્ડ હેન્ડ સ્મોકિંગ તરીકે ઓળખાય છે.) ધૂમ્રપાનથી ઉધરસ પણ આવે છે જે LESને ઢીલું પાડે છે.

તે સિવાય અન્નનળીના એટ્રેસિયા અને હર્નિઆસ જેવી જન્મજાત ખામીઓ પણ કારણ હોઈ શકે છે.

### શું ઉંમર સાથે ઍસિડિટી વધે છે?



તેવું થવું શક્ય છે. ઉંમર વધવાની સાથે પાચનતંત્રને નબળું પાડી શકે છે અને વૃદ્ધોમાં એસિડ રિફ્લક્સનું જોખમ વધી શકે છે. દવાઓ અને વૃદ્ધત્વ સાથે સંકળાયેલી સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે પણ તે થઈ શકે છે.

### નિયંત્રણ માટે જીવનશૈલીમાં ફેરફાર

તમારી દિનચર્યામાં નાના ફેરફારો કરવાથી ઍસિડિટી નોંધપાત્ર રીતે ઓછી થઈ શકે છે. અજમાવવા જેવા કેટલાક ઉપાયો છે, જેમકે..

દિવસમાં વધુ વાર, નાના-નાના પ્રમાણમાં ભોજન લો, જમ્યા પછી તરત જ સૂવાનું ટાળો, સ્વસ્થ વજન જાળવી રાખો, યોગ, ધ્યાન અથવા કસરત દ્વારા તણાવનું સંચાલન કરો, રાત્રિના સમયે રિફ્લક્સ અટકાવવા માટે તમારા માથા તરફના ભાગને ઊંચાઈ પર રાખો.

### શું દહીં એસિડિટી માટે સારું છે?

હા, દહીં ઍસિડિટી માટે મદદરૂપ માનવામાં આવે છે. તે પેટને ઠંડક પહોંચાડે છે, બળતરાને શાંત કરવામાં મદદ કરી શકે છે, આંતરડામાં ફાયદાકારક બેક્ટેરિયાનો વિકાસ કરીને પાચન સુધારે છે. જોકે, તેનું સેવન મધ્યમ માત્રામાં કરવું અને ખાંડ અથવા મસાલાવાળા સ્વાદવાળા દહીં ટાળવું મહત્ત્વપૂર્ણ છે, જે ઍસિડિટીને વધારી શકે છે. જેમને દૂધજન્ય પદાર્થોની એલર્જી હોય, તેમણે પણ દહીંનું સેવન ટાળવું જોઈએ.

### શું કેળા ઍસિડ રિફ્લક્સ માટે સારા છે?

હા, ઍસિડ રિફ્લક્સ ધરાવતા લોકો માટે કેળાની ભલામણ કરવામાં આવે છે. તેમાં કુદરતી રીતે ઍસિડનું પ્રમાણ ઓછું હોય છે અને પેટ પર ઠંડી અસર પડે છે. કેળા પેટના ઍસિડને નિષ્ક્રિય કરવામાં અને પેટના અસ્તરને સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે, જે ઍસિડિટી અથવા ઍસિડ રિફ્લક્સથી પીડાતા લોકો માટે તેમને સલામત ફળ પસંદગી બનાવે છે.

જો કે, એ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે કે વ્યક્તિગત પ્રતિક્રિયાઓ અલગ અલગ હોઈ શકે છે અને જો તમને ખાતરી ન હોય તો ડોક્ટરની સલાહ લેવી શ્રેષ્ઠ છે.

ઍસિડિટી થઇ હોય ત્યારે સામાન્ય રીતે કોઈ ચૂર્ણ કે સીરપ કે ગોળી લઈને તેનું શમન કરવાનો પ્રયોગ આપણે ઘરે જ કરતા હોઈએ છીએ, પણ વારંવાર ઍસિડિટી થતી હોય, તો ડોક્ટરની સલાહ અવશ્ય લેવી જ જોઈએ. તબીબોની સલાહ અનુસાર ખોરાકમાં, જીવનશૈલીમાં ફેરફાર કરીને, તેમના માર્ગદર્શનમાં દવા લઈને જ ઈલાજ કરવો જોઈએ. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-દરરોજ કશું અનોખું!

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# પનીર-ચીઝનો સ્વાદ ધરાવતી પૌષ્ટિક તથા સ્વાદિષ્ટ કલારી

ભારતીય સંસ્કૃતિ, ભારતીય ભાષાની સાથે ભારતીય ભોજનની વિશિષ્ટતાઓ પૂરા વિશ્વમાં ખ્યાતનામ બની ગઈ છે. ભારતના વિવિધ રાજ્યોની મુસાફરી કરતાં નીતનવી અજાયબી સ્વાસ્થ્યવર્ધક વાનગી વિશે આપણને અચૂક જાણકારી મળતી હોય છે.

નવા વર્ષના પ્રારંભે આપણે ઠંડીમાં ધરતી ઉપરનાં સ્વર્ગ ગણાતાં કાશ્મીરની સફર કરીશું. જમ્મુ-કાશ્મીરની સ્વાદિષ્ટ તેમ જ પ્રાચીન વાનગી વિશે જાણકારી મેળવીશું. જે હવે દેશ-વિદેશમાં અત્યંત લોકપ્રિય બની ગઈ છે. તેનો સ્વાદ હવે સરળતાથી આપ ઘરે બેઠાં માણી શકો છો. ‘કલારી ચીઝ’ને ‘હિમાલયન મોઝરેલા ચીઝ’ તરીકે ઓળખવામાં આવે છે. કાશ્મીરી લોકો કલારીને ફક્ત ભોજન નથી સમજતાં. તેઓ તેને તેમની સ્થાનિક રહેણીકરણીની સાથે તાલમેલ મેળવતી પરંપરાગત સ્થાનીય સ્વાદિષ્ટ વાનગી ગણે છે. દૂધને ફાડીને બનતાં પનીરના ગોળા વાળીને તેને સૂર્યપ્રકાશમાં સૂકવવામાં આવે છે.

કલારી-કલાડી જમ્મુ-કાશ્મીરના ઊધમપુરની એક સ્થાનિક વાનગી ગણાય છે. જેને કલાડી ચીઝ તરીકે પણ ઓળખવામાં આવે છે. કલારી માટે એવું કહેવાય છે કે, ‘ઘરમાં બનતી- બજારમાં વેચાતી- સાથે મળીને ખવાતી’ પારંપરિક વાનગી. કલારી-કુલચાની વાત જ અનોખી છે. ઠંડીની મોસમમાં સાદી-સીધી પરંતું સ્વાદસભર કલારી શરીરમાં ગરમાવો બક્ષે છે.

કલારી દૂધને ફાડીને બનતાં માવાથી તૈયાર કરવામાં આવે છે. જે પ્રમાણે દૂધમાંથી પનીર તૈયાર થાય છે તે જ પ્રમાણે કલારી બનાવવા ગાયના કે ભેંસના દૂધને ફાડીને ઉકાળીને કલારી ચીઝ તૈયાર કરવામાં આવે છે. જેમાં કોઈપણ પ્રકારનું કેમિકલ કે પ્રિઝર્વેટિવ ભેળવવામાં આવતું નથી. બજારમાં મળતી પ્રોસેસ્ડ ચીઝ કરતાં તે વધુ પૌષ્ટિક ગણાય છે. જે દેખાવમાં સફેદ હોય છે. તેને ભાખરી કે પરાઠાના મોટા લુવાની જેમ ગોળ બનાવીને બટર પેપરમાં લપેટીને રાખવામાં આવે છે. ઠંડીને કારણે તે ઘટ્ટ બની જાય છે. તેને તવા ઉપર શેકતી વખતે પ્રથમ વખત જ થોડું ઘી-માખણનો ઉપયોગ કરવામાં આવે છે. ત્યારબાદ બધી જ કલારીને ધીમી આંચ ઉપર સ્વાદ વધારવા માટે જ ચપટીક મીઠું ભભરાવીને ગરમ તવા ઉપર શેકવામાં આવે છે. શેકાયા બાદ બહારથી સોનેરી તથા અંદરથી મૉઝરેલા ચીઝ જેવાં રેસાંવાળી મુલાયમ બની જાય છે. ગરમા-ગરમ કલારીને પાઉ કે જે કાશ્મીરમાં કુલચા તરીકે ઓળખાય છે તેની વચ્ચે ગોઠવીને પીરસવામાં આવે છે. કલારી-કલાડી કુલચા સાથે થોડો કોબી-ગાજરનો સલાડ તથા સ્વાદિષ્ટ ચટણી પીરસવામાં આવે છે.



## કલારી-કુલચા



**સામગ્રીઃ** ૨૫૦ ગ્રામ કલારી, ૩ નંગ કુલચા(પાઉ), ધાણા-ફૂદીનાની લીલી ચટણી, કોબી-ગાજર-કેપ્સીકમની છીણ, સ્વાદાનુસાર મીઠું, ૧ નાની ચમચી મરી પાઉડર.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ કલારીની ઉપરથી બટર પેપર કાઢી લેવું. તેને થોડી મુલાયમ કપડાંથી સાફ કરી લેવી. લોખંડના તવાને ધીમી આંચ ઉપર બરાબર ગરમ કરી લેવો. ગરમ તવા ઉપર ૧ નાની ચમચી ઘી કે માખણ ફક્ત પ્રથમ વખત જ લગાવવું. ત્યારબાદ તવા ઉપર થોડું મીઠું છંટકારવું. કલારી ગોઠવીને ગરમ કરવી. રેસા નીકળવા લાગે એટલે તૈયાર થઈ ગઈ છે તેમ સમજવું. ગરમાગરમ કલારીને કુલચાની વચ્ચે ગોઠવવી. થોડું મીઠું તથા મરી પાઉડર ભભરાવીને લીલી ચટણી તથા કોબી-ગાજર-કેપ્સીકમના લચ્છા સાથે પીરસવી.

## કલારીના આરોગ્ય વર્ધક લાભ

**કલારીનું સેવન રોગપ્રતિકારક-શક્તિ વધારે છે :** કલારીમાં પૂરતાં પ્રમાણમાં ઝિંક તથા સેલેનિયમ જેવા સત્ત્વો સમાયેલાં છે. ઠંડીમાં વ્યક્તિની રોગપ્રતિકારકશક્તિ વધારવામાં મદદ કરે છે. અનેક વખત એવું જોવા મળે છે કે શિયાળામાં ઠંડીને કારણે આપણી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જતી હોય છે. જેને કારણે ઝીણો તાવ કે શરદી-સળેખમ-ઊધરસની સમસ્યા સતાવવા લાગે છે. ગરમ પાણીની સાથે ગરમાગરમ તાજો ખોરાક વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરી શકે છે. કુદરતી રીતે તેમાં આથો લાવીને બનાવવામાં આવે છે. જેથી કલારી ચીઝનું સેવન પાચનશક્તિ વધારવામાં મદદ કરી શકે છે.

**શરીરને ઊર્જાવાન બનાવે છે :** ગરમા-ગરમ કલારી-કુલચાનું સેવન કરવાથી ઠંડીમાં શરીરને યોગ્ય માત્રામાં પોષણ મળી રહે છે. શરીરને ગરમ રાખવામાં કલારી ચીઝ અત્યંત ઉપયોગી ગણાય છે. તેનું સેવન કર્યા બાદ શરીર શક્તિવર્ધક બની જાય છે.

**હાડકાં-દાંતને મજબૂત બનાવે છે :** કલારીમાં દૂધનો ઉપયોગ કરવામાં આવે છે. દૂધમાંથી પનીર બાદ ચીઝ બનાવવામાં આવે છે. જે હાડકાં તથા દાંતના દુખાવામાં રાહત આપે છે. વધતી વયને કારણે હાડકાંની ઘનતા ઘટતી જાય છે. આવા સંજોગોમાં શરીરને શક્તિવર્ધક બનાવવા માટે કલારીનો ઉપયોગ અત્યંત ગુણકારી ગણાય છે.

**પ્રોટીનથી ભરપૂર :** કલારી દૂધને ફાડીને બનતી હોવાથી તેમાં પ્રોટીનની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. પ્રોટીન શરીરના સ્નાયુઓને મજબૂતાઈ બક્ષે છે. સાથે શરીરમાં ઊર્જાનો સંચાર થાય છે. તેનું સેવન કરવાથી લાંબા સમય સુધી વ્યક્તિને ભૂખ લાગતી નથી. હાડકાં, ત્વચા, વાળ તથા નખની તંદુરસ્તી વધારવામાં પ્રોટીન અગત્યનું પોષક તત્ત્વ ગણાય છે.

**પ્રોબાયોટિક ગણાય છે :** કલારી ચીઝની ગણના પ્રોબાયોટિક આહારમાં થાય છે. આપણાં શરીરમાં અનેક માઈક્રોઆર્ગેનીઝમ જીવતાં હોય છે. જે માઈક્રોબ્સને નામે ઓળખાય છે. શરીરના બધા જ કાર્યો માટે તે આવશ્યક છે. જેમ કે પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. સ્નાયુ ઉપર થયેલાં સોજાને ઘટાડવામાં, ભોજન બાદ આફરો ચડી જવો કે બેચેની લાગવી તેવી સમસ્યાથી બચવામાં પ્રોબાયોટીક ભોજન મદદરૂપ થાય છે. કલારી ચીઝનું સેવન ત્વચા તથા હૃદયની તંદુરસ્તી માટે ઉપયોગી ગણાય છે. હિમાલયન ચીઝમાં ચરબીનું પ્રમાણ વધુ હોવાથી તેને પ્રમાણભાન રાખીને ખાવી જોઈએ. ઠંડા તથા પહાડી પ્રદેશમાં કલારીનું સેવન શરીરને પૂરતાં પ્રમાણમાં ઊર્જા બક્ષે છે.

એક સમયે ફક્ત ઠંડા પ્રદેશમાં ખવાતી પરંપરાગત વાનગીએ હવે દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવી છે. પંચતારક રેસ્ટોરાંના નિષ્ણાત શૅફ કલારીનો ઉપયોગ કરીને વિધવિધ વાનગી બનાવવા લાગ્યા છે. હિમાલયન મૉઝરેલા ચીઝનો ઉપયોગ કલારી પિત્ઝા, કલારી સૅન્ડવીચ તથા આંતરરાષ્ટ્રીય વાનગીમાં કલારી પનીર-ચીઝનો ઉપયોગ થવા લાગ્યો છે. શહેરીજનો પણ આજકાલ ઑર્ગેનિક વસ્તુના દીવાના બનવા લાગ્યા છે. કાશ્મીરની પરંપરાગત કલારી-કલાડી મૉઝરેલા ચીઝનો ઉપયોગ હવે સરળતાથી દેશ-વિદેશમાં કરી શકાય છે. કાશ્મીરમાં એક વખત આ વાનગી ખાશો તો આપ પણ તેના અચૂક દીવાના બની જશો. ઑનલાઈન ડિલિવરીના યુગમાં ઘરે બેઠાં પણ તેનો સ્વાદ માણી શકાય છે. ઠંડીમાં તેના સ્વાસ્થ્યવર્ધક લાભ આપણે મેળવી શકીએ છીએ. કલારીનો ભાવ લગભગ ૪૦૦ રૂપિયાની ૫૦૦ ગ્રામની આસપાસ જોવા મળે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા


# ન્યુમોનિયા એટલે શું?

**છેલ્લાં ત્રણેક અઠવાડિયાથી આપણે વિભિન્ન પ્રકારના તાવ વિશે જાણકારી મેળવીએ છીએ. એનાં કારણ અને મારણ વિશે પણ માહિતી મેળવીએ છીએ. આ વખતે આપણે ન્યુમોનિયા વિશે જાણીશું...**



આયુર્વેદમાં ન્યુમોનિયાના તાવને ‘શ્વસનક જ્વર’ કહે છે.

વ્યક્તિની અંદર દૂષિત હવાના કારણે ન્યુમોનિયા બેકટેરિયા, વાઇરસ કે ફંગસ પ્રવેશી જવાથી એક અથવા બન્ને ફેફસાંમાં પસ ભરાય છે, અને સોજો (Inflamation) આવે છે, તેને ન્યુમોનિયા કહેવાય છે.



ન્યુમોનિયાનો ચેપ લાગેલો ફેફસાંનો ભાગ

## ન્યુમોનિયાનાં લક્ષણ

* એકાએક વધતો ઠંડી સાથેનો તાવ આવે ને શરદી-કફ થાય.
* બન્ને પડખાં, પીઠ અને છાતીમાં દુઃખાવો થાય.
* ગળફાં સાથે ખાંસી આવવી અને ગળફાંનો રંગ લીલો, સફેદ અથવા પીળો આવવો.
* શ્વાસ લેવામાં તકલીફ પડે, કફથી છાતી ભરાઇ જાય અને બેચેની વર્તાય.
* કબજિયાત રહે અને રાત્રે ઊંઘ ન આવે.
* કોઇક વાર જીભ આવી જવી, સફેદ થઇ જવી અને ગળાના કાકડા ફૂલી જવા.
* બે-ચાર દિવસ પછી તાવની પીડા ઓછી થાય, પરંતુ ઉધરસનું જોર વધે અને કફ છૂટે.

## ન્યુમોનિયા થવાનાં કારણ

* ફેફસાં દ્વારા શરીરમાં દૂષિત હવા આવવાથી.
* ખરાબ, ગંદા, ભેજવાળા સ્થળે રહેવાથી અથવા નાક દ્વારા શરીરમાં ધૂળ-માટી વગેરે જવાથી.
* રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી.
* વધુ ઠંડા, ગળ્યા કે ભારે ખોરાક લેવાથી.
* દારૂ કે તમાકુનું વ્યસન હોવાથી.
* ફેફસાંનું કેન્સર, અસ્થમા વગેરે ફેફસાના રોગ હોવાથી.
* ૬૫થી વધુ ઉંમર હોય એને સામાન્ય તાવ કે શરદી થાય.

## ન્યુમોનિયામાં શું આહાર લેવો?

* ઉકાળેલું પાણી જ પીવું અને વધુ પ્રમાણમાં પ્રવાહી પદાર્થો લેવા.
* ખાટાં ફળો, લીલા શાકભાજી, ટમેટાં જેવી વસ્તુઓ ખાસ લેવી. ગાજર તથા કાકડીનો જ્યૂસ લેવો.
* હળવો અને તાજો ખોરાક જ લેવો.
* આહારમાં હળદર, મેથી, કાળા મરી અને આદુંનો ઉપયોગ વધુ કરવો.
* કફવર્ધક આહાર ન લેવો અને ગળ્યા, નશીલા, તીખા વગેરે પદાર્થોનો ત્યાગ રાખવો.



## ન્યુમોનિયાના ઉપચાર

૨ કપ પાણીમાં ૧ચમચી મેથી નાખીને ઉકાળવું. ત્યાર પછી તેને ગાળીને તેમાં મધ ઉમેરીને દિવસમાં ૨થી ૩ વાર તે પાણી પીવું

૧કપ પાણીમાં ૧-૧ ચમચી ખાંડેલા તલ અને અળશી નાખીને ઉકાળવું. તેને ગાળીને ૧ ચમચી મધ તથા થોડું મીઠું નાખીને પીવું.

૧ કપ હૂંફાળા પાણીમાં ૨ ચમચી હળદર અને ચમચીનો ચોથો ભાગ કાળા મારી નાખીને દિવસમાં ૧ વાર પીવું. દર ૬ કલાકે ૧૦ તુલસીના પાનના રસમાં થોડો મરીનો પાવડર નાખીને પીવો.

૩૦૦ મિ. લી. ગાજરનો રસ અને ૧૦૦-૧૦૦ મિ. લી. બીટ અને કાકડીનો રસ ભેગો કરીને પીવો.

૨થી ૪ ચમચી ફુદીનાનો તાજો રસ ૧થી ૨ ચમચી મધ સાથે મેળવીને દર ૨ કલાકે પીવાથી ન્યુમોનિયાનો તાવ મટે છે.

૧ ચમચી મહાસુદર્શનચૂર્ણ, ૧ કપ પાણીમાં ઉકાળીને દરરોજ ૨ વાર પીવું.

૧ ચમચી આદુંનો રસ , ૧ ચમચી તુલસીનો રસ, ૫ ચમચી અરડૂસીનો રસ અને ૨ ચમચી મધ મિશ્ર કરીને રોજ ૨ વાર લેવું.

## સાવધાની...

* દર્દીના ગળફાનો યોગ્ય રીતે નિકાલ કરવો. જેથી ચેપનો ફેલાવો ન થાય.
* દર્દીને ગરમ વસ્ત્રો પહેરાવી રાખવા. તેમ જ દર્દીના રૂમનું વાતાવરણ ગરમ રહે તેવી વ્યવસ્થા કરવી.
* દર્દીને નિયમિત ઝાડો સાફ આવે તેવી કાળજી રાખવી, પરંતુ રેચ આપવામાં ઉતાવળ પણ ન કરવી. ■




feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

શરીરમાં મુખ્ય રૂપથી ચરબી (ફેટ) ત્રણ પ્રકારે હોય છે. સફેદ વસા (વાઈટ ફેટ), ભૂરી વસા (બ્રાઉન ફેટ) અને બેજ વસા (હલ્કી પીળી ફેટ) છે તેમ જ આંતરડાની ચરબી વિસરલ ફેટ જે ખતરનાક છે તે અગાઉના લેખમાં આપ્યું હતું. ચરબી (ફેટ) શરીર માટે મહત્ત્વપૂર્ણ છે. સુરક્ષા પણ કરે છે. ચરબીની અધિકતા કે તેનું અતિ ખરાબ થવું એ સ્વાસ્થ્ય માટે ખરાબ છે કે રોગોનું નિમંત્રણ છે. ચરબી (ફેટ)ને નિયંત્રણમાં રાખવી જરૂરી છે તેમ જ તેમાં બગાડ થવો એ આજના વિકસિત અને વિકાસશીલ દેશો માટે એક મોટી સ્વાસ્થ્ય સમસ્યાના રૂપમાં દેખાય છે. આ પ્રત્યે લોકોમાં ખૂબ જ મોટી સુસ્તી છે. દુનિયાના દરેક ખૂણામાં લોકો દવા શોધે છે. સ્વાસ્થ્ય સારું રાખવાની પ્રાકૃતિકતાને ગેરવલ્લે કરે છે.

ત્રણેય ચરબી ફેટ કે વસા અલગ અલગ કામ કરે છે. મુખ્યરૂપથી સફેદ વસાનું વધવું એ સમસ્યા છે. સફેદ વસા એ ઊર્જાનો ભંડાર છે. એનર્જી સ્ટોરેજ છે. જે મોટી ગોળ કોશિકાઓમાં એક મોટું ચરબીનું ટીપું છે. આ વસા ચાલતી વખતે પગ પર હલતી રહે છે. કમરની આસપાસ ચપટીમાં પકડી શકાય છે. જે પેટ, નિતંબ (જાંઘ), ચહેરા પર, ચામડીની નીચે લટકતી રહે છે. જે અનાકર્ષક લાગે છે એટલે કે બેડોળ લાગે છે. આ વસાનું નિયંત્રણ જરૂરી છે. જે એડિપોનેકિટનનું ઉત્પાદન ધીમું કરે છે. જેથી અધિક જાડાપણું, ડાયાબિટીસ ટાઈપ ટુ તેમજ બાળકોમાં T1DM (ટાઈપ વન ડાયાબિટીસ મેલટાઈસ), સારા કોલેસ્ટ્રોલનું બગડવું. (H.D.L.નું ખરાબ થવું), ટ્રાયગ્લીસરાઈડનું વધવું. હાઈ બી.પી. શરીરના અંદરના અવયવ પર સોજા, હાર્મોન અને પ્રોટીનના સ્રાવને પ્રભાવિત કરે છે તેમ જ તેની ગુણવત્તા બદલી નાખે છે અથવા ખરાબ કરે છે. હૃદય રોગની સમસ્યા, ચયાપચનના વિકાર, તેમ જ ઈન્સ્યુલિન પ્રતિરોધ થવું, શરીર અક્કડ થવું, આંખોની સમસ્યા, કાન સાંભળવાનું ઓછું થવું જેવી સમસ્યાઓનો ઉદ્ભવ થવો.

ભૂરી વસા (બ્રાઉન ફેટ) જે માઈટોકોન્ડ્રિયા (ઊર્જા બનાવવાવાળા કોશિકામાં હોય છે જે શરીરની કેલરીને બાળીને શરીરને ગરમ રાખે છે જે મેટાબોલીઝમ (ચયાપચન)ને વધારે છે. રોગોને થવા નથી દેતી. જે ખાદ્ય પદાર્થમાં ભૂરી વસા છે તેનો ઉપયોગ કરવો જેથી સફેદ વસા નિયંત્રણમાં રહે.

બેજ વસા (જે હલકીપીળી છે) આ સફેદ વસાની કોશિકાઓની અંદર જ બને છે. કેલેરી બર્ન કરે છે.

સફેદ વસાને નિયંત્રણ માટે શારીરિક કામકાજ કે શારીરિક વ્યાયામ (ઘરના દરેક કામકાજ)થી જ કાબૂમાં રહે છે. શારીરિક વ્યાયામ કરવાથી આઈરીસીન હાર્મોન સ્રાવિત થાય છે. આ એક હાર્મોન રૂપમાં વર્ણિત છે જે ગ્લુકોઝ સંતુલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. જે ઈન્સ્યુલિન પ્રતિરોધ, મોટાપો, જૂની બીમારીઓની વચ્ચે, તેમજ જૂની બીમારીઓ વચ્ચે કડી જેવું માનવામાં આવે છે. પાછલા દશકની અધિકાંશ શોધ વસાઉત્તક (એન્ઝાઈમ) અને સોજાની ભૂમિકા પર કેન્દ્રિત રહી છે. ચયાપચનનો સમસ્થિતિમાં માંસપેશીના કાર્યની શિથિલતાનું મહત્ત્વ વધી ગયું છે. આઈરીસિન જે હાડકાંની માંસપેશીમાંથી સ્રાવિત થાય તેમ જ માયોકાઈમ નામક હાર્મોન સ્રાવિત થાય છે જે ભોજન પછી ગ્લુકોઝનું અવશોષણ અને લિપિડનું ચયાપચનમાં માંસપેશીની ભૂમિકાને ઉજાગર કરે છે. રોગીઓમાં એચ.બી.એ.વન.સી. HbA1c અને વિટામિન ડી વચ્ચે નકારાત્મક સહસંબંધ છે. આને માટે સારું આઈરિસિનનું સ્તર જરૂરી છે તેમ જ ચયાપચનના નિયંત્રણ એટલે કે સારા ગ્લાઈસેમિક ઈન્ડેક્સ નિયંત્રણ અને અસ્થિ સ્વાસ્થ્ય વિટામિન માટેનો સારો સંકેત છે.

જાણી લો કે ગ્લુકોઝ અને આઈરિસિન ચયાપચનની વચ્ચે નકારાત્મક સંબંધ થાય તો ચયાપચન ડાઉન સિંડ્રોમ અને હાઈપર - ગ્લાઈસેમીયાનું જોખમ વધી જાય છે. ચયાપચન મેટાબોલીક સિંડ્રોમની ઉપસ્થિતિ હૃદયરોગ અને સ્ટ્રોકનું જોખમ બમણું કરી દે છે. બાળકોમાં સફેદ ફેટ વધવાને કારણે ટાઈપ વન ડાયાબિટીસ મેલાટાઈસ થાય જે શરીરની ઓટો ઈમ્યુનસિસ્ટમને ડીસ્ટ્રોય કરી નાખે છે જેમાં પેનક્રિયાઝમાં ખૂબ જ નાના પ્રમાણમાં અથવા બિલકુલ ઈન્સ્યુલિન પેદા થતું નથી.

આઈરિસિન એ સીધું કોઈપણ ખાદ્યપદાર્થમાં નથી. એટલે કે આઈરિસિન ખોરાક અસ્તિત્વમાં નથી ત્યારે ચોક્કસ ખોરાક અને સંયોજનો આઈરિસિન ઉત્પાદનને ટેકો આપે છે અથવા તેના માર્ગને સક્રિય કરે છે. ઘરના કામકાજ કે વ્યાયામ અથવા સક્રિયરૂપથી શારીરિક કામકાજ આનો સ્રોત વધારે છે. ખોરાકમાં વિટામિન-સી, ફાઈબરયુક્ત ખાદ્યપદાર્થ, સફરજન, ડુંગળી, દ્રાક્ષ, બ્લુબેરી, એલચી, બ્રોકલી જેવા પદાર્થનો ઉપયોગ વધારવો કે સંતુલિન રીતે લેવો. જેથી ચરબી બ્રાઉનિંગ અને ઈન્સ્યુલિન સંવેદન-શીલતાને સુધારવામાં મદદ કરે છે.

શિયાળાની ઋતુમાં મળતા લીલા પાંદડાવાળી ભાજી, શાકભાજીનો વ્યવસ્થિત તેમજ પ્રાકૃતિક ઉપયોગ દરેક પ્રકારની બીમારીના જોખમથી દૂર રાખે છે. કટ બ્રેક ઓન રિફાઈન્ડ કાર્બ, સુગર ડ્રીંક, પ્રોસેસ ફૂડ પર પ્રતિબંધ જરૂરી છે. દિવસે દિવસે હાઈસ્ટ્રેસ જે કોરટીસોલને વધારી દે છે જેના પરિણામ આજે દેખાય છે. કોઈપણ દવાથી બીમારી દૂર નહિ થાય, પૈસાનું પાણી થાય છે. હાલના એક ઋષભાયન પ્રોગ્રામમાં એક પ્રોડક્ટ ખૂબ મોટાપાયે વેચાણી જે પ્રીમિક્સ સુપના પેકેટ હતા. આ પ્રોસેસ કરેલા ફૂડથી કેટલીયે બીમારીને નિમંત્રણ છે. તેના વિશે વિચાર કરવો જરૂરી છે. રેડીમેડ ફૂડ હંમેશાં બીમારીને રેડી રાખે છે.

સફેદ ફેટ ઊર્જા સ્રોત છે તે વધી જતાં કે બગડી જતાં પરિણામ ખરાબ જ આવે છે. હંમેશાં દવાની જાંજાળમાં ફસાયેલા રહેવું પડે છે. શારીરિક કામકાજનું મહત્ત્વ સમજવું. આજની સ્ત્રીઓ માટે ખૂબ જરૂરી છે. જિમ જરૂર નથી. ઘરના કામકાજ કરવાથી માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે તેમ જ આવડતમાં વધારો થાય છે. શરીર લયબદ્ધ રહે છે. પ્રાચીન વખતમાં (જૂના સમયમાં) સ્ત્રીઓ બીમારીથી દૂર હતી. આયુ લાંબી હતી, કારણ કામકાજમાં તેઓ સંકળાયેલી રહેતી. શરીરમાં કોઈપણ પ્રકારની ફેટ કે વ્યાધિઓ નહોતી.

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# શંખ પ્રક્ષાલનઃ શરીરની ફેટ ઘટાડવા માટે ઉત્તમ છે

(ગતાંકથી ચાલુ)

**૩. વિશેષ નોંધઃ**

૧. પાણી ઝાડા વાટે નીકળતાં બહુવાર લાગે તો શલભાસન અને વિપરીત કરણી કરો અને ધીમે ધીમે ચાલવાનું ચાલુ રાખો.

૨. આ ક્રિયા જ્યાં બાજુમાં જ સંડાસની વ્યવસ્થા હોય ત્યાં જ કરવી. અડધા કલાક પછી ઘી યુક્ત ખીચડી મળે તેવી વ્યવસ્થા અગાઉથી જ ગોઠવી રાખવી.

૩. ગરમ પાણીમાં મીઠું વધારે પડતું ન નાખવું. દાળમાં નાખીએ છીએ તેટલું જ નાખવું.

૪. આ ક્રિયા બરાબર ફાવી જાય પછી મીઠાનું પ્રમાણ ઘટાડતાં જવું. કેમ કે વધારે મીઠું શરીરમાં પચે તે ઈષ્ટ નથી.

૫. ભોજન પછી આરામ કરવો. ઠંડા પાણીથી સ્નાન ન કરવું. તે દિવસે ભારે શ્રમ ન કરવો.

૬. શંખ પ્રક્ષાલન કર્યા પછી ચોવીસ કલાક સુધી દૂધ, દહીં અને છાશ ન લેવા.

૭. આ ક્રિયા સવારે પેટ સાફ થયા પછી ખાલી પેટે જ કરવી.

૮. જેમને હોજરી કે આંતરડામાં ચાંદુ હોય તો તેમણે આ ક્રિયા ન કરવી.

**૪. શંખ પ્રક્ષાલનથી શું થાય છે?**

૧. વાત, પિત્ત અને કફ ત્રણેના દોષોને દૂર કરે છે.

૨. શરીરની ચરબી ઘટાડવા માટે આ ઉત્તમ ક્રિયા છે.

૩. મુખથી મળદ્વાર સુધીના સમગ્ર માર્ગનું ઉત્તમ શોધન કરે છે. એટલે આ ક્રિયાને પરિણામે શરીરમાં ખૂબ હળવાશ અનુભવાય છે અને ચિત્ત પણ શાંત બને છે. આ અવસ્થા અંતરંગ યોગના અભ્યાસ માટે ખૂબ ઉપયુક્ત છે.

**૧૧. વાતસાર**

**૧. નામઃ**

આ ક્રિયામાં વાયુ દ્વારા સમગ્ર શરીરનું શોધન કરવામાં આવે છે તેથી તેને વાતસાર કહે છે.

**૨. પદ્ધતિઃ**

૧. વાયુભક્ષણની પદ્ધતિથી હોજરી વાયુથી ભરો. વાયુભક્ષણની પદ્ધતિનું વર્ણન અન્યત્ર આપવામાં આવ્યું છે.

૨. વાયુને મુખથી બહાર કાઢવાને બદલે હોજરીની અંદર જ ધારણ કરી રાખો. વાયુ આપમેળે હોજરીથી આગળ જશે અને આંતરડામાં થઈને મળ દ્વારા બહાર નીકળશે.

૩. વાયુ ભક્ષણ અને શંખ પ્રક્ષાલનની પદ્ધતિનો પર્યાપ્ત અભ્યાસ કર્યા પછી જ વાતસારનો પ્રયત્ન કરવો.

૪. જેમના આંતરડા મળથી ભરેલા રહેતા હોય તેમણે આ પ્રયોગ ન કરવો.

૫. આ ક્રિયાનો અભ્યાસ ખાલી પેટે અને આંતરડા મલહીન હોય ત્યારે જ કરવો.

૬. પ્રારંભમાં થોડા વાયુનું જ ભક્ષણ કરવું. પ્રમાણ ધીમે ધીમે વધારવું.

**૩. વાતસારથી શું થાય છે?**

૧. સામાન્ય રીતે મુખથી મળદ્વાર સુધીના માર્ગને તાજી હવાનો સ્પર્શ મળતો નથી. વાતસારથી આ સમગ્ર માર્ગને તાજી હવાનો સ્પર્શ મળે છે. પરિણામે તેમના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

૨. આ માર્ગમાં એકઠા થયેલ દૂષિત વાયુને દૂર કરે છે.

૩. પિત્ત (એસિડિટી) અને ચાંદા (અલ્સર)ની બીમારીમાં રાહત આપે છે.

**૧૨. વિહ્નિસાર (અગ્નિસાર)**

**૧. નામઃ**

આ ક્રિયાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે તેથી તેને વિહ્નિસાર કે અગ્નિસાર કહે છે.

**૨. પદ્ધતિઃ**

૧. આસન પર ઊભા રહો. બે પગ વચ્ચે થોડું અંતર રાખો. પગ ઢીંચણથી થોડા વાળો. શરીર કમરથી આગળ નમાવો. અગ્નિસારની પ્રારંભિક અવસ્થા ઉડ્ડિયાનની અવસ્થાને મળતી આવે છે.

૨. શ્વાસ પૂરેપૂરો બહાર કાઢો.

૩. પેટની દીવાલને દૃઢતાથી કઠણ બનાવો. સમગ્ર ક્રિયા દરમિયાન આ દીવાલને સહેજ પણ ઢીલી પડવા દેવાની નથી.

૪. આ દૃઢતા જાળવી રાખીને પેટને અંદર-બહાર લાવવાની ક્રિયા વારંવાર કરો. આ સમગ્ર ક્રિયા દરમિયાન શ્વાસ બહાર જ ધારણ કરી રાખો.

૫. શ્વાસ ધારણ કરી રાખવાનું શક્ય ન બને એટલે છોડી દો. પેટની દીવાલ ઢીલી છોડી દો. શ્વાસ અંદર લો.

ત્રણથી પાંચવાર આ પ્રમાણે કરી શકાય. બે પ્રયત્ન વચ્ચે આરામ લેવો. જેથી શ્વાસોશ્વાસ સામાન્ય થઇ જાય.

દરેક પ્રયત્નમાં પેટ આશરે દશ-બાર વખત અંદર બહાર લાવો.

**૩. વિશેષ નોંધ :**

૧. આ ક્રિયા ખાલી પેટે જ કરવી.

૨. પેટમાં દુઃખાવો હોય કે પેટના કોઇ અવયવોની તકલીફ હોય તેમણે આ ક્રિયા ન જ કરવી.

૩. આ ક્રિયા દરમિયાન પેટની અંદર આંતરિક દબાણ ખૂબ વધી જાય છે.

૪. આ ક્રિયા બળવાન અને તંદુરસ્ત માણસો માટે જ છે.

૫. આ ક્રિયા દરમિયાન છાતી સંકોચાયેલી રાખો અને બહાર ન આવે તેની કાળજી રાખો.

**૪. વહ્નિસારથી શું થાય છે?**

૧. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

૨. કબજિયાત દૂર થાય છે.

૩. પેટના અવયવો બળવાન અને સ્વસ્થ બને છે.

૪. પેટના સ્નાયુઓ બળવાન અને કાર્યક્ષમ બને છે.

૫. શાસ્ત્રમાં વહ્નિ સાર :


'નાભિપ્રદેશને કરોડરજ્જુ તરફ સો વાર ખેંચો. પેટના રોગોથી મુક્તિ મળે છે અને જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.'

**૧૩. દંડધૌતિ**

૧. નામ : આ ક્રિયામાં દંડ કે દંડ જેવા આકારની રબ્બરની પોલી નળીનો ઉપયોગ કરવામાં આવે છે તેથી તેને દંડધૌતિ કહે છે.


૨. પ્રાચીન પદ્ધતિ : દંડ ધૌતિનું જે વર્ણન પ્રાચીન યૌગિક ગ્રંથોમાં મળે છે, તે પ્રમાણમાં કઠિન છે. તેમાં વડની પાતળી સોટી કે કેળના પાનની વચલી સોટી લઇ તેના એક છેડાને દાતણની જેમ ચાવીને તૈયાર કરવામાં આવે છે. પછી આ છેડાને મુખથી અન્નનળીમાં નાખી હોજરી સુધી પહોંચાડવામાં આવે છે. પછી આ દંડનું ચાલન કરી હોજરીને સાફ કરવામાં આવે છે. આ ક્રિયાની કઠિનતા જોઇને તેનું એક સહેલું સ્વરૂપ પ્રયોજવામાં આવ્યું છે.

(ક્રમશઃ)■



feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# શાંત થવાની ઈચ્છા હોય તો ઈચ્છાઓને શાંત કરો...




મૂળ લોચો બે ભૂલનો. એક આપણી ને એક ઈશ્વરની.

ઈશ્વરે આપણું શરીર બનાવ્યું એટલે જિંદગી મળી, પણ જિંદગીની સમજ પણ મળી એ આપણી ભૂલ.ને ઈશ્વરે આ ઘર ચલાવવા 'મિસ્ટર ઇન્ડિયા' જેવાં અદ્રશ્ય ત્રણ ટ્રસ્ટી શ્રી મનશંકર, શ્રી બુદ્ધિ રાણી ને શ્રી આત્માનંદ મુક્યા... પણ ત્યાં એ ગોથું ખાઈ ગયો...આવો આખી વાત સમજાવું...

શરીર નામનું ઘર મોટું થતું ગયું ને એકવાર અચાનક કમાન છટકી ને ત્રણે ટ્રસ્ટીઓને ખખડાવ્યાઃ

'તમે તમારી જાતને સમજો છો શું? તમે મારા માલિક છો કે હું તમારો? તમારે મારું કહ્યું માનવાનું કે મારે તમારું? અરે તમે ત્રણ મારી અંદર બેસી અંદર અંદર લડો છો એમાં મારી પથારી ફરી જાય છે. હું કરું પણ શું? કવર પર ટિકિટ ચીટકી હોય એમ પ્રભુએ તમને ચીટકાડ્યા છે...' શરીર આગળ બોલી ન શક્યું ને ગુસ્સામાં હાંફવા લાગ્યું.

'શાંત શરીરબાપુ, શાંત પડો નઈતર ગુસ્સામાં કાયમ માટે શાંત થતા વાર નઈ લાગે પછી તમારો ક્રોધ અમને પણ ક્રોધિત થવા મજબૂર કરે. ભડક્યા વગર બોલો કે અમે તમારું બગાડ્યું છે શું?' ત્રણે ટ્રસ્ટીએ કોરસમાં પૂછ્યું.

'ભડકો નઈ? અરે હમણાં ત્રણેને ભડાકે દઉં. ટોપાઓ, તમારા ત્રણેના કારણે મારી રેવડી તાણમતાણ થાય છે.'

શરીરે પોતાની વ્યથા વ્યક્ત કરી.

'અરે અમે ત્રણ તો તમને હૂંફ આપીએ છીએ.'

'તંબુરો હૂંફ આપો છો તમે મને હાંફ ચડે ત્યાં સુધી દોડાવો છો. તમારે કારણે તો મારે કેટલું ભાગવું પડે છે. અને

મનશંકર, મેં તને કેટલીવાર સમજાવ્યું છે કે મારી સાથે આવ્યું છે તો મારી પાસે રહે પણ તને જંપ નથી ને જમ્પ માર્યા કરે છે. દોડવામાં થોડી ઓછી સ્પીડ રાખ ને ટાંટિયો વાળીને થોડું બેસ પણ વાત માને એ બીજા. હું ઘરમાં બેઠો હોઉં તો તું ઓફિસમાં ભાગે છે ઓફિસમાં બેઠો હોઉં તો મંદિર ભાગે છે મંદિર જઉં તો હોટલમાં ભાગે... ઠરીને ઠામ થા...'

પેલા કવિએ પણ કીધુને 'મનરે તું કાહે ન ધીર ધરે' પણ તારા કાનપુરમાં હડતાલ છે એટલે ઘડીકમાં સંસારના ચક્કરમાં તો ઘડીકમાં ધનના ચક્કરમાં ઘડીકમાં પ્રતિષ્ઠાના ચક્કરમાં ઘડીકમાં મોક્ષના. આમાં મને સળગતી ભોંય ચકરડી જેવા ચક્કર આવે છે. આ બધું મેળવવા કઈ બનવું તો પડે એટલે તું કૂદકા મારે. તને બધા એમનેમ મનને મર્કટ નથી કહેતા. આ ડાળથી પેલી ડાળ. એક્ટર બનું કે ડોક્ટર? ક્રિકેટર બનું કે ઇન્સ્પેક્ટર? વેપારી કે વકીલ?. તું પદ,પૈસો પ્રતિષ્ઠા, પોઝિશન અને પાવર જેવા આ પાંચ 'પ'ની પાછળ એવો ભટક્યો પણ તને પરમાત્માનો 'પ' જ યાદ ન આવ્યો?'

'આવ્યો બાપુ, આવ્યો મને એમ પણ થયું કે પૂજારી બનું કે પરમાત્મા?' મન બોલ્યું.

'પરમાત્મા ને તું? મારી સાથે માણસ બનાવી મોકલ્યો તો માણસ નથી બની શકતો ને પરમાત્મા..? ખરી કોમેડી કરે છે. અરે બુદ્ધિરાણી, તમારા લાડકા મનશંકરને સમજાવો.' શરીર બોલ્યું.

'અરે શરીરબાપુ, નઈ સમજાવ્યું હોય' બુદ્ધિ બોલી 'મેં કીધુ તો મને કહે 'મનમાં પ્રતિષ્ઠાના ને તનમાં પેટના ખાડા

પૂરવા કંઈક બનવું તો પડેને' મેં કીધું 'અલ્યા મન મારું માન, હું બુદ્ધિરાણી છું. મારી મદદ લેવાવાળા તરી ગયા પણ

બાપુ ભેંશ આગળ જ નઈ પણ ગાય ને બકરી આગળ પણ ભાગવત..અરે શરીરબાપુ , યુ નો... કે આ મન અને આત્મા વચ્ચે રોજ ચડસાચડસી થાય છે.'

'હે! શું વાત કરે છે?' શરીરબાપુ ચમક્યા.

'હે નઈ હા, મનને ઈચ્છાઓ પૂરી કરવી છે તો આત્માને પરમાત્મા પાસે જવું છે. હું સમજુ છું બાપુ, કે તમે બોલતા નથી પણ સહન કરો છો. એકવાર તો આ મન, આત્મા ઉપર જોરદાર ભડક્યું 'અગર તારે પરમાત્મા પાસે જવું હોય તો અમારી સાથે આવ્યો શું કામ?. તને આમંત્રણ પત્રિકા આપેલી કે આ સુભાષ નામના ઘરમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશો? જો ભાઈ, આત્મા... તારે પરમાત્મા પાસે જવું છે તો અમારે શું પ્રેતાત્મા પાસે જવું છે? પણ યાદ રાખ જ્યાં સુધી મારામાં પડેલી ઈચ્છા પૂરી નઈ થાય ત્યાં સુધી તારે પણ આ ઘરમાં એક કેદી તરીકે રહેવું જ પડશે.'

દાદાગીરી કરી આત્માએ મનને સમજાવ્યું પણ ખરા કે ઈચ્છા જેવું કોઈ દુઃખ નથી ને સંતોષ જેવું કોઈ સુખ નથી'

'પછી મન માન્યું?' શરીરબાપુએ બુદ્ધિને પૂછ્યું.

પછી તો આત્માએ પણ અદ્ભુત સમજાવ્યું 'બકામન, સુખને શોધવા દોડવું પડે થાકવું પડે એનાથી મોટું દુઃખ કયું? અરે, તારું કોઈ દુઃખ જ નથી પણ બીજાનું સુખ એ જ તારું દુઃખ બને છે. એ માટે કેટલું દોડીશ ને કેટલું દોડાવીશ.'

'અરે આત્માનંદ, હું કઈ સંત નથી કે બધી મારામાં ઉગેલી ઈચ્છાઓનો ત્યાગ કરું.' મને દલીલ કરી.

'અરે હું ક્યાં કહું છું કે સંત થા, પણ શાંત તો થા.'

ત્યાં તો મન થોડું ઢીલું પડ્યું ને બોલ્યુંઃ

'સાચું કહું તો થાક તો મને પણ લાગે છે. બધુ મેળવવામાં ને જાળવવામાં આટલી દોડાદોડ તમે, બુદ્ધિ ને શરીર મારા કારણે જ હેરાન થાઓ છો. મને પણ શાંત થવું છે.'

'ધેર યુ આર, ધ્યાનથી સાંભળ.' બુદ્ધિરાણી બોલી :

'શાંત થવાની ઈચ્છા હોય તો પહેલાં ઇચ્છાઓને શાંત કર. તારા કારણે બધા હેરાન થાય છે, શરીર કાયમી શાંત થઇ જાય પણ તારી ઈચ્છાઓ શાંત નથી થતી.'

'અને સાંભળ' આત્મા બોલ્યો 'ઉપર ગયા પછી લોકો પરમાત્માને કહે છે એ આત્માને શાંતિ આપજે. કોઈ બોલ્યું

જ નથી કે પ્રભુ એના મનને શાંતિ આપજે બાકી સાચી શાંતિની જરૂર તો તને છે.'

'એકદમ સાચું શરીરબાપુ, બુદ્ધિરાણી ને આત્માનંદ આ સુંદર જ્ઞાન આપવા બદલ આ મન તમને નમન કરે છે.'

'અરેરે, મને નમન નહીં કરે તો ચાલશે પણ કારણ વગર કેટલી ખોટી દોડાદોડ કરી-કરાવી એનું મનન કર. તોય ગંગા નાહ્યા!'

શું કહો છો? ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખેંચ | HUNTING |
| ખેડ | SCARCITY |
| ખેટ | AGRICULTURE |
| ખેદ | TRIP |
| ખેપ | SORROW |

### માતૃભાષાની મહેક

માતા પિતાનું જીવનમાં કેવું સ્થાન છે એ દર્શાવતી કહેવત છે કે દીવી પર મૂક્યો દીવો, મા ને બાપ તમે જેમ તેમ કરી જીવો. જીવનમાં મા અને બાપનું મહત્ત્વ દીવી ઉપર મૂકેલા દીવા બરાબર છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે એમને જીવાડવા, એમને સંતોષ આપવા બધું કરી છૂટવું જોઈએ.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ NUMEROPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) નાવીન્ય
બ) ગણિત
ક) વિજ્ઞાન
ડ) વીજળી

### ઈર્શાદ

જીવ, તું ઉચાટ શીદને હૈયે ધરે,
મર્યા વિણ જીવન નવું ક્યાંથી મળે?

-- લોક રચના

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | ૭ |
| | | ૮ | | ૯ | | | ૧૦ | | |
| ૧૧ | | | | | | | | | |
| | | | ૧૨ | | | | ૧૩ | | |
| | ૧૪ | ૧૫ | | | | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | | | | ૧૯ | | | | |
| | | | | ૨૦ | | | | ૨૧ | ૨૨ |
| | ૨૩ | | | | | | ૨૪ | | |
| ૨૫ | | ૨૬ | | ૨૭ | | ૨૮ | | | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. અભિનય કરનાર (૪)
૪. જોડે જ જેનું ઘર હોય તેવો પડોશી (૫)
૮. પક્ષપાત, ભેદભાવ, તરફદારી (૪)
૧૦. તાલાવેલી (૩)
૧૧. પાડાને વાંકે ---- ને ડામ (૩)
૧૨. કબૂલાત, ઠરાવ (૩)
૧૪. કડાકૂટ, પંચાત (૪)
૧૬. ખાનદાન, શિષ્ટ (૪)
૧૮. પ્રપંચ, કાવતરું (૪)
૧૯. મોટું મકાન, હવેલી (૪)
૨૦. અજવાળું, પ્રકાશ (૩)
૨૧. વા --- લઈ જાય (૨)
૨૪. વેતન લીધા વિના કામ કરનારું (૩)
૨૫. જેનું કોઈ ઓસડ નથી તે (૩)
૨૭. આસક્તિ વિનાનું (૪)
૨૯. આશ્રયે આવેલું (૫)
૩૦. વણવાનો ધંધો કરનાર (૪)

**ઊભી ચાવી**

૧. અભણ (૪)
૨. કાગળની ચબરખી (૩)
૩. રક્ષણ (૨)
૪. શાહેદ, નજરોનજર જોનાર (૨)
૫. આબરૂ (૨)
૬. અમેરિકન ચલણી નાણું (૩)
૭. છીપ (૨)
૯. ફોરમ, સુગંધ (૪)
૧૨. છળ, કાવતરું (૩)
૧૩. પુખ્ત, ઠરેલ, ધીર (૩)
૧૪. મૂર્ખ, બેવકૂફ (૨)
૧૫. લાંબા વખત સુધી નભવું કે કાયમ રહેવું (૩)
૧૬. અંધારિયાનો છેલ્લો દિવસ (૩)
૧૭. ઘોડો --- પ્રાણી છે (૪)
૧૯. પરવાનગી, રજા (૪)
૨૨. યુક્તિ (૪)
૨૩. કૃપા, મહેરબાની (૩)
૨૪. ભિખારી, માગનાર (૩)
૨૫. તાબે, કાબૂમાં (૨)
૨૬. ઊણપ, ખામી (૨)
૨૭. જતું રહેલું, છોડી દીધેલું (૨)
૨૮. ફરિયાદ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઈ | ૨ ત | રા | ૩ જી | | ૪ પા | રં | ૫ પ | રિ | ૬ ક |
| ૭ ન | ગ | | ૮ વં | તા | ક | | રા | | રો |
| ૯ કા | ર | ૧૦ ગ | ત | | | ૧૧ સ | ગ | ૧૨ વ | ડ |
| ર | | જ | | ૧૩ સુ | લે | હ | | લ | |
| | | | ૧૪ વ | ખ | | ૧૫ વા | તા | ય | ન |
| ૧૬ અ | ૧૭ વ | સ | ર | | ૧૮ ખા | સ | | | |
| | ખા | | ૧૯ વ | હા | ણ | | ૨૦ ધ્વ | | ૨૧ વિ |
| ૨૨ સુ | ર | ૨૩ વ | ધૂ | | | ૨૪ ન | જ | ૨૫ દી | ક |
| રે | | ર | | ૨૬ સા | રં | ગી | | ૨૭ ક | રા |
| ૨૮ ખ | ર | ખ | બ | ર | | ૨૯ ન | ઘ | રો | ળ |

### ઓળખાણ પડી?



લક્ઝરી ફર્નિચર તેમ જ સંગીત વાદ્યોના ઉત્પાદનમાં વપરાતું રોઝવૂડ ટ્રીનું લાકડું પ્રમુખપણે આપણા દેશના કયા રાજ્યમાં જોવા મળે છે?

અ) ગુજરાત બ) મિઝોરમ ક) કેરળ ડ) રાજસ્થાન

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'દેહથી નરું તે સૌથી વડું' પંક્તિમાં 'નરું' શબ્દનો અર્થ જણાવો.

અ) નવતર બ) નારાજ ક) તંદુરસ્ત ડ) આરામ

### માઈન્ડ ગેમ

આપણા દેશમાં વિવિધ પ્રકારના ફળ જોવા મળે છે. અંગ્રેજીમાં 'આઈસ એપલ' તરીકે ઓળખાતું ફ્રૂટ કયા સ્વદેશી નામથી જાણીતું છે?

અ) સફેદ સફરજન બ) રામફળ ક) તાડગોળા ડ) ફાલસા

### સુડોકુ-૯૧૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | | | |
| | ૭ | ૫ | | ૯ | | | | |
| | | ૪ | | | ૩ | | | ૫ |
| ૫ | | ૭ | | ૧ | | | | ૨ |
| ૩ | | ૯ | | | | ૭ | | ૬ |
| ૨ | | | | ૬ | | ૫ | | ૩ |
| ૯ | | | ૭ | | | ૨ | | |
| | | | | ૫ | | ૬ | ૪ | |
| | | | | | ૬ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૧ | ૭ | ૯ | ૮ | ૫ | ૪ | ૩ |
| ૭ | ૩ | ૫ | ૧ | ૪ | ૨ | ૬ | ૯ | ૮ |
| ૪ | ૯ | ૮ | ૬ | ૫ | ૩ | ૭ | ૧ | ૨ |
| ૬ | ૭ | ૩ | ૪ | ૨ | ૧ | ૮ | ૫ | ૯ |
| ૫ | ૧ | ૯ | ૩ | ૮ | ૬ | ૪ | ૨ | ૭ |
| ૮ | ૨ | ૪ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૧ |
| ૯ | ૪ | ૨ | ૫ | ૩ | ૭ | ૧ | ૮ | ૬ |
| ૧ | ૫ | ૭ | ૮ | ૬ | ૯ | ૨ | ૩ | ૪ |
| ૩ | ૮ | ૬ | ૨ | ૧ | ૪ | ૯ | ૭ | ૫ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખાંચો | LANE |
| ખાંટ | CUNNING |
| ખાંડ | SUGAR |
| ખાડી | CREEK |
| ખાંભી | MEMORIAL PILLAR |

**ગુજરાત મોરી મોરી રેઃ**
નિષ્ફળતા

**ઓળખાણ પડી?**
યુએસએ

**માઈન્ડ ગેમ :**
સાઉથ અમેરિકા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
સેવા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટરિયા (૪) વિપીન શાહ (૫) શ્રદ્ધા આશર (૬) નૂતન વિપીન શાહ (૭) હર્ષા મહેતા (૮) જ્યોતિ ખાંડવાલા (૯) ભારતી બુચ (૧૦) મહેશ સંઘવી (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) પુષ્પા પટેલ (૧૫) કમલ માતલિયા (૧૬) નયના ગિરીશ મિસ્ત્રી (૧૭) ભરત કજરિયા (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કિરીટ છેડા (૨૪) ખુશરૂ કાપડિયા (૨૫) ચેતના છેડા (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અંજુ ટોલિયા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) અલકા વાણી (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ઈનાક્ષીબેન દલાલ (૩૩) હિનાબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) પ્રવીણ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) પ્રકાશ કટકિયા (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭)મહેશ દોશી

# બાંગ્લાદેશમાં આઈપીએલના પ્રસારણ પર પ્રતિબંધ

## મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલમાંથી હટાવાતા રોષ

ઢાકાઃ બીસીસીઆઈના નિર્દેશ પર બાંગ્લાદેશના ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માંથી કોલકત્તા નાઈટ રાઈડર્સની ટીમમાંથી બહાર કરવામાં આવ્યા બાદ બાંગ્લાદેશે સોમવારે આઈપીએલની આગામી સીઝનના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો હતો.

બાંગ્લાદેશના માહિતી અને પ્રસારણ મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ આઈપીએલ ફ્રેન્ચાઇઝી કોલકાતા નાઈટ રાઇડર્સ (કેકેઆર) ને ૨૦૨૬ સીઝન માટે રહેમાનને ટીમમાંથી બહાર કરવાનો નિર્દેશ આપતી વખતે કોઈ તાર્કિક કારણ આપ્યું નથી. આગામી આઈપીએલ સીઝન ૨૬ માર્ચથી શરૂ થશે.

આઈપીએલ પ્રસારણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય બાંગ્લાદેશે આવતા મહિને યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારત જવાનો ઇનકાર કર્યાના એક દિવસ પછી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ને તેની બધી લીગ મેચો ટુર્નામેન્ટના સહ-યજમાન શ્રીલંકામાં ખસેડવાની વિનંતી કર્યાના એક દિવસ પછી લેવામાં આવ્યો છે.

સરકારી સૂચના અનુસાર, બીસીસીઆઈએ આ નિર્ણય (રહેમાનને આઈપીએલમાંથી મુક્ત કરવા) માટે કોઈ તાર્કિક કારણ આપ્યું નથી અને બાંગ્લાદેશના લોકો આ નિર્ણયથી નિરાશ અને દુઃખી છે. આ સ્થિતિમાં આગામી સૂચના સુધી તમામ ઇન્ડિયન પ્રીમિયર લીગ મેચો અને ઇવેન્ટ્સનું પ્રસારણ બંધ કરવા વિનંતી કરવામાં આવે છે.

સહાયક સચિવ ફિરોઝ ખાન દ્વારા હસ્તાક્ષરિત પત્રમાં કહેવામાં આવ્યું છે કે, આ આદેશ યોગ્ય સત્તાધિકારીની મંજૂરીથી અને જાહેર હિતમાં જાહેર કરવામાં આવ્યો છે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ રહેમાનની મુક્તિનો નિર્દેશ આપતાં ફક્ત એટલું જ કહ્યું હતું કે આ વર્તમાન ઘટનાક્રમને કારણે કરવામાં આવી રહ્યું છે.

જોકે તેમણે કોઈ ચોક્કસ કારણ આપ્યું નથી. બાંગ્લાદેશના પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા ત્યારથી ભારત-બાંગ્લાદેશ સંબંધો વચ્ચે તણાવ છે.

ગયા વર્ષે ઓગસ્ટમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો થયા પછી શેખ હસીના ભારતમાં છે. હસીનાને સત્તા પરથી દૂર કરવામાં આવ્યાં ત્યારથી હિન્દુઓને હિંસક હુમલાઓમાં નિશાન બનાવવામાં આવ્યા છે.




# જો રૂટની ૪૧મી સેન્ચુરી બાદ ટ્રેવિસ હેડનો વળતો જવાબઃ સિડનીમાં ફરી વરસાદનું વિઘ્ન

જો રૂટની ૪૧મી સેન્ચુરી બાદ ટ્રેવિસ હેડનો વળતો જવાબઃ સિડનીમાં ફરી વરસાદનું વિઘ્નસિડનીઃ અહીં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાતી પાંચમી અને છેલ્લી ઍશિઝ ટેસ્ટમાં સોમવારના બીજા દિવસે પણ વરસાદનું વિઘ્ન નડ્યું હતું અને રમત વહેલી પૂરી કરી દેવામાં આવી હતી. ઇંગ્લેન્ડનો જો રૂટ (૧૬૦ રન, ૨૪૨ બોલ, પંદર ફોર) અને ઑસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ (૯૧ અણનમ) આ દિવસની રમતના બે સ્ટાર ખેલાડી હતા.

### જો રૂટની ૪૧મી ટેસ્ટ સદી

રમતને અંતે ઑસ્ટ્રેલિયાનો પ્રથમ દાવનો સ્કોર બે વિકેટે ૧૬૬ રન હતો. ટ્રેવિસ હેડ ટેસ્ટ કરીઅરની બારમી અને વર્તમાન સિરીઝની ત્રીજી સેન્ચુરીથી માત્ર નવ રન દૂર હતો. એ પહેલાં રૂટે ૪૧મી ટેસ્ટ સદી પૂરી કરી હતી.

### ઑસ્ટ્રેલિયા ૩-૧થી આગળ

સિડનીમાં વરસાદનાં વિઘ્નો વારંવાર આવી રહ્યા હોવાથી આ મેચ ચોથા કે પાંચમા દિવસ સુધી ચાલશે એવી પાકી સંભાવના છે. ઑસ્ટ્રેલિયાની સીરિઝમાં ૩-૧થી વિજયી સરસાઇ છે.

### રૂટ-બ્રુક વચ્ચે ૧૬૯ રનની ભાગીદારી

ઇંગ્લેન્ડે પ્રથમ દાવમાં ૩૮૪ રન કર્યા હતા જેમાં જો રૂટના ૧૬૦ રન ઉપરાંત હેરી બ્રુકના ૮૪ રન સામેલ હતા. બન્ને વચ્ચે ચોથી વિકેટ માટે ૧૬૯ રનની ભાગીદારી થઈ હતી. ઑસ્ટ્રેલિયાના પેસ બોલર માઇકલ નેસરે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયા હજી પ્રવાસી ટીમથી ૨૧૮ રન પાછળ હતું. ઑસ્ટ્રેલિયાની બંને વિકેટ ઇંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોકસે લીધી હતી. ■

# વૈભવ સૂર્યવંશીનું તોફાનઃ ૨૪ બોલ, ૧૦ સિક્સ, ૬૮ રન



નવી દિલ્હીઃ ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમના સ્ટેન્ડ-ઇન કેપ્ટન અને યુવા ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ દક્ષિણ આફ્રિકા અંડર-૧૯ ટીમ સામેની બીજી વનડે મેચમાં તોફાની ઇનિંગ રમી અને માત્ર ૧૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી.

૨૪૬ રનનો પીછો કરતા સૂર્યવંશીએ શાનદાર ઇનિંગ રમીને ભારતને શાનદાર શરૂઆત અપાવી હતી. ભારતની અંડર-૧૯ ટીમ અને સાઉથ આફ્રિકા અંડર-૧૯ ટીમ વચ્ચે બીજી વન-ડે મેચ રમાઈ હતી. બન્ને ટીમો પાંચમી જાન્યુઆરીના રોજ બેનોનીના વિલોમૂર પાર્ક ખાતે ટકરાઈ હતી. આ મેચમાં દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરી હતી. ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૪૫ રન ફટકાર્યા હતા. રન ચેઝ શરૂ થતાં ભારતીય કેપ્ટન વૈભવ સૂર્યવંશીએ આક્રમક બેટિંગ કરી હતી. આ યુવા ખેલાડીએ ભારત માટે ઇનિંગની શરૂઆત કરી હતી.

સૂર્યવંશીએ માત્ર ૨૪ બોલમાં ૬૮ રન ફટકાર્યા હતા જેમાં તેની ઇનિંગમાં ૧૦ છગ્ગા અને એક ચોગ્ગો પણ ફટકાર્યો હતો. તેની ઝડપી શરૂઆતથી ભારતની અંડર-૧૯ ટીમને રમતમાં સારી શરૂઆત મળી હતી. તેણે એરોન જ્યોર્જ સાથે ઇનિંગની શરૂઆત કરી હતી. જે ૨૦ રન કરીને આઉટ થયો હતો.

મેચમાં દક્ષિણ આફ્રિકાની ટીમ પ્રથમ બેટિંગ કરવા ઊતરી હતી. ટીમે જોરિચ વાન શાલ્કવિક અને અદનાન લાગડિયનના અનુક્રમે ૧૦ અને ૨૫ રન સાથે ઇનિંગની શરૂઆત કરી હતી. કેપ્ટન મુહમ્મદ બુલબુલિયા પણ ફક્ત ૧૪ રનમાં આઉટ થયો હતો. જેસન રાઉલ્સે ૧૧૩ બોલમાં ૧૧૪ રન કર્યા હતા જ્યારે ડેનિયલ બોસમેને ૬૩ બોલમાં ૩૧ રન કર્યા હતા. ભારત તરફથી કિશન સિંહે ચાર વિકેટ લીધી હતી. આરએસ અંબરીશે બે વિકેટ ઝડપી હતી જ્યારે દીપેશ દેવેન્દ્રન, કનિષ્ક ચૌહાણ અને ખિલન પટેલે પણ એક-એક વિકેટ લીધી હતી. ■

# ભૂતપૂર્વ વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયન મનોજ કોઠારીનું અવસાન

કોલકાતા : ભૂતપૂર્વ વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયન મનોજ કોઠારીનું સોમવારે તમિળનાડુના તિરુનેલવેલીની એક હોસ્પિટલમાં હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું. આ જાણકારી તેમના પરિવારના એક સભ્યએ આપી હતી.

તેઓ ૬૭ વર્ષના હતા. તેમના પરિવારમાં તેમની પત્ની અને પુત્ર સૌરવ કોઠારીનો સમાવેશ થાય છે.

કોલકાતાના કોઠારીનું ૧૦ દિવસ પહેલા ચેન્નઈથી ૬૦૦ કિ.મી. દૂર તિરુનેલવેલીની કાવેરી હોસ્પિટલમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ થયું હતું.

પરિવારના એક સભ્યએ જણાવ્યું કે, ઓપરેશન સફળ રહ્યું હતું અને તે ત્રીજા દિવસે બેસીને વાતો કરી રહ્યા હતા, પરંતુ થોડા દિવસો પહેલા તેમને ફેફસામાં ચેપ લાગ્યો અને આજે સવારે સાડા સાત વાગ્યે હૃદયરોગના હુમલાને કારણે તેમનું નિધન થયું હતું.

કોઠારીએ ૧૯૯૦માં વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ જીતી હતી. તેમનો પુત્ર સૌરવ પણ ભૂતપૂર્વ વિશ્વ બિલિયર્ડ્સ ચેમ્પિયન છે, જેણે ૨૦૨૫માં ટાઇટલ જીત્યું હતું. સૌરવને તેના પિતા દ્વારા તાલીમ આપવામાં આવી હતી. ■

## વિજય હઝારે ટ્રૉફી

# શાર્દુલ ઠાકુર ઇન્જર્ડ, શ્રેયસ ઐયર મુંબઇનો કૅપ્ટન



મુંબઈ : ભારતીય બેટ્સમેન શ્રેયસ ઐયરને સોમવારે વિજય હઝારે ટ્રોફીની બાકીની મેચો માટે મુંબઈનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જ્યારે નિયમિત કેપ્ટન શાર્દુલ ઠાકુર ઈજાને કારણે બહાર થઈ ગયો છે. ઐયર પણ લાંબા સમય સુધી ઈજા બાદ ટીમમાં વાપસી કરી રહ્યો છે. ગયા ઓક્ટોબરમાં સિડનીમાં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડે દરમિયાન તેને ઈજા થઈ હતી.

મુંબઈના મુખ્ય પસંદગીકાર સંજય પાટીલે સોમવારે પીટીઆઈને જણાવ્યું હતું કે, ઠાકુરને કઈ ઈજા થઈ છે તે અંગે જાણકારી મળી શકી નથી. અમારી પાસે શિવમ દુબે અને સૂર્યકુમાર યાદવ જેવા ખેલાડીઓ ઉપલબ્ધ છે અને શ્રેયસ ઐયરને બાકીની મેચો માટે મુંબઈનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

ભારતના વનડે માટે વાઈસ કેપ્ટન ઐયરને ૧૧ જાન્યુઆરીથી વડોદરામાં ન્યૂઝીલેન્ડ સામે શરૂ થનારી ત્રણ મેચની શ્રેણી માટે રાષ્ટ્રીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, પરંતુ તેની ઉપલબ્ધતા ફિટનેસ પર નિર્ભર રહેશે. ન્યૂઝીલેન્ડ સામેની અન્ય બે વનડે મેચ ૧૪ જાન્યુઆરીએ રાજકોટમાં અને ૧૮ જાન્યુઆરીએ ઇન્દોરમાં રમાશે.

મુંબઈ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી ડૉ. ઉમેશ ખાનવિલકરે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, ''શ્રેયસ ઐયર શાર્દુલ ઠાકુર પાસેથી કેપ્ટનશિપની જવાબદારી સંભાળશે, જે ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે અને પસંદગી માટે ઉપલબ્ધ નથી.'' ઐયર મંગળવારે હિમાચલ સામે ગ્રુપ સી મેચમાં અને પછી ૮ જાન્યુઆરીએ પંજાબ સામે મુંબઈની કેપ્ટનશિપ કરશે. ■





**તૈયારી જોરમાંઃ** ભારતીય ટેસ્ટ અને વન-ડે ન્યૂઝીલૅન્ડ ટીમ સામેની વન-ડે સિરીઝ પહેલા વિજય હઝારે ટ્રૉફીમાં તેની પંજાબની ટીમની ગોવા સામેની મૅચ પહેલા જયપુરમાં સોમવારે સઘન નેટ પ્રેક્ટિસ કરી હતી. (એજન્સી)

# વિરાટ રેલવે સામેની મૅચમાં નથી રમવાનો

બેંગલુરુઃ ભારતીય ક્રિકેટ ટીમનો સુપરસ્ટાર વિરાટ કોહલી આજે અહીં રમાનારી વિજય હઝારે ટ્રોફીની દિલ્હી અને રેલવે વચ્ચેની મૅચમાં નહીં રમે, એમ ટીમના હેડ કોચ સરણદીપ સિંહે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું. પ્રીમિયર ડોમેસ્ટિક વન-ડેમાં પુનરાગમન કરતાં ૧૩૧ અને ૭૭ રન બનાવનાર વિરાટ કોહલી ૧૧ જાન્યુઆરીથી ન્યૂ ઝીલૅન્ડ સામે શરૂ થતી વન ડે શ્રેણીમાં ભાગ લેવા જલદી જ ભારતની રાષ્ટ્રીય ટીમ સાથે જોડાશે. ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે પ્રથમ વન ડે વડોદરામાં ૧૧મી જાન્યુઆરીએ તેમ જ ત્યાર બાદ ૧૪ અને ૧૮ જાન્યુઆરીએ અનુક્રમે રાજકોટ અને ઈન્દોરમાં બીજી અને ત્રીજી વન-ડે રમાશે. મંગળવારે અલૂર ખાતે રમાનારી મૅચમાં પૅસર હર્ષિત રાણા અને બૅટર રિષભ પંત પસંદગી માટે ઉપલબ્ધ હશે, એમ સરણદીપે કહ્યું હતું. કોહલી ત્રણ મૅચ રમશે એવા સંકેત અગાઉ ડીડીસીએના પ્રમુખ રોહન જેટલીએ આપ્યા હતા. પાંચ મૅચમાં ચાર વિજય સાથખે દિલ્હી હાલ ગ્રૂપ ડીમાં ટોચના સ્થાને છે. (એજન્સી) ■

# લેનિંગની ગેરહાજરી સાલશે પણ જેમીમા સફળ કૅપ્ટન બનશેઃ કૅપ



નવી દિલ્હીઃ દક્ષિણ આફ્રિકાની ઓલરાઉન્ડર મેરિઝાન કેપે સોમવારે સ્વીકાર્યું હતું કે ઓસ્ટ્રેલિયાની મહાન મહિલા ક્રિકેટર મેગ લેનિંગનું ટીમમાંથી જવું મોટો ફટકો હતો પરંતુ જેમિમા રોડ્રિગ્સ ત્રણ વખત દિલ્હી કેપિટલ્સની કેપ્ટન રહી ચૂકેલી મેગનું સ્થાન લેવા માટે યોગ્ય ઉમેદવાર છે અને આ ભૂમિકામાં સફળ થવા માટે તેમને સિનિયર ખેલાડીઓનો સંપૂર્ણ ટેકો મળશે. ગયા મહિને મહિલા પ્રીમિયર લીગની ચોથી સીઝન પહેલા રોડ્રિગ્સને દિલ્હી કેપિટલ્સની કેપ્ટન બનાવવામાં આવી હતી. લેનિંગે છેલ્લી ત્રણ સીઝનમાં ટીમને ફાઇનલમાં પહોંચાડી હતી.

મેરિઝાન કેપે વર્ચ્યુઅલ વાતચીત દરમિયાન કહ્યું હતું કે જુઓ, હું ખોટું બોલીશ નહીં મેગને કેપ્ટન તરીકે ગુમાવવી એ સ્પષ્ટપણે મોટી વાત છે. તે માત્ર ડીસી માટે જ નહીં, પરંતુ સામાન્ય રીતે વિશ્વ ક્રિકેટમાં ખૂબ જ સફળ કેપ્ટન છે. પરંતુ મેં ખરેખર બે વર્ષ પહેલાં ઉલ્લેખ કર્યો હતો, જ્યારે તેઓએ મને પૂછ્યું કે ભારતનો આગામી કેપ્ટન કોણ હોવો જોઈએ, ત્યારે મેં ખરેખર જેમિમાહ કહ્યું હતું.

તેણે કહ્યું હતું કે મને લાગે છે કે તે એવી ખેલાડીઓમાંની એક છે જે ટીમને એકસાથે લાવી શકે છે. મને લાગે છે કે તે હંમેશાં એક નેતા રહી છે. અને જુઓ, પડકારો હશે. ભલે તમે અનુભવી કેપ્ટન હોવ પણ હંમેશાં પડકારો રહેશે. મને લાગે છે કે જેમિમાની આસપાસ ઘણા સિનિયર ખેલાડીઓ છે. અહીં હજુ પણ ઘણા ખેલાડીઓ છે જે પહેલા અહીં રહ્યા છે. મારો મતલબ મેનેજમેન્ટ હજુ પણ એ જ છે. મને લાગે છે કે જેમિમા આ તકને બંને હાથે ઝડપશે અને મને લાગે છે કે તે ખૂબ જ સફળ થશે.

વધુમાં તેણે કહ્યું હતું કે અમે છેલ્લાં ત્રણ વર્ષમાં આટલું સારું પ્રદર્શન કર્યું છે. મને લાગે છે કે કેટલાક તબક્કે તે ફક્ત થોડા ખરાબ નસીબ હતા. પહેલી સીઝનમાં મને લાગે છે કે અમે ફુલ ટોસ સાથે ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી જે બીજા કોઈ પણ દિવસે નો બોલ રહી શકે છે. પછી બીજા વર્ષે તે કદાચ સૌથી ધીમી વિકેટ હતી જેના પર અમે રમ્યા હતા. તેથી તે ખરાબ નસીબનું મિશ્રણ છે અને અમે ખૂબ સારું રમી શક્યા નહીં.

ભારતની ઓપનર શેફાલી વર્મા વિશે કેપે કહ્યું હતું કે તેણીની કારકિર્દી ખૂબ લાંબી અને સફળ રહેશે. મારો મતલબ છે કે પહેલા દિવસે તરત જ ડીસી કેમ્પમાં આવતા અમારી પ્રેક્ટિસ મેચ હતી તે જ તેના વિશે ખૂબ જ ખાસ છે. તે જે રીતે રમે છે તે બદલશે નહીં. અને જો તમારી પાસે આવા ખેલાડીઓ હોય તો તે બાકીની ટીમ પર અસર કરે છે. કેપે કહ્યું કે સ્થાનિક ખેલાડીઓએ વધુને વધુ મજબૂત અસર કરી છે.મને લાગે છે કે એકવાર આ યુવાનો ખરેખર આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો સાથે રમવાનું શરૂ કરે છે અને તેમને ખ્યાલ આવે છે કે હું હજી પણ વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ સામે પ્રદર્શન કરી શકું છું, તે તેમને આત્મવિશ્વાસનો એક અલગ સ્તર આપે છે. ■

# નીરજ ચોપરા જેએસડબલ્યૂ સ્પોર્ટ્સથી થયો અલગ

નવી દિલ્હી : બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા ભાલા ફેંકનાર એથ્લીટ નીરજ ચોપરાએ જેએસડબલ્યૂ સ્પોર્ટ્સ સાથેના દાયકા જૂના સંબંધોનો અંત લાવ્યો છે અને હવે તે પોતાની એથ્લીટ મેનેજમેન્ટ ફર્મ વેલ સ્પોર્ટ્સ શરૂ કરશે. ચોપરા ૨૦૧૬થી જેએસડબલ્યૂ સ્પોર્ટ્સ સાથે જોડાયા હતા. ૨૭ વર્ષીય ચોપરાએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં અમારી સફર વિકાસ વિશ્વાસ અને સિદ્ધિઓથી ભરેલી રહી છે. જેએસડબલ્યૂ સ્પોર્ટ્સે મારી કારકિર્દીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને હું હંમેશાં તેમના સમર્થન અને દૃષ્ટિકોણ માટે આભારી રહીશ. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષોએ પરસ્પર આદર અને ગર્વ સાથે આ નિર્ણય લીધો છે. જેએસડબલ્યૂના સ્પોર્ટ્સના સીઈઓ દિવ્યાંશુ સિંહે કહ્યું હતું કે, નીરજ સાથે કામ કરવું આપણા બધા માટે એક અદ્ભૂત અનુભવ રહ્યો હતો. ■

# ગૉલ્ફ લીગમાં બાંગ્લાદેશીઓ વિશે હજી કોઇ નિર્ણય નહીંઃ કપિલ દેવ



નવી દિલ્હીઃ દિગ્ગજ ક્રિકેટર અને પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (પીજીટીઆઈ)ના પ્રમુખ કપિલ દેવે સોમવારે જણાવ્યું હતું કે પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (પીજીટીઆઈ) માં બાંગ્લાદેશી ખેલાડીઓને રમાડવા વિશે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સુરક્ષા કારણોસર અને તેની સરકાર સાથે સલાહ લીધા પછી આવતા મહિને ભારતમાં યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમ ન મોકલવાનો નિર્ણય લીધો હતો. અગાઉ આઈપીએલ ટીમ કેકેઆરએ બીસીસીઆઈના નિર્દેશ પર બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો હતો. પીજીટીઆઈ ટૂરમાંથી બાંગ્લાદેશી ખેલાડીઓને બહાર કરવાની સંભાવના વિશે પૂછવામાં આવતા કપિલે કહ્યું હતું કે, અમે તેના પર ચર્ચા કરીશું. હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

બાંગ્લાદેશના જમાલ હુસૈન, મોહમ્મદ સિદ્દીકુર રહેમાન અને મોહમ્મદ અકબર હુસૈન સહિત ઘણા અગ્રણી બાંગ્લાદેશી ગોલ્ફરો પીજીટીઆઈ ટૂરમાં રમે છે. કપિલે બીસીબીના આઈસીસીને લખવામાં આવેલા તાજેતરના નિર્ણય પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

૧૯૮૩ના વર્લ્ડ કપ વિજેતા કેપ્ટને પીજીટીઆઈની ફ્રેન્ચાઇઝી આધારિત ગોલ્ફ લીગ '૭૨ ધ લીગ' ના ઉદઘાટન પ્રસંગે મીડિયાને સંબોધિત કરી રહ્યા હતા. કપિલે કહ્યું હતું કે ભારતને ગોલ્ફના વિકાસ માટે ટીમ-આધારિત માળખાની જરૂર છે. તેમણે ઇન્ડિયન પ્રીમિયર લીગ પછી ભારતીય ક્રિકેટમાં આવેલા ફેરફારોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ''હું ક્રિકેટ રમતો હતો, જે એક ટીમ રમત છે, જ્યારે ગોલ્ફ એક વ્યક્તિગત રમત છે, પરંતુ ભારતને ગોલ્ફમાં પણ ટીમ ફોર્મેટની જરૂર છે. ઇન્ડિયન પ્રીમિયર લીગના આગમન પછી ક્રિકેટમાં જે ફેરફારો થયા છે, અમે આ લીગ દ્વારા ગોલ્ફમાં પણ તે જ કરવા માંગીએ છીએ.'' ■

# ઠાકરે v/s ભાજપ-શિંદે

## ઉદ્ધવ સેનાની ૯૭ સીટ પર ભાજપ સાથે તો શિંદેસેના સામે ૬૯ સીટ પર ટક્કર

## ઉદ્ધવ, રાજ અને શિંદેના પક્ષનું રાજકીય ભવિષ્ય પાલિકાની ચૂંટણી નક્કી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાનું વિભાજન થયા બાદ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે એકબીજા વિરુદ્ધ લડયા બાદ હવે રાજ્યની મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં તેઓ એકબીજા સાથે ટકરાવાના છે. જોકે આ વખતની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી અનોખી બની રહેવાની છે. વર્ષોથી અલગ પડી ગયેલા પિતરાઈ ભાઈ ઉદ્ધવ અને રાજ ઠાકરેએ મરાઠીઓના અસ્તિત્વના નામે મુંબઈ મહાનગરપાલિકા પર કબજો કરવા દુશ્મની ભૂલીને એકબીજા સાથે હાથ મિલાવ્યા છે.

ચૂંટણીના મેદાનમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની ભાજપ વિરુદ્ધ ૯૭ સીટ પર તો શિંદે સેના વિરુદ્ધ ૬૭ સીટ સીધી ટક્કર થવાની હોવાનું કહેવાય છે. તો મનસે અને શિંદે એકબીજા સામે ૧૮ સીટ પર એકબીજાને ટક્કર આપશે. આ વોર્ડમાં કોનો ઉમેદવાર જીતે છે તેના પરથી મુંબઈ મહાનગરપાલિકામાં બહુમતી કોને મળશે અને કોણ રાજ કરશે એ નક્કી થશે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી ઉદ્ધવ, રાજ માટે જ નહીં પણ શિંદે માટે પણ મુંબઈમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે મહત્ત્વની માનવામાં આવે છે.

મુંબઈમાં મરાઠી મતોનું વિભાજન થતું (જુઓ પાનું ૪) ▶▶



**જાગરૂકતા...:** મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા બાન્દ્રા સી-લિંકને ‘મતદાન કરો’ના સંદેશ સાથે લાઈટિંગથી સજાવવામાં આવી હતી. (અમય ખરાડે)

## કાંદિવલી-બોરીવલી સેક્શનમાં આજે રાત્રે મેગા બ્લોક

મુંબઈઃ કાંદિવલી-બોરીવલી સેક્શન વચ્ચે છઠ્ઠી લાઇનના બાંધકામ સંબંધિત કાર્ય માટે પશ્ચિમ રેલવે ૨૦/૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ની રાતથી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કુલ ૩૦ દિવસનો બ્લોક લઈ રહી છે.

આ બ્લોકને કારણે પશ્ચિમ રેલવેની કેટલીક ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ૦૬/૦૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રાત્રે કાંદિવલી ખાતે અપ ફાસ્ટ લાઇન પર પોઇન્ટ નંબર ૧૦૩ દાખલ કરવા માટે એક મેગા બ્લોક લેવામાં આવશે. આ બ્લોક અપ ફાસ્ટ લાઇન પર ૦૦:૦૦ કલાકથી ૦૫:૩૦ કલાક સુધી અને ડાઉન ફાસ્ટ લાઇન પર ૦૧:૦૦ કલાકથી ૦૪:૩૦ કલાક સુધી રહેશે.

ઉપરોક્ત બ્લોક અને લાઇન પાંચના સસ્પેન્શનને કારણે કેટલીક ઉપનગરીય ટ્રેન સેવાઓ રદ કરવામાં આવશે, જ્યારે કેટલીક મેઇલ/એક્સપ્રેસ ટ્રેનોનું નિયમન કરવામાં આવશે. ■

## મારી ભૂલ થઈઃ પાલિકા કમિશનર

### ચૂંટણી માટે કોર્ટ સ્ટાફને હાજર રહેવાના આદેશ પર હાઈ કોર્ટ ભડકી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીએ સોમવારે હાઈ કોર્ટમાં કબૂલાત કરી હતી કે, મુંબઈની નીચલી અદાલતોના કર્મચારીઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની ફરજ પર હાજર થવા માટે આદેશ આપવો એ તેમની ભૂલ હતી. તેના પર કોર્ટે સુનાવણી સ્થગિત કરી અને ટકોર કરી હતી કે, તમે ભૂલ સ્વીકારી લીધી છે, તો હવે તમારી જાતને બચાવો. તમે આ આદેશ કયા અધિકાર હેઠળ આપ્યા? તે અંગેની કાયદેસરની જોગવાઈ બતાવો.

કમિશનર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રવિ કદમે કોર્ટને ફરીથી જણાવ્યું હતું કે કોર્ટના કર્મચારીઓને ચૂંટણીની કામગીરી સોંપવાનો તેમનો આદેશ અને તે સંદર્ભમાં થયેલો પત્રવ્યવહાર એક ભૂલ (જુઓ પાનું ૪) ▶▶

**મેટ્રો-થ્રી પર મુસાફરોને નવા વર્ષની ભેટ**

## હવે સોમવારથી શનિવાર સુધી મેટ્રો ફેરીમાં વધારો

મુંબઈ:મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશને (એમએમઆરસી) એ નવા વર્ષમાં આરેથી કફ પરેડ ભૂગર્ભ મેટ્રો ૩ લાઇન પર મુસાફરોને મોટી રાહત આપી છે. સોમવારથી મેટ્રો ૩ લાઇન પર ટ્રેનોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.

મુંબઈની પહેલી ભૂગર્ભ મેટ્રો લાઇન થ્રી ઓક્ટોબર ૨૦૨૪થી તબક્કાવાર કાર્યરત થઈ છે અને ઓક્ટોબર ૨૦૨૫ થી સંપૂર્ણ ક્ષમતાથી ચાલી રહી છે. આરેથી બીકેસી (જુઓ પાનું ૪) ▶▶

## નાર્વેકર સામેની ફરિયાદ પાછી ખેંચાઇ, પણ ભૂતપૂર્વ સાંસદ લડી લેવાના મૂડમાં

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે સોમવારે જણાવ્યું હતું કે આગામી બીએમસી ચૂંટણી માટે મુંબઈના કોલાબા વિસ્તારમાં નામાંકન પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ અંગે જેડી (એસ) એ પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી છે.

જોકે ભૂતપૂર્વ સાંસદ હરિભાઉ રાઠોડે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ આ બાબતમાં નાર્વેકર સામેની તેમની વ્યક્તિગત ફરિયાદ આગળ ધપાવશે.

તેમણે જણાવ્યું હતું કે ભલે જેડી (એસ) પાછળ હટી ગયું હોય, પરંતુ રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ તેમની ફરિયાદ હજુ પણ ચાલુ છે અને તેઓ તેને તેના તાર્કિક નિષ્કર્ષ પર લઈ જવા માગે છે.

ઘણા વિપક્ષોએ નાર્વેકર પર નાગરિક ચૂંટણી માટે લાગુ આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાનો, નામાંકન પ્રક્રિયામાં દખલ કરવાનો અને સીસીટીવી ફૂટેજ સાથે છેડછાડ (જુઓ પાનું ૪) ▶▶

## તપોવનના જ નહીં, નાશિક જિલ્લાના એક પણ ઝાડને હાથ લગાડ્યો તો...

### નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલની પ્રશાસનને ફટકાર

નાશિકઃ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલે નાશિક જિલ્લા પ્રશાસનને મોટો ઝટકો આપતા સમગ્ર નાશિક જિલ્લામાં વૃક્ષો કાપવા પર વચગાળાનો સ્ટે આપવાનો આદેશ આપ્યો હતો. એડવોકેટ શ્રીરામ પિંગલેએ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા નાશિક જિલ્લા વહીવટીતંત્રને સ્ટેનો આદેશ આપ્યો હતો. ડિસેમ્બરમાં વાઢિવરેથી સમૃદ્ધિ હાઇવે પર ૨૦૦ વર્ષ જૂના વડના વૃક્ષો કાપવામાં આવી રહ્યા હોવાની માહિતી મળતાં અરજદાર અશ્વિની સુનિલ ભટ તાત્કાલિક સ્થળે પહોંચી ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપવાનું બંધ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે જાહેર બાંધકામ (જુઓ પાનું ૪) ▶▶

## આર્થિક રોકાણની લાલચે કર્ણાટકના વેપારીને બાનમાં રાખી ૨.૧૭ કરોડ વસૂલ્યા

મુંબઈઃ કર્ણાટકના વેપારીને તેના વ્યવસાયમાં આર્થિક રોકાણને બહાને મીરા રોડમાં બોલાવ્યા પછી ત્રણ દિવસ સુધી બંધક બનાવીને ૨.૧૭ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હોવાની આંચકાજનક ઘટના પ્રકાશમાં આવી હતી. રોકાણકારની જરૂર હોવાથી મીરઆ રોડ આવેલા વેપારીને બે અલગ અલગ હોટેલની રૂમમાં પિસ્તોલ અને ચાકુની ધાકે બાનમાં લેવાયો હતો.

કર્ણાટકના શિમોગા જિલ્લામાં રહેતા શમંતકુમાર શડક શરપ્પા કરડેરે (૩૧) નોંધાવેલી ફરિયાદને આધારે કાશીમીરા પોલીસે અંકિત અને બે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો (જુઓ પાનું ૪) ▶▶

## ભારતથી કમ્બોડિયા સુધી ફેલાયેલા કિડની રૅકેટનો પર્દાફાશઃ બે ડૉક્ટરની ધરપકડ

મુંબઈઃ દેવાના ડુંગર નીચે દબાયેલા ખેડૂત દ્વારા પોસ્ટ કરાયેલો વીડિયો વાયરલ થયા બાદ તેની ગંભીર નોંધ લઈ ચંદ્રપુર પોલીસે તપાસ હાથ ધરીને ભારતનાં વિવિધ શહેરોથી છેક કમ્બોડિયા સુધી ફેલાયેલા કિડની રૅકેટનો પર્દાફાશ કર્યો હતો. આ રૅકેટ સાથે સંકળાયેલી સિન્ડિકેટ કઈ રીતે દર્દી પાસેથી કિડનીદીઠ ૫૦થી ૮૦ લાખ રૂપિયા પડાવે છે અને દાતાને માત્ર પાંચથી આઠ લાખ રૂપિયા ચૂકવે છે એની જાણકારી આ વીડિયોમાં અપાઈ હતી.કિડની રૅકેટની પ્રારંભિક તપાસ ચંદ્રપુર પોલીસને દિલ્હી અને તમિળનાડુ સુધી દોરી ગઈ હતી. તપાસ દરમિયાન ડૉ. રાજરત્નમ ગોવિંદસ્વામી અને ડૉ. રવીન્દર પાલ સિંહની ધરપકડ કરવામાં આવી હતી. ડૉ. ગોવિંદસ્વામી તિરુચિરાપલ્લીની એક હૉસ્પિટલ સાથે સંકળાયેલા હોવાનું પોલીસે (જુઓ પાનું ૪) ▶▶

## ભાષણ આપતી વખતે નારાયણ રાણે ઢળી પડયા

સિંધુદુર્ગઃ ચિપલૂણમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમિયાન ભાજપના કેન્દ્રીય પ્રધાન સાંસદ નારાયણ રાણેને ચક્કર આવવાથી ભારે હોબાળો મચી ગયો હતો. ત્યારબાદ તેમના સુરક્ષા ગાર્ડ્સે તાત્કાલિક તેમને ખુરશી પર બેસાડીને પાણી પીવડાવ્યું હતું. નારાયણ રાણેના પત્ની નીલમ રાણે પણ કાર્યક્રમમાં હાજર હતા. ચિપલૂણ ખાતે આયોજિત ‘કૃષિ અને પશુધન પ્રદર્શન ૨૦૨૬’ના કૃષિ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે ભાષણ આપતી વખતે નારાયણ રાણેને ચક્કર આવવા લાગ્યા હતા. ચક્કર આવવાને કારણે તેમણે થોડો સમય પત્ની સાથે બેસીને આરામ કર્યો હતો. ■

## ૩૫ લાખના દાગીના સમાન કલરના બીજા જ સ્કૂટરમાં મૂકી દીધા!

### વસઈમાં બનેલી અજબ ઘટના,પોલીસે બે કલાકમાં દાગીના પાછા શોધી આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વસઈમાં બનેલી અજબ ઘટનામાં બૅન્ક લૉકરમાંથી કાઢેલા ૩૫ લાખ રૂપિયાના સોનાના દાગીના મહિલાએ પોતાના સ્કૂટરને બદલે સમાન કલરના બીજા એસએ સ્કૂટરની ડિકીમાં મૂકી દીધા હતા. ગુમ દાગીનાની ફરિયાદ મળતાં જ પોલીસે બે કલાકમાં એ સ્કૂટરને શોધી કાઢી દાગીના પરત કર્યા હતા. વસઈ પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સાંજે બની હતી. વસઈના સાદોડાવાડી પરિસરમાં રહેતી મહિલા લિનેટ અલ્મેડા (૪૨)એ રાતે ૮ વાગ્યાની આસપાસ સોનાના દાગીના ગુમ થયાની ફરિયાદ પોલીસમાં કરી હતી. ફરિયાદ અનુસાર અલ્મેડા શુક્રવારની સાંજે પાંચ વાગ્યાની આસપાસ ખાનગી બૅન્કની વસઈ શાખામાં ગઈ હતી. બૅન્ક લૉકરમાંથી તેણે સોનાની બિસ્કિટ્સ (જુઓ પાનું ૪) ▶▶




**અફવા...:** પરેલ ખાતે ટાટા કેન્સર હૉસ્પિટલને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ ડૉગ સ્કવૉડ, અગ્નિશમન દળ સહિત સુરક્ષાદળો ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધર હતી, પણ કંઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. (અમય ખરાડે)

## હવાની ગુણવત્તા કથળીઃ એક્યુઆઈ ૨૦૦ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ફરી વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધી જતા વિઝિબિલિટી ઘટી ગઈ હોવાનું જણાઈ રહ્યું છે. સોમવારે મોડી સાંજે મુંબઈમાં સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) ૨૦૪ જેટલો ઊંચો જોખમી સ્તરે નોંધાયો હતો ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધીના મહિનામાં નૈસર્ગિક હવામાનની સ્થિતિ અનુસાર પ્રદૂષણના પ્રમાણમાં વટઘટ હોવાની સ્પષ્ટતા કરી હતી.

એ સાથે જ પ્રશાસને મુંબઈમાં વાયુ અને ધૂળના પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે ઓક્ટોબર ૨૦૨૪ની સાલમાં અમલમાં મૂકવામાં આવેલી ગાઈડલાઈનનું પાલન થાય છે કે નહીં તેના પર વોર્ડ સ્તરે નજર રાખવા બનાવેલી વિજિલન્સ ટીમના રિપોર્ટને આધારે પ્રદૂષણ માટે જવાબદાર લોકોને નોટિસ આપવાનું કામ ચાલી રહ્યું હોવાનો દાવો કર્યો હતો.

મુંબઈમાં ગયા અઠવાડિયે કમોસમી વરસાદ પડી ગયા બાદ વાતાવરણમાં પ્રદૂષણમાં થોડો ઘટાડો થયો હતો.

જોકે ત્રણ-ચાર દિવસથી ફરી મુંબઈમાં પ્રદૂષણનું સ્તર વધી ગયું હોવાનું જણાઈ આવ્યું છે. મુંબઈમાં મોડી સાંજે સરેરાશ ૨૦૪ (જુઓ પાનું ૪) ▶▶

## મોટરસાઇકલ-બસ વચ્ચેની ટક્કરમાં શખસનું મોતઃ ૩૬ લાખનું વળતર

થાણેઃ મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૨૦માં મોટરસાઇકલ અને બસ વચ્ચે થયેલી અથડામણમાં મૃત્યુ પામેલા શખસના પરિવારજનોને ૩૬.૩૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ને આદેશ આપ્યો હતો. એમએસીટીનાં સભ્ય આર. મોહિતેએ આપેલા આદેશમાં એમએસઆરટીસી બસના ડ્રાઇવર અને મૃતકને અકસ્માત માટે જવાબદાર ઠેરવ્યા હતા.

સુભાષ શિંદે ૯ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મોટરસાઇકલ પર કલ્યાણ-મુરબાડ રોડ પરથી જઇ રહ્યો હતો, ત્યારે સામેથી એસટી બસ આવી રહી હતી અને બંને વચ્ચે ટક્કર થઇ હતી. આ અકસ્માતમાં શિંદેને ગંભીર ઇજા પહોંચી હતી અને પંદરમી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ સારવાર દરમિયાન શિંદેનું મૃત્યુ થયું હતું.શિંદેની પત્ની, બે પુત્રી અને વૃદ્ધ માતા-પિતાએ વળતર માટે ટ્રિબ્યુનલનો સંપર્ક સાધ્યો હતો અને જણાવ્યું હતું કે શિંદે એક કંપનીમાં કાયમી કર્મચારી હતો અને માસિક ૨૬ હજાર રૂપિયાનો પગાર તેને મળતો હતો.

મોહિતેએ કહ્યું હતું કે આ અકસ્માત બે વાહન વચ્ચે સામસામી અથડામણ હતી. આથી મારું માનવું છે કે કથિત અકસ્માત બંને ડ્રાઇવરની બેદરકારીને કારણે થયો હતો. વળતરના મૂલ્યાંકન માટે મૃતકની બેદરકારીનું ૨૦ ટકા અને એસટી બસના ડ્રાઇવરનું ૮૦ ટકા મૂલ્યાંકન કરવામાં આવે છે. (પીટીઆઇ)

## સીએમ ફંડનો ઉપયોગ હવે રાજ્ય બહારનાં સંગઠનો માટે થઈ શકશે

મુંબઈઃ મુખ્ય પ્રધાન રાહત ભંડોળનો ઉપયોગ હવે મહારાષ્ટ્ર બહારના મહારાષ્ટ્રીયન સંગઠનોને સહાય પૂરી પાડવા માટે પણ કરી શકાશે એવો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે.

અગાઉ રાજ્ય સરકારે રાહત ભંડોળમાંથી મહારાષ્ટ્ર - કર્ણાટક સરહદી વિસ્તારના ૮૬૫ ગામને સહાય પૂરી પાડવાનો નિર્ણય લીધો હતો. મુખ્ય પ્રધાનની મરજી મુજબ મહારાષ્ટ્ર રાજ્યમાં સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સખાવતી અથવા એ પ્રકારની સંસ્થાઓ અને અર્ધ-સરકારી સંસ્થાઓ તેમજ સંગઠનોને સહાયનો સમાવેશ થતો હતો. ત્યારબાદ રાજ્ય બહારની સખાવતી સંસ્થાઓએ પણ મુખ્ય પ્રધાન રાહત ભંડોળમાંથી સહાયની માગ કરી હતી. હવે રાજ્ય સરકારે આખરે આ સંદર્ભમાં નિર્ણય લીધો છે’ એમ અધિકારીએ જણાવ્યું હતું.

સામાન્ય વહીવટ વિભાગએ એક સરકારી ઠરાવ બહાર પાડ્યો હતો જેમાં મુખ્ય પ્રધાનને રાજ્યની બહાર મૂળ મહારાષ્ટ્રીયન સમુદાયના સંગઠનોને અનન્ય અને નવીન કાર્ય માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.



**તાલીમઃ** મહાનગરપાલિકાની ચૂંટણી યોજવાને હવે દસ દિવસ બાકી છે ત્યારે ચૂંટણી કર્મચારીઓને ઈલેક્ટ્રોનિક વૉટિંગ મશીન (ઈવીએમ)ની તાલીમ આપવામાં આવી રહી છે. (અમય ખરાડે)

**દાદર, બાન્દ્રા અને મુંબઈ સેન્ટ્રલનો ભાર થશે ઓછો**

## જોગેશ્વરી ટર્મિનસનું કામ આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની શક્યતા

મુંબઈઃ મુંબઈમાં લાંબા અંતરની ટ્રેનના મુસાફરો માટે સારા સમાચાર છે. હવે મુસાફરોને મેલ અને એક્સપ્રેસ ટ્રેનો પકડવા માટે દાદર, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ સેન્ટ્રલ કે બાંદ્રા ટર્મિનસ જવાની જરૂર રહેશે નહીં. પશ્ચિમ રેલવે દ્વારા જોગેશ્વરી ખાતે એક નવું ટર્મિનસ બનાવવામાં આવી રહ્યું છે અને આ વર્ષના અંત સુધીમાં આ કામ પૂર્ણ થવાની શક્યતા છે.

લાંબા અંતરના મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલ્વેએ આ નિર્ણય લીધો છે, જેના અંતર્ગત જોગેશ્વરી ટર્મિનસથી દરરોજ ૧૨ જોડી મેલ અને એક્સપ્રેસ ટ્રેનો ચલાવવામાં આવશે. આમાં દિલ્હી અને ઉત્તર ભારત જતી ટ્રેનોનો સમાવેશ થશે. આ ટર્મિનસ અમૃત ભારત સ્ટેશન વિકાસ યોજના હેઠળ બનાવવામાં આવી રહ્યું છે. આ ટર્મિનસ રામ મંદિર અને જોગેશ્વરી સ્ટેશન વચ્ચે રેલવેની જમીન પર બનાવવામાં આવી રહ્યું છે. હાલમાં કવર શેડ, પ્લેટફોર્મ, સર્વિસ બિલ્ડિંગ અને સ્ટેશન બિલ્ડિંગનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આગામી તબક્કામાં ટ્રેક નાખવાનું કામ કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ આશરે રૂ. ૭૬.૮૪ કરોડ છે. શરૂઆતમાં, પ્રથમ તબક્કા માટે રૂ. ૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ વિવિધ કારણોસર ખર્ચમાં વધારો થયો છે. ■

## બાન્દ્રા ટર્મિનસ હવે હાઈટેક બનશે

### લાંબા અંતરની ટ્રેનોની સંખ્યા વધશે

મુંબઈઃ પશ્ચિમ રેલવેના બાંદ્રા ટર્મિનસમાં લાંબા અંતરની ટ્રેનોની જાળવણી ક્ષમતામાં મોટો વધારો કરવામાં આવ્યો છે. મુસાફરોની વધતી સંખ્યા અને ટ્રેનોની માગને ધ્યાનમાં રાખીને બાન્દ્રા ટર્મિનસમાં ત્રણ નવી મેન્ટેનન્સ લાઈનો બનાવવામાં આવી છે. આનાથી ટ્રેનો ઊભી રાખવા માટે વધારાની જગ્યા ઉપલબ્ધ થઈ છે અને ભવિષ્યમાં વધુ ટ્રેનો ચલાવવાનો માર્ગ મોકળો થયો છે.

પહેલા બાન્દ્રા ટર્મિનસ પર ફક્ત ત્રણ મેન્ટેનન્સ લેન હતા. હવે ત્રણ નવા લેન ઉમેરાતાં કુલ છ લેન પર ટ્રેનો જાળવી શકાશે. આ નવી લેનમાં અત્યાધુનિક ટ્રેન ધોવાની સુવિધાઓ પણ છે. દરેક લેન ૫૪૦ મીટર લાંબી છે અને ૨૪ કોચવાળી પેસેન્જર ટ્રેનો માટે યોગ્ય છે.

હાલમાં બાન્દ્રા ટર્મિનસ ખાતે કોચિંગ ડેપોમાં લગભગ ૮૦૦ કોચ જાળવવામાં આવે છે. એલએચબી કોચ દર ૩૬ મહિને અને આઇસીએફ કોચ દર ૧૮ મહિને જાળવવામાં આવે છે. રેલ્વે ટર્મિનસની ક્ષમતા વધારવા માટે મુંબઈ સેન્ટ્રલ અને બાન્દ્રા ટર્મિનસ પર નવી લેન પર કામ ચાલી રહ્યું છે અને ઉપયોગમાં લેવાતા પ્લેટફોર્મની લંબાઈ વધારવાનું પણ કામ ચાલી રહ્યું છે.

આ ત્રણ નવા ટ્રેકમાંથી પહેલો ટ્રેક જુલાઈ ૨૦૨૪ માં કાર્યરત થયો હતો, જ્યારે બાકીના બે ટ્રેકનું કામ ડિસેમ્બર ૨૦૨૫ માં પૂર્ણ થયું હતું.

સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૫૬.૭૬ કરોડ થયો છે. આ નવી લાઈનોને કારણે ભવિષ્યમાં વધારાની નવ લાંબા અંતરની ટ્રેનોનું સંચાલન શક્ય બનશે. ■

## ચોથી પત્નીની હત્યાના કેસમાં પતિને કોર્ટે નિર્દોષ છોડ્યો

થાણેઃ પત્નીની હત્યાના આરોપનો સામનો કરી રહેલા ૩૨ વર્ષના પતિને થાણેની સેશન્સ કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો. આરોપીને છોડતી વખતે અદાલતે એવી નોંધ કરી હતી કે સાંયોગિક પુરાવાઓના આધારે દોષ પુરવાર કરવા માટે જરૂરી મૂળભૂત હકીકતો સાબિત કરવામાં ફરિયાદી પક્ષ નિષ્ફળ ગયો છે.

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે શનિવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે ઘટનાક્રમમાં મહત્ત્વની દેરેકેદરેક વાસ્તવિકતા સિદ્ધ કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે. ફરિયાદ પક્ષનો આરોપ હતો કે શાન મોહમ્મદ શાબીદ અલી ખાને ૯ મે, ૨૦૨૧ના રોજ થાણેના ડાયઘર ખાતે આવેલા તેના ઘરમાં ચોથી પત્ની અરફા ખાનની હત્યા કરી હતી. પત્નીના લગ્નબાહ્ય સંબંધોની શંકા ખાનને હતી. તેણે બાથરૂમના ફ્લોર પર પત્નીનું માથું અફાળ્યું હતું, જેને પગલે તેના માથા અને ચહેરા પર ગંભીર ઇજા થઈ હતી.

અમુક પડોશીઓએ અરફાને લોહીલુહાણ હાલતમાં પડેલી જોઈ હતી. તેના મૃતદેહની બાજુમાં બેસી બે વર્ષનું બાળક રડતું હતું. આ પ્રકરણે ખાન વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. ધરપકડ પછી ૯ જૂન, ૨૦૨૧ સુધી તે જેલમાં હતો. મૃતકના તબીબી અહેવાલમાં તેની હત્યા થઈ હોવાની વાતને સમર્થન મળ્યું હતું, પરંતુ પતિને આ કૃત્ય સાથે જોડતી સંપૂર્ણ અને અતૂટ કડીના અભાવને લીધે તેને કોર્ટે નિર્દોષ છોડી મૂક્યો હતો. જજે આદેશમાં નોંધ્યું હતું કે મૂળભૂત હકીકતો સિદ્ધ કરવાની ફરિયાદ પક્ષની જવાબદારી છે અને ફરિયાદ પક્ષે પોતાના પગ પર ઊભા રહેવું જોઈએ.(પીટીઆઈ) ■

# અમેરિકા દ્વારા ટૅરિફ વધારવાની નવી ધમકી વચ્ચે બ્લુચિપ્સ શૅરોમાં વેચવાલીના દબાણથી સેન્સેક્સ ૩૨૨ પોઈન્ટ લપસ્યો

મુંબઇઃ અમેરિકા દ્વારા ટેરિફ વધારવાની નવી ધમકી વચ્ચે એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સહિતના બ્લુચિપ્સ શેરોમાં વેચવાલીનું દબાણ વધી જવાથી શેરબજારમાં સપ્તાહના પહેલા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. આઇટી શેરોમાં પણ ધોવાણ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૩૨૨.૩૯ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૮૫,૪૩૯.૬૨ પર સ્થિર થતાં પહેલા સત્ર દરમિયાન, તે ૪૪૬.૬૮ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા ઘટીને ૮૫,૩૧૫.૩૩ની સપાટીને અથડાયો હતો. જ્યારે ૨૬,૩૭૩.૨૦ની રેકોર્ડ ઇન્ટ્રા-ડે ઊંચી સપાટીએ પહોંચ્યા પછી, નિફ્ટી ૭૮.૨૫ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૨૬,૨૫૦.૩૦ પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી, એચડીએફસી બેંક, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, બજાજ ફાઇનાન્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સૌથી વધુ ઘટનારા શેરોમાં મોખરે રહ્યા હતાં, જ્યારે, તેનાથી વિપરીત, ભારત ઇલેક્ટ્રોનિક્સ, હિન્દુસ્તાન યુનિલિવર, ટાટા સ્ટીલ અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોચના વધનારા શેરોમાં સામેલ હતા. ભારત કોકિંગ કોલ રૂ. ૧,૦૭૧.૧૧ કરોડના બુક બિલ્ડ આઇપીઓ સાથે નવમી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૪ જાન્યુઆરીએ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ૧૬ જાન્યુઆરીએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૨૧થી રૂ. ૨૩ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૬૦૦ છે.

યજુર ફાઇબર્સ લિમિટેડ સાતમી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રૂ.૧૨૦.૪૧ કરોડનો આઇપીઓ લાવી રહી છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૬૮થી રૂ. ૧૭૪ છે. નાણાં ભંડોળનો ઉપયોગ માળખાકીય ખર્ચ, ઉત્પાદન ક્ષમતા વિસ્તરણ, મધ્યપ્રદેશમાં ૧૦૦ ટકા વેટ સ્પન લિનન યાર્ન અને બ્લેન્ડેડ યાર્ન માટે ગ્રીનફિલ્ડ યુનિટ સ્થાપવા સહિતના કાર્યોમાં કરવામાં થશે. આઈપીઓ નવમી જાન્યુઆરીના રોજ બંધ થશે.

આઇનોક્સ ક્લિન એનર્જીની અનુષાંગિક કંપની આઇનોક્સ નીઓ એનર્જીએ નેધરલેન્ડની મલ્ટિનેશનલ કંપનીની સબ્સિડિરી સન સોર્સ એનર્જી પાસેથી ૨૫૦ મેગાવોટ પીક સોલર પ્રોજેક્ટ હસ્તગત કર્યો છે. નેટવર્ક ૧૮ અને સીએનએન ઇન્ટરનેશનલ સાથેની સીએનએન -ન્યુઝ ૧૮ માટેની ભાગીદારી ૧૦ વર્ષ, ૨૦૩૫ સુધી વિસ્તારી છે.

ટુરિઝમ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (ટીએફસીએલ), હોસ્પિટાલિટી એઆઇએફને કો-સ્પોન્સર અને રિયલ એસ્ટેટ ફંડને એન્કર કરશે. ટીએફસીએલે વૈકલ્પિક રોકાણ ભંડોળ (એઆઇએફ) કેટેગરી-ટુમાં સહપ્રાયોજક અને એન્કર રોકાણકાર તરીકે કાર્ય કરીને વૈકલ્પિક રોકાણ ક્ષેત્રમાં વિસ્તરણ કરી રહી છે. વારી એનર્જીએ વ્યૂહાત્મક રોકાણકારો પાસેથી રૂ. ૧૦૦૩ કરોડ એકત્ર કર્યા છે. એચડીએફસી એએમસીએ રૂ. ૨૫૦૦ કરોડના ફંડ સાથે પ્રાઇવેટ ક્રેડિટ માર્કેટમાં પ્રવેશ કર્યો છે. યુનિવર્સલ મ્યુઝિક ઇન્ડિયાએ એક્સેલ એન્ટરટેન્મેન્ટમાં ૩૦ ટકા હિસ્સો હસ્તગત કરવાની યોજના જાહેર કરી છે. આઇડીબીઆઇ બેન્કે ત્રીજા ક્વાર્ટરમાં ૧૨ ટકા બિઝનેસ ગ્રોથ દર્શાવ્યો હોવા છતાં તેના શેરમાં ચાર ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ક્યુપિડ લિમિટેડે એક્સચેન્જમાં ફાઇલ કરેલા ૨૦૨૬ના ત્રીજા ત્રિમાસિક બિઝનેસ અપડેટમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ના રૂ. ૩૩૫ કરોડની આવક અને રૂ. ૧૦૦ કરોડના ચોખ્ખા નફામાં અંદાજને આંબી જવાની અપેક્ષા જાહેર કરી છે. મહારાષ્ટ્રમાં ક્ષમતા વિસ્તરણ યોજના મુજબ આગળ વધી રહ્યું છે. કંપની એફએમસીજી ક્ષેત્રે પર્સનલ કેર અને વેલનેસ કેટેગરીમાં રિટેલ વિસ્તરણ કરી રહી છે. બંધન બેન્કમાં ચાર ટકા સુધીનો ઉછાલો હતો. હિંદુસ્તાન કોપરમાં ત્રણ સેશનમાં ૧૦ ટકાથી વધુનો ઉછાળો હતો.

અમેરિકાની વેનેઝુએલા પરના હુમલા બાદ એનટીએઆર ટેક, એચએએલ અને અન્ય ડિફેન્સ સ્ટોક્સમાં પાંચ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. ડીમાર્ટના બીજા ક્વાર્ટરના અપડેટ પછી તેના શેરમાં એક ટકા જેવું ધોવાણ જોવા મળ્યું હતું. નાયકાનો શેર ત્રીજા ક્વાર્ટરના બિઝનેસ અપડેટ જાહેર થયા પછી ત્રણ ટકા




ઊછળ્યો હતો. માર્ક મોબિઅસે એવી આગાહી કરી છે કે ૨૦૨૬માં ૧૨થી ૧૫ ટકા રિટર્ન આપશે. બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ સત્ર દરમિયાન ૨૬,૩૭૩.૨૦ની નવી લાઇફટાઇમ ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જોકે, પ્રોફિટ બુકિંગને કારણે ઇન્ડેક્સ નીચે ખેંચાયો. વેનેઝુએલા પર યુએસના હુમલા બાદ વધતા ભૂ-રાજકીય તણાવ વચ્ચે રોકાણકારોએ વાડ પર બેસી રહેવાનું નક્કી કર્યું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨૮૯.૮૦ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ પણ ૬૭૭.૩૮ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. ભારત દ્વારા રશિયન ઓઇલની સતત ખરીદી સાથે જોડાયેલી ભારતીય આયાત સામે સંભવિત ટેરિફ વધારા અંગે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની નવી ટિપ્પણીએ વૈશ્વિક બજારોમાં ભૂ-રાજકીય સાવધાનીનો એક સ્તર ઉમેર્યો છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના કોસ્પી ઇન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નોંધપાત્ર રીતે ઊંચો રહ્યો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ થોડો વધ્યો. યુરોપના બજારો લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો મોટાભાગે હકારાત્મક વલણ સાથે બંધ થયા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૧૩ ટકા ઘટીને ૬૦.૬૭ ડોલર પર બંધ થયો. શુક્રવારે, સેન્સેક્સ ૫૭૩.૪૧ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા વધીને ૮૫,૭૬૨.૦૧ પર બંધ થયો. નિફ્ટી ૧૮૨ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા વધીને ૨૬,૩૨૮.૫૫ પર બંધ થયો હતો. નવા વર્ષની રજાઓ પછી, વૈશ્વિક બજારોએ ૨૦૨૬ની શરૂઆત સકારાત્મક રીતે કરી હતી અને મજબૂત સ્થાનિક ઓટોમોબાઇલ વેચાણે ભારતીય ઇક્વિટીને નવા સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કરવામાં મદદ કરી હોવાનું જણાવતાં ટોચના રિસર્ચ એનાલિસ્ટે કહ્યું હતું કે, રોકાણકારોનું વલણ વ્યાપકપણે રચનાત્મક રહે છે કારણ કે ધ્યાન ત્રીજા ક્વાર્ટરની કોર્પોરેટ કમાણી પર છે, જે બજારને નજીકના ગાળાની દિશા આપશે.

સેક્ટરલમાં રિયલ્ટી અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ વધ્યા, આઈટી અને ઓઈલ એન્ડ ગેસ સૌથી અધિક ઘટ્યા, માર્કેટ કેપમાં રૂ.૪૪૦૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૫,૭૬૨.૦૧ના બંધથી ૩૨૨.૩૯ પોઈન્ટ્સ (૦.૩૮ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૫,૬૪૦.૦૫ ખૂલી ઊંચામાં ૮૫,૮૮૩.૫૦ અને નીચામાં ૮૫,૩૧૫.૩૩ સુધી જઈને છેવટે ૮૫,૪૩૯.૬૨ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૧૪ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૦૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૭ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૧૨ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૬ ટકા ઘટ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૮૧.૨૪ લાખ કરોડથી રૂ.૦.૪૪ લાખ કરોડ ઘટીને રૂ.૪૮૦.૮૦ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્સમાં રિયલ્ટી ૨.૧૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૨૫ ટકા, મેટલ ૦.૫૮ ટકા, કોમોડિટીઝ ૦.૫૬ ટકા, એફએમસીજી ૦.૫૧ ટકા, પીએસયુ બેન્ક ૦.૪ ટકા, ઓટો ૦.૩ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૨૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૭ ટકા અને સર્વિસીસ ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૩૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૧૮ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૧૭ ટકા, એનર્જી ૦.૯૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૮૧ ટકા, પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ ૦.૩૮ ટકા અને યુટિલિટીઝ ૦.૩૮ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૪૭૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૨૩ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૪૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૨૦૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૦૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૪૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૩ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૨ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે બીઈએલ ૨.૬૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૬૨ ટકા, તાતા સ્ટીલ ૧.૫૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૫૩ ટકા, એક્સિસ બેન્ક ૧.૪૫ ટકા, એશિયન પેઈન્ટ ૧.૪૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૨૩ ટકા અને મારુતિ ૧.૧૨ ટકા વધ્યા હતા, જ્યારે એચડીએફસી બેન્ક ૨.૩૫ ટકા ઈન્ફોસિસ ટેકનોલોજી ૨.૦૯ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૨ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૨૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૦૯ ટકા, રિલાયન્સ ૦.૯૪ ટકા, ઈટર્નલ ૦.૮૩ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૭૮ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૬૭.૧૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૬૫ સોદામાં ૯૬૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૩,૭૧,૫૯૪ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૬૦,૭૩,૬૬૯.૪૮ કરોડનું રહ્યું હતું.

## સતત ચોથા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈ, વધુ ૧૦ પૈસા ઘટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ડૉલરમાં લેવાલી રહેતાં આજે સતત ચોથા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈ આગળ ધપતા વધુ સાત પૈસાના ઘટાડા સાથે ૯૦.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો. ટ્રેડરોના જણાવ્યાનુસાર અમેરિકાએ વેનેઝુએલામાં લશ્કરી હસ્તક્ષેપ કર્યો હોવાના નિર્દેશો હોવા છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી રૂપિયામાં મોટું ધોવાણ અટક્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૦.૨૦ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૯૦.૨૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૫૦ અને ઉપરમાં ૯૦.૨૦ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૧૦ પૈસા ઘટીને ૯૦.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત ૩૦મી ડિસેમ્બરના રોજ રૂપિયો ૮૯.૭૫ની સપાટીએ બંધ રહ્યો હતો આમ ત્યાર બાદના ચાર સત્રમાં ડૉલર સામે રૂપિયામાં પંચાવન પૈસાનું ધોવાણ થઈ ગયું છે.

અમેરિકા-વેનેઝુએલા વચ્ચેના ભૂરાજકીય તણાવને કારણે તાજેતરમાં ડૉલરમાં વધેલી સલામતી માટેની માગને કારણે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ આગલા બંધ સામે ૦.૩૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૦.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૮૯.૮૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલોને ધ્યાનમાં લેતા રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. આમ હાલના પરિબળોને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેશે.

### અમેરિકા-વેનેઝુએલા વિવાદ વચ્ચે સોના-ચાંદી ઝળક્યાં

## સ્થાનિક સોનામાં ₹ ૧૩૮૬નો અને ચાંદીમાં ₹ ૨૫૧૩નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરીને તેના પ્રમુખ નિકોલસ માદુરોને પકડ્યાના નિર્દેશો સાથે ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ પ્રબળ બનતાં સોનાના ભાવમાં ૨.૪ ટકાનો અને ચાંદીના ભાવમાં ૪.૯ ટકાનો ઉછાળો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૮૧થી ૧૩૮૬નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫૧૩નો ચમકારો આવ્યો હતો.



આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે વેરારહિત ધોરણે ઘટ્યા મથાળેથી કિલોદીઠ રૂ. ૨૫૧૩ના ચમકારા સાથે રૂ. ૨,૩૭,૦૬૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૮૧ વધીને રૂ. ૧,૩૫,૬૨૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૮૬ વધીને રૂ. ૧,૩૬,૧૬૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૨.૪ ટકા વધીને ઔંસદીઠ ૪૪૩૩.૨૯ ડૉલર આસપાસ અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૨.૬ ટકા વધીને ૪૪૪૩.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૪.૯ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૭૬.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત સપ્તાહના અંતે અમેરિકા-વેનેઝુએલા વચ્ચે ભૂરાજકીય તણાવ વધવાથી આજે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગનો ટેકો મળ્યો હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત રવિવારે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે જો વેનેઝુએલા અમારા માટે તેલની બજાર ખોલવામાં અને અમેરિકામાં ડ્રગ્ઝ ટ્રાફિકિંગ બંધ કરવામાં સહકાર નહીં આપે તો અમે વધુ ઉગ્ર પગલાં લેશું એમ કહ્યું હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ જળવાઈ રહે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં હાલ બજારની નજર બુધવારે જાહેર થનરા અમેરિકાના ઔદ્યોગિક ઉત્પાદનના પીએમઆઈ તથા સર્વિસના ડેટા ઉપરાંત સપ્તાહના અંતે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

## ટીન, કોપર અને નિકલની આગેવાનીમાં અન્ય ધાતુઓમાં પુનઃ તેજીનો સંચાર



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત સપ્તાહના અંતિમ સત્રોમાં કોપર સહિતની વિવિધ ધાતુઓના ભાવમાં નરમાઈનો અન્ડરટોન જોવા મળ્યા બાદ આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા ખાસ કરીને ટીન, નિકલ અને કોપરની આગેવાની હેઠળ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૮૯ સુધીનો પુનઃ તેજીનો સંચાર જોવા મળ્યો હતો. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતા કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ટીન, કોપર વાયરબાર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગનો ટેકો મળતા ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૯ વધીને રૂ. ૩૯૧૯, રૂ. ૪૦ વધીને રૂ. ૧૨૪૭, રૂ. ૧૯ વધીને રૂ. ૧૦૭૨ અને રૂ. ૧૭ વધીને રૂ. ૧૫૬૨ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો સહિત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧૧૪૯, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૧૫૮, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૧૬૯, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૧૦ , બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૬૮૦, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૧૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૧૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં પાંખાં કામકાજો વચ્ચે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨૫ અને રૂ. ૧૮૭ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

## આયાતી તેલમાં ધીમો સુધારો, મથકો પાછળ સિંગતેલમાં ₹ ૧૦ની પીછેહઠ

### એકથી પાંચ જાન્યુઆરીમાં મલયેશિયાની નિકાસમાં ૩૧ ટકાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૧ રિંગિટનો વધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ ઘટી આવ્યાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં દેશી તેલમાં સિંગતેલમાં રૂ. ૧૦ અને સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. તેમ જ હાજર, ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી જાન્યુઆરીથી પાંચમી જાન્યુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ડિસેમ્બર મહિનાના સમાનગાળાના ૧,૮૨,૭૮૫ ટન સામે ૩૧.૧૨ ટકા વધીને ૨,૩૯,૬૭૫ ટન આસપાસ રહી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૩૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ તથા પતંજલિ ફૂડ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાથવાયા વેપારો પણ થયાના અહેવાલ હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫,૦૦૦ ગૂણીની આવક ઉપરાંત ગઈકાલની શેષ ૨૫,૦૦૦ ગૂણી મળી કુલ ૪૦,૦૦૦ ગૂણીના અને રાજકોટ મથકે ગઈકાલની શેષ ૪૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૪૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૨૫૨૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૫૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## ખાંડમાં ₹ ચારથી ૧૦ની નરમાઈ, નાકા ડિલિવરીમાં પીછેહઠ

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહી હતી. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ મર્યાદિત રહેતાં ઉપલા મથાળેથી ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પાંખી રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહી હતી, પરંતુ અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૭૬૨થી ૩૮૩૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં વેચવાલીના દબાણ સામે માગ નિરસ રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૮૨થી ૩૯૫૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર રૂ. ૩૬૯૦થી ૩૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.






(તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

રાજ્ય સરકાર દ્વારા રાજકોટમાં તા.૧૧ જાન્યુ.થી બે દિવસીય રિજિયોનલ વાઈબ્રન્ટ સમીટનું આયોજન કર્યું છે, આ સમીટની તૈયારીઓ હવે આખરી ચરણમાં પહોંચી છે. ત્યારે નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ કલેક્ટર કચેરી ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી.

# સુરેન્દ્રનગરમાં ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં SITની રચના, ૬ અધિકારીની ટીમ તપાસ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૦૦ કરોડના જમીન એનએ (બિનખેતી) કરાવવાના કૌભાંડ મામલે ૪ જાન્યુઆરીના રોજ સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પાંચ જાન્યુઆરીના રોજ આ સમગ્ર મામલાની તપાસ કરવા એસીબી દ્વારા ડીવાયએસપી અને પીઆઇ સહિતના છ અધિકારીઓની એસઆઈટીની રચના કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ૨ જાન્યુઆરીની સવારે ઈડીએ સુરેન્દ્રનગર જિલ્લાના તત્કાલીન કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલની તેમના બંગલામાંથી જ ધરપકડ કરી હતી. ઈડીની પ્રાથમિક તપાસમાં ૧૦ કરોડથી વધુ રૂપિયાની લાંચ લેવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. છેલ્લાં લગભગ ૭ વર્ષમાં ગુજરાતમાં અલગઅલગ જિલ્લાઓમાં ફરજ બજાવતા ૬ આઈએએસ અધિકારીઓ સામે ભ્રષ્ટાચાર, લાંચ, જમીન કૌભાંડ, ટેન્ડર ગેરરીતિ અને નૈતિક અધઃપતન જેવા ગંભીર આરોપોના આધારે સસ્પેન્શન કરવામાં આવ્યા છે. ખાસ કરીને સુરત, આણંદ અને જૂનાગઢ જેવા જિલ્લાઓમાં કલેક્ટર સ્તરના અધિકારીઓ સામે પગલાં લેવાતા વહીવટી તંત્રની વિશ્વસનીયતા પર સવાલ ઊભા થયા છે.

ગુજરાત એસીબીના એડિશનલ ડાયરેક્ટર બીપીન આહિરેની અધ્યક્ષતામાં ડેપ્યુટી ડાયરેક્ટર, ડીવાયએસપી અને પીઆઈ સહિત કુલ ૬ લોકોની એસઆઇટી બનાવવામાં આવી છે. આરોપીઓ દ્વારા વસાવેલી અપ્રમાણસર મિલકત અને સુરેન્દ્રનગર એસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના અંગેની ઝડપી અને નિષ્પક્ષ તપાસ માટે આ એસઆઇટીની રચના ગુજરાત એસીબીના વડા પિયુષ પટેલ દ્વારા કરવામાં આવી છે. ■

# રાજકોટમાં ગેરકાયદે પશુઓને જતા અટકાવનારા પર છરી વડે હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં મોડી રાત્રે લીમડા ચોક પાસે પંચનાથ સોસાયટીમાં કતલ માટે પશુઓના ગેરકાયદેસર પરિવહનને રોકવાનો પ્રયાસ કરતી વખતે બે ગૌરક્ષક પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઘટના સંદર્ભે પોલીસે એફઆઈઆર નોંધી હતી, જેમાં ગૌરક્ષકને છરીથી ઈજા થઈ હતી અને તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આજી ડેમ વિસ્તારના રહેવાસી અને પશુ કલ્યાણ અને ગૌરક્ષા પ્રવૃત્તિઓમાં રોકાયેલા એક એનજીઓના પ્રમુખ જયેન્દ્રભાઈ ઉર્ફે જેકી ચંદવાણિયા (૩૧) દ્વારા દાખલ કરાયેલી ફરિયાદ મુજબ, આ ઘટના ૩ જાન્યુઆરીની રાત્રે બની હતી.

ફરિયાદીએ જણાવ્યું હતું કે તેમને ચોક્કસ માહિતી મળી હતી કે વસીમ ઉર્ફે વાસલો બેલીમ તરીકે ઓળખાતો એક વ્યક્તિ બજાર વિસ્તારમાંથી લીલા રંગની સીએનજી પેસેન્જર રિક્ષા માં ભેંસના વાછરડાઓને કતલ માટે લઈ જઈ રહ્યો છે. બાતમીના આધારે, ચાંદવાણીયા, ગૌરક્ષક કિશન શર્મા, મીતભાઈ ગોસ્વામી અને લાલાભાઈ રામાવત સાથે મળીને રાત્રે ૮ વાગ્યાની આસપાસ પંચનાથ મેઈન રોડ પર નજર રાખી રહ્યા હતા.

જ્યારે શંકાસ્પદ રિક્ષાને પંચનાથ સોસાયટી, શેરી નંબર ૧૬ નજીક જોવામાં આવી, ત્યારે ટોળાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો. જોકે, ડ્રાઇવરે કથિત રીતે ઝડપથી રિક્ષા ચલાવી, જેના કારણે થોડો પીછો કરવામાં આવ્યો. રિક્ષા બીજા વાહન સાથે અથડાયા બાદ આખરે તેને અટકાવવામાં આવી હતી. તપાસ કર્યા પછી, રિક્ષાનો પાછળનો ભાગ, જે ધાબળાથી ઢંકાયેલો હતો, તે ભેંસના વાછરડાને લઈ જતો હોવાનું જાણવા મળ્યું હતું જેના પગલે ફરિયાદીએ તેના એક સાથીને વીડિયો રેકોર્ડ કરવા કહ્યું હોવાનુ સૂત્રોએ જણાવ્યું હતું.

રિક્ષા ચાલકે કથિત રીતે તેના સાથીઓને બોલાવવા માટે ફોન કોલ કર્યા. ત્યારબાદ તરત જ, શબાઝ બેલીમ અને અબુ ઉર્ફે આફતાબ બેલીમ સહિત પાંચ વ્યક્તિઓ બે મોટરસાઈકલ પર સ્થળ પર પહોંચ્યા. આરોપીઓએ ગૌરક્ષકો સાથે દુર્વ્યવહાર અને હુમલો કર્યો હોવાનો આરોપ છે. ઝપાઝપી દરમિયાન, શબાઝ બેલીમે કિશન શર્મા પર તેની કમરની જમણી બાજુ છરી વડે હુમલો કર્યો હોવાનો આરોપ છે.

આરોપીઓ પ્રાણીઓને લઈ જતી રિક્ષા સાથે ઘટનાસ્થળેથી ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું છે. ઘાયલ કિશન શર્માને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# સિંહણના રેસ્ક્યુ દરમિયાન મૃત્યુ પામેલા અશરફભાઈને વન પ્રધાને દિલસોજી વ્યક્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં સિંહણના રેસ્ક્યુ દરમિયાન કર્મચારી અશરફભાઈ ચૌહાણના મૃત્યુની દુઃખદ ઘટના સામે આવી હતી.. જેને અત્યંત દુઃખદ ગણાવતા વન અને પર્યાવરણ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયાએ પીડિત પરિવાર પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. આ સમગ્ર બનાવની તપાસ ગીર પશ્ચિમ વિભાગના જૂનાગઢના નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરને સોંપવામાં આવી હતી.

વન અને પર્યાવરણ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયાએ મૃત્યુ પામનાર કર્મચારી અશરફભાઈ અલીભાઈ ચૌહાણના પરિવારને મળવાપાત્ર નાણાકીય સહાય ઉપરાંત મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય ચુકવાય તે દરખાસ્ત કરવાના વન વિભાગને આદેશ આપ્યા હતા.

આ અંગે વધુ વિગતો આપતા મોઢવાડિયાએ જણાવ્યું હતું કે જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં સિંહણ દ્વારા એક બાળક પર હુમલો કરી મૃત્યુ નિપજાવવાની દુઃખદ ઘટના પ્રકાશમાં આવી હતી. આ ગામ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ હેઠળની વિસાવદર રેન્જની ગ્રાસ રાઉન્ડની માણંદીયા બીટના કાર્યક્ષેત્રમાં આવે છે.

આ નાની મોણપરી ગામના ખેડૂત ખાતેદાર પરસોત્તમભાઈ વાલજીભાઈ વઘાસીયાના ખેતરમાં મજૂરી કામ કરતા શૈલેષભાઈ સોમાભાઈ પારગીના પુત્ર શિવમ શૈલેષભાઈ પારગી (ઉ.વ.૪) વાડીએ આવેલ મકાનની બાજુમાં રમતો હતો, તે દરમિયાન સવારે ૧૦-૩૦ કલાકે અચાનક વન્યપ્રાણી સિંહણ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સિંહણ બાળકને તુવેરના પાકમાં ઢસડી ગયેલ જે દરમિયાન બાળકનું મૃત્યુ થયું હતું.

જેને લઈને આ સિંહણને પકડવા માટે વન વિભાગે યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં હુમલો કરનાર સિંહણ માદાને પકડીને સ્થળાંતર કરવાની કાર્યવાહી વિસાવદર રેન્જના સ્ટાફ તથા વેટનરી ઓફિસર, સાસણની ટીમ દ્વારા હાથ ધરાઈ હતી.

જે તુવેરના ખેતરમાં સિંહણને પકડવા માટે ટ્રેન્કવીલ્કાઈઝ્સ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી, ત્યારે ટ્રેંકવીલાઈઝર ગનમાંથી છોડવામાં આવેલ ડાર્ટ તુવેરના છોડમાં ફસાઈને દિશા બદલતા રેસ્ક્યુ કામગીરીમાં જોડાયેલ અશરફભાઈ અલીભાઈ ચૌહાણ (૩૦)ના ડાબા હાથમાં કોણીથી ઉપરના ભાગે વાગી હતી. જેથી તેમને સારવાર માટે પ્રથમ વિસાવદર સરકારી હોસ્પિટલ ખાતે સરકારી વાહનમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી ૧૦૮ મારફતે વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખેસેડવામાં આવ્યા હતા, જ્યાં મંગળવારે વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું દુઃખદ મૃત્યુ થયું હતું.

મૃતક અશરફભાઈ અલીભાઈ ચૌહાણ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ હેઠળની વિસાવદર રેન્જમાં છેલ્લાં બે વર્ષથી વન્યપ્રાણી અવલોકન, રેસ્ક્યુ સહિતની કામગીરી માટે ટ્રેકર તરીકે ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી અંતર્ગત કાર્યરત હતા. તેમના પરિવારને આર્થિક મદદ મળી રહે તે માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. ■

# રાજકોટ એસીને નવા ૧૮૮ ડ્રાઈવર મળતા મુસાફરોની સુવિધામાં વધારો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એસટીની નવી બસો આવ્યા બાદ પણ ડ્રાઈવરોની અછત હતી ત્યારે તાજેતરમાં ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલની હાજરીમાં એસટી નિગમના ૨૫૦૦ નવા ડ્રાઇવરની ભરતી કરવામાં આવી હતી, જેમાંથી ૧૮૮ રાજકોટ ડિવિઝનમાં કાર્યરત થવાના છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ૧૦૮ ડ્રાઇવર રાજકોટ ખાતે ફરજ પર હાજર થઇ ગયા હતા અને તેમની ડેપોમાં ફાળવણી પણ કરવામાં આવી હતી. બાકીના ડ્રાઇવર ક્રમશઃ જોડાતા જશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ડ્રાયવરોની ઘટ ઓછી થતા હવે નવા રૂટ્સ શરૂ થાય તેમ જ બસની ફેરીઓ વધે અને મુસાફરોની સુવિધા વધે તેવી સંભાવના છે. ■

# સોમનાથ કોરિડોર પ્રોજેક્ટ સામે સ્થાનિકોનો સખત વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મી તારીખે જગવિખ્યાત સોમનાથ મંદિરના દર્શને આવવાના છે ત્યારે અહીં પ્રસ્તાવિત સોમનાથ કોરિડોર પ્રોજેક્ટ સામે સ્થાનિકો સખત વિરોધ કરી રહ્યા છે. રવિવારે રાત્રે અહીં પ્રભાસ હીત રક્ષક સમિતિની એક બેઠક યોજવામાં આવી હતી, જેમાં કોરિડોરનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો.

સમિતિના અમુક આગેવાનોએ આક્ષેપો કર્યા હતા કે ભોળા કે ઓછી માહિતી ધરાવતા લોકોને અધિકારીઓ દલાલો મારફત ટાર્ગેટ કરી રહ્યા છે અને તેમની પાસેથી જમીનના દસ્તાવેજો સાઈન કરાવ્યા હતા. આમ કરી સમિતિની તાકાત નબળી પાડવામાં આવે છે અને પારદર્શકતા રહેતી નથી.

સમિતિએ એવા આક્ષેપો પણ કર્યા હતા કે તંત્ર બેવડા ધોરણો અપનાવી રહ્યું છે. તેમના જણાવ્યા અનુસાર સરકારે તેમને તેમની પ્રોપર્ટીના ભાવ ઓછા આપ્યા છે અને સરકાર વૈકલ્પિક વ્યવસ્થા કરે તેવી માગણી પણ કરી હતી. ■

# પતંગ લૂંટવા ગયેલા કાલાવડના કિશોરનું વીજ કરંટથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાયણ પહેલા પતંગ અને દોરાને લીધે ખાસ કરીને યુવાનોના મૃત્યુની ઘટનાઓ વધતી જાય છે. જામનગર નજીક આવેલા કાલાવડમાં પણ આવી એક કરુણ ઘટના ઘટી હતી. અહીં એક કિશોર રમત રમતમાં કપાયેલી પતંગ લૂંટવા ગયો હતો, પરંતુ વીજના થાંભલામાં અટવાયેલી પતંગ લૂંટતા જીવતા વાયરના સંપર્કમાં આવ્યો હતો અને સારવાર બાદ તેનું મોત થયું હતું.

મળતી માહિતી અનુસાર અહીં રહેતો નફીશ અહેમદ ઇંદ્રીશભાઈ સોલંકી નામનો યુવાન ઘર પાસે આવેલી નદી આસપાસથી પસાર થતો હતો. અહીં લટકેલી પતંગ જોતા તે લલચાયો હતો અને પતંગ લૂંટવા ગયો હતો, પરંતુ વીજ કરંટ લાગતા તે બેભાન થઈ ગયો હતો. તેને પહેલા કાલાવડ અને પછી રાજકોટ હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

મજૂર પરિવારના બે દીકરા અને એક દીકરીમાં વચલો નફીશ પિતાને પણ કામકાજ કરી મદદ કરતો હતો. તેના મૃત્યુથી પરિવાર અને આસપાસના લોકોમાં શોકની લાગણી ફેલાઈ હતી. ■

# ગાંધીનગર બાદ અમરેલીના ગામડાઓમાં દૂષિત પાણીની સમસ્યા, લોકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં દૂષિત પાણીને લીધે ૧૦૦ કરતા વધારે બાળકને ટાઈફોઈડની અસર થયાના અને એક બાળકના મૃત્યુના અહેવાલોએ તંત્રને કામે લગાડી દીધું છે. દૂષિત પાણીની સમસ્યા માત્ર ગાંધીનગર નહીં ઘણા શહેરો અને ગામોમાં છે ત્યારે અમરેલી જિલ્લાના અમુક ગામોમાં પણ દૂષિત પાણીથી પ્રજાની હેરાનગતિ થતી હોવાનું બહાર આવ્યું હતું.

ઘટનાની મળતી માહિતી અનુસાર અમરેલી સાવરકુંડલા પાસેથી પસાર થતી શેત્રુંજી પાણીની પાઈપલાઈનમાં ચાર-પાંચ દિવસથી ખામી સર્જાઈ હતી અને લાખો લીટર પાણીનો વેડફાટ થયો હતો. પાઈપલાઈનમાં ભંગાણ પણ રેતીના ખનન કરતા ડમ્પરોને લીધે થતો હોવાનું બહાર આવ્યું હતું.

લાઈન તૂટી ગઈ હોવાથી ઠેબી નદીનું ન પી શકાય તેવું પાણી આ પાઈપલાઈનમાં ઘૂસી ગયું હોવાનું લોકો જણાવી રહ્યા છે. જેના લીધે આસપાસના પાંચેક ગામમાં લોકો ગંદું પાણી પી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. તંત્ર જોઈએ તેટલી તકેદારી વર્તી રહ્યું નથી આથી રોગચાળો ફેલાવાનો ભય લોકોએ વ્યક્ત કર્યો હતો. તંત્ર સાથે આ મામલે વાતચીત થઈ શકી ન હતી. ■

# ભુજના માધાપર ગામે રહેણાંક વિસ્તારમાં ક્રિકેટ સટ્ટાનો એલસીબીએ પર્દાફાશ કર્યોઃ ત્રણ યુવકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજના માધાપર ગામમાં ધમધમતા હાઈટેક ક્રિકેટ સટ્ટાના નેટવર્ક પર પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ત્રાટકીને કરોડોના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, પેટ્રોલિંગ દરમ્યાન મળેલી ખાનગી બાતમીના આધારે માધાપર ગામ મધ્યે આવેલી સનરાઈઝ સિટી સોસાયટીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં એક મંદિર પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં એકઠા થયેલા ચિંતન હસમુખ ઠક્કર, હિરેન હસમુખ ઠક્કર અને પ્રિન્સ વિપુલ ઠક્કર નામના યુવાનો ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી બિગ બેશ લીગની સિડની થન્ડર વિરુદ્ધ હોબાર્ટ હેરીકેન્સ વચ્ચેની લાઈવ ક્રિકેટ મેચ પર મોબાઈલ એપ્લિકેશન દ્વારા સટ્ટો રમાડતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.આ પકડાયેલા યુવકો ક્રિકેટ મેચ પર ગ્રાહકો પાસેથી સટ્ટો લેતા હતા. પોલીસને તપાસ દરમિયાન તેમના મોબાઈલ ફોન અને ટેબ્લેટમાંથી ક્રિકેટ સટ્ટાના માસ્ટર અને એડમિન આઈ.ડી. મળી આવ્યા હતા, જેમાં કુલ ૧,૩૦,૦૦,૯૧૦ રૂપિયાનું જંગી બેલેન્સ જોવા મળ્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૧૨ નંગ મોબાઈલ ફોન, ૧ ટેબ્લેટ અને રોકડ રકમ સહિત કુલ ૯૫,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. જોકે, મુખ્ય દરોડા દરમિયાન અન્ય ચાર શખ્સો હાજર મળી આવ્યા ન હતા, જેમાં પાલનપુરના અજય ઠક્કર, ભુજના કિશન રામજી ઠક્કર, વિકી ઠક્કર અને ભચાઉના બિપિન લુહારના નામ ખુલ્યા છે. પોલીસે આ તમામ સાત શખ્સો વિરુદ્ધ માધાપર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ ૧૨(એ) મુજબ ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે. રહેણાંક વિસ્તારની વચ્ચે ચાલતા આ હાઈટેક સટ્ટાના પર્દાફાશથી સટ્ટાબજારમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# રાપરના ખીરઈનાં પાબુજી મંદિરમાં અસામાજિક તત્ત્વોએ તોડફોડ કરીને પાંચ મૂર્તિઓને ખંડિત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના રાપર તાલુકાનાં ખીરઈ ગામ ખાતેના પ્રસિદ્ધ પાબુજી દાદાનાં મંદિરમાં રહેલી પાંચ મૂર્તિઓને ખંડિત કરી, ઐતિહાસિક શૂરાપૂરા પાળિયાને ધારદાર હથિયાર વડે ઘા મારી ખંડિત કરવાનો હીન પ્રયાસ કરીને શાંતિ-એખલાસ ડહોળવાનો અજ્ઞાત શખ્સો દ્વારા પ્રયાસ કરવામાં આવતાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ગત તા.૨-૧થી ૩-૧ની સવાર સુધીના અરસામાં રાપરના ખીરઈ ગામની ઉત્તર દિશામાં આવેલાં પાબુજી મંદિરમાં કેટલાક અસામાજિક તત્વો કોમી શાંતિને ડહોળવાના આશયથી ઘૂસ્યા હતા.

તેઓએ પાબુજીદાદાની પાંચ મૂર્તિમાં તોડફોડ કરીને સંપૂર્ણ ખંડિત કરી નાખી હતી અને બાદમાં મંદિરની બાજુમાં આવેલા ઐતિહાસિક શૂરાપૂરા પાળિયાને હથિયારના ઘા મારી ખંડિત કરવાનો હીન પ્રયાસ કરવામાં આવતાં શ્રદ્ધાળુઓમાં રોષની લાગણી પ્રસરી હતી.

મંદિરમાં તોડફોડ કરનારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ જાણીતા ગૌ સેવક જગુભા વેલુભા જાડેજાએ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. ■

# પાલીતાણામાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમે દિલ્હીની મહિલાને સલામત આશ્રય આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજ્યમાં મહિલાઓની સુરક્ષા, સહાય અને સશક્તીકરણ માટે કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન કટોકટીની પરિસ્થિતિઓમાં માત્ર તાત્કાલિક મદદ જ નથી કરતી, પરંતુ માનસિક સહારો, કાઉન્સેલિંગ તથા સલામત આશ્રય ઉપલબ્ધ કરાવી મહિલાઓ માટે આશાનું કિરણ બની રહી છે. ઘરેલુ હિંસા, છેડતી, બાળલગ્ન કે અન્ય કોઈ પણ પ્રકારની મુશ્કેલીમાં ફસાયેલ મહિલાઓ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇન સાચા અર્થમાં સંજીવની સમાન સાબિત થઈ રહી છે.

આવી જ એક ઘટના તાજેતરમાં પાલીતાણા શહેરમાં બહાર આવી હતી, જેમાં દિલ્હીથી આવેલી એક મહિલાને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ દ્વારા સમયસર મદદ અને આશ્રય આપવામાં આવ્યો હતો.

તા. ૩/૦૧/૨૦૨૬ના રોજ પીડિત મહિલાએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર ફોન કરી જણાવ્યું હતું કે તેઓ પોતાના પતિને શોધવા માટે દિલ્હીથી પાલીતાણા આવ્યા છે, પરંતુ પતિનો કોઈ સંપર્ક થઈ રહ્યો નથી અને તેઓ સંપૂર્ણ રીતે નિરાધાર સ્થિતિમાં છે. આથી પીડિતાને અભયમ ટીમની તાત્કાલિક મદદની જરૂર હતી. માહિતી મળતાની સાથે જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમના કાઉન્સેલર ચંદ્રિકા મકવાણા, પાયલોટ પ્રદીપભાઈ પરમાર તથા મહિલા કોન્સ્ટેબલ નિશાબા ગોહિલ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. સ્થળ પર પહોંચ્યા બાદ પીડિતાની વિગતવાર વાતચીત અને પરિસ્થિતિની તપાસ કરવામાં આવી હતી.

પીડિતા બેન ત્રણ વર્ષના બાળક સાથે કડકડતી ઠંડીમાં પાલીતાણા બસ સ્ટેન્ડ વિસ્તારમાં બે રાતથી રહી રહ્યા હતા. તેમની પાસે દિલ્હી પરત જવા માટે ભાડાના પૈસા પણ ન હતા અને ગુજરાતમાં કોઈ સગા-સંબંધીઓ ન હોવાથી પીડિતા અત્યંત માનસિક તણાવમાં હતાં.

પીડિતાની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી અભયમ ટીમ દ્વારા તેમને તાત્કાલિક સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સલામત આશ્રય આપવામાં આવ્યો છે. આશ્રય સાથે પીડિતાને જરૂરી કાઉન્સેલિંગ આપવામાં આવી રહ્યું છે અને તેમના પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન તથા ઉકેલ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ગુજરાતમાં મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે સુરક્ષા, સહારો અને આશ્રયનું મજબૂત આધારસ્તંભ બની રહી છે. ■

# ભાવનગરમાં આંતર કોર્પોરેશન ક્રિકેટ ટૂર્નામેન્ટનો આજથી પ્રારંભ, ૭૦ લાખનો ખર્ચ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાતમાં દર વર્ષે આંતર મહાનગરપાલિકા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે, જેમાં જુદી જુદી મહાનગરપાલિકા દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાડવામાં આવે છે પરંતુ આ વર્ષે ભાવનગર મહાનગરપાલિકાના યજમાન પદે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ટૂર્નામેન્ટમાં લાખો રૂપિયાનો ખર્ચ થશે. મહાપાલિકા દ્વારા તૈયારીનો ધમધમાટ ચાલી રહ્યો છે.

ભાવનગર મહાનગરપાલિકાના યજમાન પદે આગામી તા. ૬ થી ૯ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન ઓલ ગુજરાત આંતર કોર્પોરેશન ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાડવામાં આવશે. આ ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે આશરે રૂ. ૭૦ લાખથી વધુનો ખર્ચ થશે. આ ખર્ચ માટે ખાનગી કંપનીઓ સહિતની પાસેથી ફંડ લેવામાં આવેલ છે અને જો રૂપિયા ઘટશે તો મહાપાલિકાના સ્વભંડોળમાંથી પણ ફંડ લેવામાં આવશે તેમ મહાપાલિકાના સૂત્રોએ જણાવેલ છે. ક્રિકેટ ટૂર્નામેન્ટ આડે હવે એક દિવસ રહ્યો છે તેથી મેદાન, સ્ટેજ સહિતની તમામ તૈયારીઓને આખરીઓપ આપવામાં આવી રહ્યો છે. આંતર મહાનગરપાલિકા ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ વગેરે મહાપાલિકાના કમિશનરની ૮ અને મેયરની ૮ ટીમ ભાગ લેશે. ■

# ભાવનગરના તળાજા નજીક ઉચડિયા હનુમાનજી ને ૧૧૧ કિલો બોર ધારાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા તાલુકાના ગોપનાથ જતા વચ્ચે આવતા ઉચડી ગામે ઉચડિયા હનુમાનજી બિરાજે છે.તળાવ ના કાંઠે અનુપમ કુદરતી સૌંદર્ય વચ્ચે ઉચડિયા હનુમાન દાદાના મંદિર ખાતે શનિવાર અને પુનમનો દાદા ને એપલ બોરનો વિશેષ ૧૧૧ કિલોનો શણગાર કરેલ અને શ્રી દાદા મહાદેવ સેવા ટ્રસ્ટ દ્વારા હનુમાન જયંતીથી શરૂ કરેલ અન્નક્ષેત્રમાં આજે ટૂંકા ગાળામાં જ ૪૦૦ થી વધુ નાના મોટા બાળકો,ભક્તો દર શનીવાર અને દર અમાસ ના દિવસે મહા પ્રસાદ લે છે અને ખુબ ટૂંકા સમય મા આ મારૂતી ધામનો ગોપનાથ મહાદેવ આવતા જતા સહુ વડિલો અમાસ ના દિવસે ખુબ મોટી સખ્યા માં દાદાના દર્શને આવે છે.

આમ મંદિરનો તળાવનો કાઠો ખુબ રમણીય છે અને તળાવમાં ૧૦૦ જેટલા મોટા કાચબાનુ વિશેષ આકર્ષણ છે. મંદિરના પટાગણમાં દરોજ માટે કબૂતરને એકસો કિલો જુવાર નાખવામાં આવે છે આ રીતે શ્રી દાદા મહાદેવ સેવા ટ્રસ્ટની ટુકડો ત્યા હરી ઢુકડો, ભક્તિ ભાવનાથી અનેક વિધ સેવાકાર્ય થઈ રહ્યા છે. ■